ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, CMTS બિલ્ડીંગ, ટેલિફોન એક્સચેન્જ, બિમાનગર,
જીવનધામ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

સમક્ષ

કેસ નં. ૪૬/૨૦૨૫

અરજદાર : શ્રી ભરતભાઇ તિલકરાજ શર્મા,
૦૨૨૯/૩/એ/૧, અશ્વમેધ સોસાયટી, સત્યમનગર પાસે, અમરાઇવાડી,
અમદાવાદ-૩૮૦૦૨૬. મો. નં.૯૯૦૪૨૪૦૨૬૭.

રજૂઆત કરનાર: શ્રી ભરતભાઇ તિલકરાજ શર્મા.
શ્રી યોગેન્દ્ર આર. અગ્રવાલ, અધિકૃત પ્રતિનિધિ.
શ્રી બાબુભાઇ આર. કણઝરીયા, અધિકૃત પ્રતિનિધિ.

વિરૂધ્ધ

સામાવાળા : મેનેજર,
ટોરેન્ટ પાવર લિમિટેડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

રજૂઆત કરનાર: શ્રી વિશાલ ઝવેરી, AGM, ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ.
શ્રી કેયુર સંઘવી, AGM, ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ.
શ્રી હિરેન્દ્ર પંડ્યા, મેનેજર, ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ.
જ્યોતિ શાહ, Exe., ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ.

::: **<u>રજૂઆત</u>** :::

૧.૦. અરજદારે, ટોરેન્ટ પાવર લિમિટેડ, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, અમદાવાદ(કોર્પોરેટ)નાં ફરિયાદ નં.સી/૦૯/૨૦૨૫-૨૬ અન્વયે અપાયેલ ચુકાદા નં.CGRF-AHD/C/09/2025-26/7175નાં તા.૧૪.૧૧.૨૦૨૫ થી નારાજ થઇ અત્રે રજૂઆત કરેલ છે. વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ નં.૪૨(૬) તથા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો, ૨૦૨૩ની કલમ નં.૩.૧૯ હેઠળ સદર રજૂઆતને આ ઓફિસમાં કેસ નં.૪૬/૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે. સદર કેસની સુનાવણી તા.૦૮.૦૧.૨૦૨૬નાં રોજ રાખવામાં આવેલ તથા સદર કેસની બીજી સુનાવણી તા.૧૬.૦૧.૨૦૨૬નાં રોજ રાખવામાં આવેલ.

૨.૦. અરજદારે નીચે મુજબ લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન રજૂઆત કરી.

૨.૧. અરજદાર દ્વારા તા.૦૨.૧૨.૨૦૨૫નાં રોજ પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

(૧) અરજદારે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ (કોર્પોરેટ) સમક્ષ તા.૧૦.૧૦.૨૦૨૫નાં રોજ નીચે મુજબની મુખ્ય ફરિયાદ કરેલ અને પ્રેયર માંગેલ છે.

(ક) અરજદારને સામાવાળા વીજ કંપનીએ તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮ શ્રી દર્શનસિંહ જાગીરસિંહનાં બાકી બિલ ઉપર ચુકવણીનાં વ્યાજ સાથે રૂ.૨,૧૫,૫૫૦.૭૨/- ચૂકવવા માટે નોટિસ આપેલ છે. જેની નકલ રજૂ કરેલ. જેથી અરજદારને આ ફોરમ સમક્ષ ફરિયાદ કરવાની ફરજ પડેલ. જે અંગે અરજદારની પ્રેયર નીચે મુજબ રજૂ કરેલ તથા સામાવાળાના જવાબ અંગે રજુઆત કરવાની તેમજ પ્રેયર ઉભી કરવાના હકને અબાધિત રાખેલ છે.

(ખ) અરજદાર જણાવે છે કે, સામાવાળા વીજ કંપની દ્વારા તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ આપેલ નોટિસ અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બિલ રૂ.૧,૯૫,૬૬૮.૮૨/- અરજદારનાં અન્ય ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા માટે નોટિસ આપેલ. જેની નકલ રજૂ કરેલ. જે અંગે અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ સામાવાળા વીજ કંપનીને પ્રતિઉત્તર આપેલ. જેની નકલ રજૂ કરેલ. જેમાં અરજદારે દિન સાતમાં પ્રત્યુત્તર આપવા જણાવેલ જેમાં અરજદારે નીચે મુજબ રજૂઆત કરેલ.

અરજદારે તેમના રેસીડેન્સ માટે ગ્રાહક નં.૧૪૩૦૯૧૧વાળી ઉપરોક્ત મિલકત તા.૧૧.૦૨.૨૦૧૯નાં રોજ ટેનામેન્ટ નં.૩/એ વાળી ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોરવાળી કુલ ૧૬૮ ચો.મી. વાળી મિલકત વેચાણ દસ્તાવેજથી ખરીદેલ છે આ પ્રીમાઇસીસમાં એક જ મીટર ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ આવેલ. જે અરજદારે વેચાણ દસ્તાવેજ પુરાવાના આધારે અરજદારનાં નામે નામફેર કરેલ છે.

તે પછી સામાવાળા વીજ કંપનીએ વર્ષ ૨૦૨૨માં અરજદારની પ્રીમાઇસીસમાં અગાઉ રહેલ સર્વિસ નં.૧૪૦૩૧૮૪નાં રૂ.૧,૨૫,૦૦૦/- બાકી હોવાના જણાવેલ, જે અરજદારે ભરપાઈ કરેલ. ત્યારબાદ તા.૨૩.૦૯.૨૦૨૩નો પત્ર નં.OD/NPB/૬૨૭૧ તા.૨૧.૧૦.૨૦૨૩નાં રોજ હેન્ડ ડિલિવરીથી આપેલ, જેમાં અરજદારે ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં વાળી મિલકતમાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ માંથી વીજ વપરાશ કરતા હોવાના કારણે ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં રૂ.૧૯૫૬૬૮.૮૨ અરજદારની સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા અંગે જણાવેલ. જે અંગે જણાવવાનું કે અરજદારે તા.૧૧.૦૨.૨૦૧૯નાં રોજ ટેનામેન્ટ નં.૩/એ વાળી ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર વાળી કુલ ૧૬૮ ચો.મી. વાળી મિલકત વેચાણ દસ્તાવેજથી ખરીદેલ છે જે વખતે આ પ્રીમાઇસીસમાં એક જ મીટર ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ આવેલ. જેમાંથી સમગ્ર પ્રિમાઇસીમાંથી વીજ વપરાશ કરવામાં આવતું. અરજદારે પણ તે મુજબ આ જ પ્રિમાઈસીસમાં વીજ વપરાશ કરેલ છે, આ પ્રિમાઇસિસમાં અરજદારે અન્ય કોઇ પ્રિમાઇસિસ ખરીદેલ નથી કે મર્જ કરેલ નથી,

જે મુજબ સામાવાળા વીજ કંપની, ટોરેન્ટ પાવરે જોઈ તપાસી અરજદારને નામ બદલી કરી આપેલ. જે માટે સપ્લાય કોડ ૨૦૧૫નાં ક્લોઝ નં.૪.૩૦માં નીચે મુજબ જોગવાઈ કરેલ છે.

4.30. An application for new connection, reconnection, addition or reduction of load, change of name or shifting of service line for any premises need not be entertained unless any dues relating to that premises or any dues of the applicant to the Distribution Licensee in respect of any other service connection held in his name anywhere in the jurisdiction of the Distribution Licensee have been cleared.
Provided that in case the connection is released after recovery of earlier dues from the new applicant and in case the licensee, after availing appropriate legal remedies, get the full or part of the dues from the previous consumer/owner or occupier of that premise, the amount shall be refunded to the new consumer/owner or occupier from whom the dues have been recovered after adjusting the expenses to recover such dues.

તા.૧૧.૦૨.૨૦૧૯નાં રોજ ટેનામેન્ટ નં.૩/એ વાળી ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોરવાળી કુલ ૧૬૮ ચો.મી. વાળી મિલકતનાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧નાં નામ ફેર બદલી વખતે ઉપરોક્ત ક્લોઝ નં.૪.૩૦ મુજબ જોઈ તપાસી અરજદારનું નામ ફેર બદલી કરી આપેલ. અરજદારે કરાવેલ નામ બદલી પહેલાનાં અન્ય કોઇપણ બાકી રકમની વસૂલાત અરજદાર પાસે કરી શકાય નહીં. આ બાકી રકમની વસૂલાત જે તે વખતનાં ગ્રાહક વ્યક્તિ પાસેથી વસૂલાત કરવી જોઇએ એવી અરજદારની નમ્ર અરજ છે.

તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ વખતે સામાવાળા વીજ કંપની જાણતા હતા કે અરજદારે ગ્રાહક નં.૨૧૯૬૬૮માં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ માંથી વીજ વપરાશ કરેલ છે. તેથી ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બિલની રકમ અન્ય ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં ઉધારવાની નોટિસ આપેલ. અરજદારનાં તા.૨૬.૧૦.૨૦૨૩ની કાયદેસરની રજૂઆતને કબૂલ મંજૂર રાખી સામાવાળા વીજ કંપનીએ કાયદાકીય પ્રત્યુત્તર આપેલ ન હતો અને સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બિલ રૂ.૧,૯૫,૬૬૮.૮૨/- સર્વિસ નં.૧૪૩૦૯૧૧મા ઉધારેલ ન હતાં. તેથી બે વર્ષ પછી ફરીથી તે મેટરને ઉભી કરી અનાધિકૃત વીજ વપરાશ કે ફરી બાકી બિલની માંગણી અરજદારની પાસે કરી શકાય નહીં અને કરે તો તે કોઇપણ રીતે માન્ય રાખી શકાય નહીં એવું અરજદારનું માનવું છે.

(ગ) અરજદારે ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં તા.૦૭.૧૨.૨૦૨૩નાં રોજ વીજ જોડાણમાં વધારો માંગેલ હતો આ જોડાણમાં વધારો આપવા માટે સામાવાળા વીજ કંપનીએ અરજદારની પાસે સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બીલની માંગણી કરી હતી જે અંગે અરજદારે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ. જે ફરિયાદ નં.૦૩/૨૦૨૪ તા.૦૫.૦૧.૨૦૨૪થી નોંધેલ હતી. આ ફરિયાદમાં સામાવાળા વીજ કંપની દ્વારા તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસની રજુઆત કરી ગ્રાહક નં.૨૧૯૬૬૮ વાળી જગ્યામાં સ.નં.૧૪૩૦૯૧૧ માંથી વીજ વપરાશ થતો હોવાથી ક્લોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બિલની રીકવરી અંગે

માંગણી કરેલ તેની સામે અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજનાં વાંધાની રજૂઆત કરેલ. બંને પક્ષની રજૂઆત ધ્યાને લઇ ગ્રાહક તકરાર નિવારણ ફોરમે સામાવાળા વીજ કંપનીની તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮૮ની બિલની સ.નં.૧૪૩૦૯૧૧માં રીકવરીને મંજૂરી આપેલ ન હતી ફક્ત ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં વીજ જોડાણમાં જોઇતો હોય તો ગ્રાહક નં.૨૧૯૬૬૮૮નાં બાકી બીલની રકમ ભરપાઇ કર્યેથી વીજ જોડાણમાં વધારો આપવા નિર્ણય આપેલ, જે સામાવાળા વીજ કંપનીએ સ્વીકારેલ છે. છતાં સામાવાળા વીજ કંપનીએ ફરીથી તેની તેજ તકરાર તા.૦૩.૧૦.૨૦૨૫ની નોટિસથી ઉપસ્થિત કરી ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ફરિયાદ નં.૦૩/૨૦૨૪ હુકમનું અપાલન કરેલ છે.

(ઘ) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ ફરિયાદ નં.૦૩/૨૦૨૪નાં હુકમ વિરૂધ્ધ અરજદારની પાસે ગ્રાહક નં.૨૧૯૬૬૮૮ના બાકી બિલની રકમ માંગી શકાય નહીં.

(ઙ) અરજદારની જાણ મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮૮ની ડ્યુ ડેટ જુન ૨૦૧૭ હતી જે વખતે અરજદાર માને છે કે, આશરે પંદર હજાર બિલ બાકી રહ્યું હશે. તે વખતે ઈ.એ. ૨૦૦૩નાં સેક્શન ૫૬(૧) મુજબ નોટિસ આપી વીજ જોડાણ કપાત કરવાનું થાય છે તે મુજબ સામાવાળા વીજ કંપનીએ પ્રથમ જોડાણ કપાત માટે તા.૧૬.૦૬.૨૦૧૭નાં રોજ પ્રયત્ન કરેલ પણ સામાવાળા વીજ કંપનીએ મંજૂરી આપેલ ન હતી. તે પછી સતત તા.૨૮.૦૯.૨૦૧૭, તા.૦૧.૧૨.૨૦૧૭, તા.૩૧.૦૧.૨૦૧૮, તા.૦૪.૦૪.૨૦૧૮, તા.૦૧.૦૬.૨૦૧૮, તા.૩૧.૦૭.૨૦૧૮, તા.૦૪.૧૦.૨૦૧૮ સુધી ગ્રાહકે વીજ જોડાણ કપાત કરવાની મંજૂરી આપેલ ન હતી અંતે તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ આશરે અઢાર મહિના પછી સામાવાળા વીજ કંપનીએ જોડાણ કપાત કરેલ છે. ગ્રાહક મંજૂરી આપે તો વીજ જોડાણ કાપવું તેવી કાયદામાં કોઇ જોગવાઈ નથી અને જો કોઈ આવી જોગવાઈ હોય તે સ્પષ્ટ કરાવવા નમ્ર અરજ કરેલ.

(ચ) તા.૧૯.૦૬.૨૦૧૭નાં રોજ પ્રથમ વખતે વીજ જોડાણ કપાત કરવા માટે ગ્રાહક દ્વારા રોકવામાં આવતા સામાવાળા વીજ કંપનીએ વધુ બિલના ચડે તે માટે તાત્કાલિક ધોરણે સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૧૧૨ અને ૪.૧૧૩ અન્વયે પોલિસ પ્રોટેક્શન લઇ જોડાણ કપાત કરેલ હોત તો એટલી મોટી રકમ ચડી ન હોત પણ સામાવાળા વીજ કંપનીએ તે મુજબ કોઇ કાર્યવાહી કરેલ ન હોવાથી તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ આશરે અઢાર મહિના સુધી વીજ બિલ ચડીને રૂ.૧,૨૮,૮૭૦/- થયેલ છે. જેના માટે ફક્ત અને ફક્ત લાઇસન્સી જવાબદાર છે. સામાવાળા વીજ કંપનીએ અઢાર મહિના સુધી ક્લોઝ નં.૪.૧૧૩ અન્વયે પોલિસ પ્રોટેક્શન લઇ સમયસર વીજ જોડાણ નહીં કાપી સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૧૧૩ નું અપાલન કરેલ છે.

(છ) પ્રથમ ડ્યુ થયેલ બિલથી જોડાણ કપાત સુધીના તમામ બિલની નકલ રજૂ કરાવવા અરજદારની નમ્ર અરજ છે.

(જ) માનવા ખાતર માની લઈએ કે જુના ગ્રાહકનાં બિલની રકમ અરજદારે ભરવાને પાત્ર થાય તો સામાવાળા વીજ કંપનીએ બીલની વધુ રકમ નાં ચડે તે માટે ક્લોઝ નં.૪.૧૧૩ મુજબ પોલીસ પ્રોટેક્શન લઇ જોડાણ કપાત કરવાની સામાવાળા વીજ કંપનીની ડ્યુટી

છે પણ ડ્યુટી નાં નિભાવતા સતત અઢાર મહિના સુધી બિલ ચડીને રૂ.૧,૨૮,૮૭૦/- થયેલ છે. જેના માટે ફક્ત અને ફક્ત સામાવાળા વીજ કંપની જવાબદાર છે. તેથી ડ્યુ ડેટ પછીનાં બિલ માટેની જવાબદારી અરજદારની ઉપર થોપી શકાય નહીં અને જો અરજદારે જૂના ગ્રાહકની બીલની ભરપાઈ કરવાની થતી હોય તો પણ ડ્યુ ડેટ તા.૧૯.૦૬.૨૦૧૭ પછીના ફક્ત ત્રીસ દિવસ સુધીના બિલ અંગેની જવાબદારી અરજદારની થાય.

(ઝ) ગ્રાહક નં.૨૧૯૬૬૮નું જોડાણ કપાત વર્ષ ૨૦૧૯માં થયેલ છે જોડાણ કપાત પછી લિમિટેશન એક્ટ હેઠળની સમય મર્યાદામાં CPC હેઠળ સામાવાળા વીજ કંપની દ્વારા જૂના ગ્રાહક પાસે વસૂલાત માટે કોઇ કાર્યવાહી કરેલ નથી. તેથી લિમિટેશનની મર્યાદા પછી જૂના ગ્રાહકની વસુલાત અરજદારની જોડે કરી શકાય નહીં. નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં.૧૨૬૨૪/૨૦૦૫ જય મહાકાળી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિરુદ્ધ પી.જી.વી.સી.એલ.માં લિમિટેશન એક્ટની સમય મર્યાદામાં સિવિલ સૂટ દાખલ કરેલ નાં હોઈ નવા ગ્રાહક પાસે જુના ગ્રાહકની રિકવરીને માન્ય રાખેલ નથી જેની વિરુદ્ધ થયેલ LPA ૧૫૧૮/૨૦૦૬માં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં.૧૨૬૨૪/૨૦૦૫માં અપાયેલ નિર્ણયને નામદાર ડિવીસન બેન્ચે ગ્રાહ્ય રાખેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ પિટિશન K.C. Ninan vs Kerala State Electricity Board & Ors. on 19 MAY, 2023 ઓર્ડરના item ૧૦૧.૮: માં Paschim Gujart Vij Company Limited Vs Sarifaben Mehboobbhai Solanki, SLP (C) NO. 13400/2018 પેરા નં.૨૯૭માં નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ડિવિઝન બેન્ચે LPA ૧૫૧૮/૨૦૦૬માં આપેલ નિર્ણયને માન્ય રાખેલ છે તે મુજબ અરજદારનાં કેસમાં પણ સામાવાળા વીજ કંપની દ્વારા સિવિલ સુટ દાખલ કરેલ નાં હોઈ અને લિમિટેશન એક્ટની મર્યાદા પૂર્ણ થયેલ હોવાથી ગ્રાહક નં.૨૧૯૬૬૮ દર્શનસિંહ જાગીરસિંહનાં બાકી લેણાં અરજદાર પાસેથી વસુલી શકાય નહીં.

નામદાર સુપ્રીમ કોર્ટનાં પેરા નં.૨૯૭ નીચે મુજબ રજૂ કરેલ.

297. It is important to reiterate that the appellant had also denied an electricity connection to JMIPL, the predecessor-in-title of respondent. However, JMIPL filed a petition under Article 226, which was allowed by a Single Judge of the High Court. The appellant filed a Letters Patent appeal, which was dismissed by the Division Bench of the High Court by a judgment dated 04 April 2014 on the ground of limitation. The Ombudsman, in its order dated 30 March 2015, based its decision on this judgment of the Division Bench. The judgment dated 04 April 2014 attained finality. The right of the respondent to receive supply of electricity stood crystallised on the judgment attaining finality upon the dismissal of the Special Leave Petition filed by the appellant. Therefore, the order passed by the Ombudsman, and the subsequent orders passed by the High Court affirming the decision of the Ombudsman, do not suffer from any infirmity. The impugned judgment of the High Court is upheld for that reason. The appeal shall stand dismissed.

(ઝ) સિવિલ પ્રોસિજર કોડનો કાયદો કેન્દ્ર સરકાર દ્વારા બંધારણ હેઠળ બનાવેલ છે જે બાકી કોઇપણ રકમની વસૂલાત માટે લાગુ પડે છે તેમજ લિમિટેશન એક્ટને વંચાણે લેતા ત્રણ વર્ષમાં દાવો કરવો જરૂરી હોય છે. ઈ.એ. ૨૦૦૩નાં સેક્શન ૧૭૫ મુજબ એક્ટ એ પ્રવર્તમાન અન્ય કાયદાને DEROGAT કરતો નથી. સપ્લાય કોડ ક્લોઝ નં.૯.૨૦ મુજબ સપ્લાય કોડ એ કોઇપણ એક્ટ અને લો હેઠળના ગ્રાહક અને લાયસન્સીના હક્કને ઘટાડતો નથી. ક્લોઝ નં.૪.૩૦ જુના ગ્રાહકનાં રૂપિયા નવા ગ્રાહક પાસે વસુલાત કરવાનો હક્ક આપે છે અને જુના ગ્રાહક પાસેથી બિલની વસૂલાત થાય તો ખર્ચ કાપી નવા ગ્રાહકને રૂપિયા પરત કરવાનું જણાવે છે. જો ગ્રાહક નં.૨૧૯૬૬૮ દર્શનસિંહ જાગીરસિંહ બાકી બિલની અરજદાર ભરપાઈ કરે તો ક્લોઝ નં.૪.૩૦ અન્વયે તે રકમ જૂના ગ્રાહક પાસેથી વસુલાત થાય તો ખર્ચ કાપી અરજદારને પરત કરવાનાં રહે છે પણ સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક નં.૨૧૯૬૬૮ દર્શનસિંહ જાગીરસિંહ પાસે બિલની વસૂલાત માટે સિવિલ સૂટ દાખલ કરેલ ન હોવાથી લિમિટેશન એક્ટની સમય મર્યાદા જતી રહી હોવાથી હવે તેની વિરુદ્ધ દાવો કરી વસુલાત થઈ શકે નહીં તેથી ગ્રાહક નં.૨૧૯૬૬૮ દર્શનસિંહ જાગીરસિંહ પાસે બિલની રકમ વસૂલાત થઈ અરજદારને પરત મળશે નહીં જેથી ક્લોઝ નં.૪.૩૦ અન્વયે અરજદારને તેઓના રૂપિયા પરત મેળવવાનો રાઈટ પ્રિજ્યુડાઇઝ થાય છે તો અરજદારને તેઓના રૂપિયા કઈ રીતે પરત મળી શકાશે તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

Section 175 (Provisions of this Act to be in addition to and not in derogation of other laws):
The provisions of this Act are in addition to and not in derogation of any other law for the time being in force.

4.30 An application for new connection, reconnection, addition or reduction of load, change of name or shifting of service line for any premises need not be entertained unless any dues relating to that premises or any dues of the applicant to the Distribution Licensee in respect of any other service connection held in his name anywhere in the jurisdiction of the Distribution Licensee have been cleared.
Provided that in case the connection is released after recovery of earlier dues from the new applicant and in case the licensee, after availing appropriate legal remedies, get the full or part of the dues from the previous consumer/owner or occupier of that premise, the amount shall be refunded to the new consumer/owner or occupier from whom the dues have been recovered after adjusting the expenses to recover such dues.

9.20 The provisions under this code shall be read and construed as being subject in all respects to the provisions of the Electricity Act, 2003 and the Rules made there under, besides any restrictions and control orders that may be in force. Nothing herein above contained in these Regulations shall abridge or prejudice the rights or remedies of the Distribution Licensee and the consumer under any Act or Laws in force.

(૮) સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૩૦માં જુના ગ્રાહક પાસેથી વસૂલાત માટે થયેલ ખર્ચ કાપી બાકીની રકમ નવાં ગ્રાહકને આપવાની જોગવાઈ કરેલ છે. તો સામાવાળા વીજ કંપનીએ શા માટે સિવિલ સૂટ દાખલ ન કરવી જોઈએ?

(૯) ઈ.એ. ૨૦૦૩ના સેક્શન ૫૬(૧) મુજબ નોટિસ પછી બિલની વસુલાત માટે સપ્લાય કાપવો જોઇએ અને સપ્લાય કાપી ન શકાયું હતું તો તરત જ સિવિલ સૂટ દાખલ કરવી જોઈતી હતી પણ સામાવાળા વીજ કંપનીએ તે પ્રક્રિયા નહીં આચરી ઈ.એ.૨૦૦૩નાં સેક્શન ૫૬(૧)નું અપાલન કરેલ છે. જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

Section 56. (Disconnection of supply in default of payment): -- (1) Where any person neglects to pay any charge for electricity or any sum other than a charge for electricity due from him to a licensee or the generating company in respect of supply, transmission or distribution or wheeling of electricity to him, the licensee or the generating company may, after giving not less than fifteen clear days' notice in writing, to such person and without prejudice to his rights to recover such charge or other sum by suit, cut off the supply of electricity and for that purpose cut or disconnect any electric supply line or other works being the property of such licensee or the generating company through which electricity may have been supplied, transmitted, distributed or wheeled and may discontinue the supply until such charge or other sum, together with any expenses incurred by him in cutting off and reconnecting the supply, are paid, but no longer:
Provided that the supply of electricity shall not be cut off if such person deposits, under protest, -
(a) an amount equal to the sum claimed from him, or
(b) the electricity charges due from him for each month calculated on the basis of average charge for electricity paid by him during the preceding six months,
whichever is less, pending disposal of any dispute between him and the licensee.

(૨) અરજદારની ઉપરોક્ત રજૂઆતોને ધ્યાનમાં લઇ નીચે મુજબ પ્રેયર અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૧) અરજદારની રજૂઆત મુજબ બે વર્ષ અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બીલ રૂ.૧,૯૫,૬૬૮.૮૨ અરજદારનાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા માટે આપેલ નોટિસ બદલ અરજદારનાં તા.૨૬.૧૦.૨૦૨૫નાં રોજ આપેલ પ્રતિઉત્તરને કબૂલ મંજૂર રાખી ઉધારેલ ન હતા તેથી બે વર્ષ પછી ફરી તે બાબત ઉભી કરી અરજદાર પાસે સ.નં.૨૧૯૬૬૮નાં બિલની માંગણી કરી શકાય નહીં, તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૨) અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ ફરિયાદ નં.૦૩/૨૦૨૪માં સામાવાળા વીજ કંપનીની તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ અને તે અંગે અરજદારનાં તા.૨૬.૧૦.૨૦૨૩નાં વાંધાને ધ્યાને લઇ ગ્રાહક તકરાર નિવારણ ફોરમે નિર્ણય આપી દીધેલ છે તેથી બે વર્ષ પછી ફરીથી તેની તેજ બાબત ઉપસ્થિત કરી સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ફરિયાદ નં.૦૩/૨૦૨૪ હુકમનું અપાલન કરેલ છે, તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૩) સામાવાળા વીજ કંપનીએ અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ આપેલ નોટિસ અંગે ફરિયાદ નં.૦૩/૨૦૨૪માં નિર્ણય અપાઈ ગયેલ છે તેથી સિમિલર બાબતની બે વર્ષ પછી ફરીથી સામાવાળા વીજ કંપનીએ આપેલ તા.૦૩.૧૦.૨૦૨૫ની નોટિસને રદ્દ કરવાનો નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૪) સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક નં.૨૧૯૬૬૮નું બીલની ડ્યુ ડેટ પછી સતત અઢાર મહિના સુધી જોડાણ નહીં કાપી કે સિવિલ સૂટ દાખલ નહીં કરી ઈ.એ.૨૦૦૩નાં સેકશન ૫૬(૧)નું અપાલન કરેલ છે કે કેમ? તે અંગે નિર્ણય આપવા અરજદારની નમ્ર અરજ કરેલ.

(૫) સામાવાળા વીજ કંપનીને ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં ગ્રાહકે વીજ જોડાણ કાપવા માટે મંજૂરી આપેલ ન હતી. તેથી ગ્રાહક પાસે જોડાણ કાપવા માટે મંજૂરી લેવા માટે કાયદામાં કોઇ જોગવાઈ છે કે કેમ? તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૬) સામાવાળા વીજ કંપનીને ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં ગ્રાહકે વીજ જોડાણ કાપવા માટે મંજૂરી આપેલ ન હતી તો સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૪.૧૧૨ અને ૪.૧૧૩ હેઠળ પોલીસ પ્રોટેક્શન લઇ જોડાણ કપાત કરવું જોઈતું હતું કે નહીં? તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૭) સામાવાળા વીજ કંપનીને ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં ગ્રાહકે વીજ જોડાણ કાપવા માટે મંજૂરી આપેલ ન હતી તો સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૪.૧૧૩ હેઠળ પોલીસ પ્રોટેક્શન લઇ અઢાર મહિના સુધી જોડાણ કપાત નહીં કરી ક્લોઝ નં.૪.૧૧૩નું અપાલન કરેલ છે કે કેમ? તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૮) અરજદારની રજુઆત મુજબ સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં ગ્રાહક સામે સિવિલ પ્રોસીજર કોડની પ્રક્રિયા આચરેલ નાં હોઈ LPA ૧૫૧૮/૨૦૦૬માં આપેલ હુકમ મુજબ અરજદાર પાસે જુના ગ્રાહકનાં રૂપિયા વસૂલી શકાય નહીં, જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૯) સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક નં.૨૧૯૬૬૮ શ્રી દર્શનસિંહ જાગીરસિંહ પાસે બિલની વસૂલાત માટે સિવિલ સૂટ દાખલ કરેલ નથી તેથી જો ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બિલનાં રૂપિયા અરજદાર ભરે તો પણ સિવિલ સૂટ વગર શ્રી દર્શનસિંહ જાગીરસિંહ પાસે બિલની વસૂલાત થવાની નથી અને ભરેલ રૂપિયા અરજદારને પરત મળશે નહીં જેથી ક્લોઝ નં.૪.૩૦ અન્વયે અરજદારને તેમના રૂપિયા પરત મેળવવાનો રાઈટ પ્રીજ્યુડાઇઝ થાય છે તો અરજદારને તેમના રૂપિયા કઈ રીતે પરત મળી શકશે, તે અંગેનો નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૧૦) સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૩૦માં જુના ગ્રાહક પાસેથી વસૂલાત માટે થયેલ ખર્ચ કાપી બાકીની રકમ નવાં ગ્રાહકને આપવાની જોગવાઈ કરેલ છે. તો સામાવાળા વીજ કંપનીએ શા માટે સિવિલ સૂટ દાખલ ન કરવી જોઇએ, તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૧૧) સામાવાળા વીજ કંપનીએ સ.નં.૨૧૯૬૬૮નું ક્લોઝ નં.૪.૧૧૩નું પાલન નહીં કરતા અઢાર મહીને બિલ ચડીને રૂ.૧,૨૮,૮૭૦/- થયેલ છે. જે માટે સામાવાળા વીજ કંપની જવાબદાર હોઈ જો અરજદારે બિલ ભરવાનું થાય તો પણ ડ્યુ ડેટ પછીનાં બિલ

અરજદારની ઉપર થોપી શકાય નહીં અને અરજદારે ફક્ત ડ્યુ ડેટ તા.૧૯.૦૬.૨૦૧૭ પછીના ૩૦ દિવસ સુધી બિલ ભરવાનું થાય, જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૩) અરજદારે સામાવાળા વીજ કંપનીનાં તા.૨૯.૧૦.૨૦૨૫નાં રોજનાં જવાબ અંગે તા.૦૩.૧૧.૨૦૨૫નાં રોજ નીચે મુજબ વધારાની રજૂઆત કરેલ છે.

(૧) અરજદારે તા.૧૦.૧૦.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપનીનાં સેન્ટર ઉપર ફરિયાદ કરેલ છે ફરિયાદ સ્વીકારી ફરિયાદને લગતા વિભાગને ઈમેલ કરવામાં આવે છે તેમજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા પણ મેલ કરવામાં આવે છે. આમ, સામાવાળા વીજ કંપનીને અરજદારની ફરિયાદની તા.૧૦.૧૦.૨૦૨૫નાં રોજથી જાણ હતી તે પછી ફોરમે તા.૧૫.૧૦.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપનીને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ ૨૦૧૯નાં ક્લોઝ નં.૨.૩૭ અન્વયે દિન સાતમાં પેરાવાઇસ જવાબ આપવા જાણ આપેલ છે છતાં સામાવાળા વીજ કંપનીએ તા.૨૮.૧૦.૨૦૨૫નાં રોજ ફરિયાદનાં આશરે ૧૮ દિવસ પછી અને ગ્રાહક તકરાર નિવારણ ફોરમે આપેલ જાણના આશરે તેર દિવસ પછી જવાબ રજૂ કરેલ છે જે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ ૨૦૧૯નાં ક્લોઝ નં.૨.૩૭નું અપાલન થાય છે તેથી સામાવાળા વીજ કંપનીને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ ૨૦૧૯નાં ક્લોઝ નં.૨.૩૭નું પાલન કરવાની સુચના આપવા નમ્ર અરજ કરેલ.

(૨) સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ફરિયાદ નં.૦૩/૨૦૨૪નો ઉલ્લેખ અત્રે કરેલ છે જે અંગે અરજદારે તેમની મુખ્ય ફરિયાદમાં રજૂઆત કરેલ છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષની ફરિયાદ નં.C/૦૪/૨૦૨૫-૨૬ સ.નં.૧૪૦૩૧૮૪માં વસુલેલ રૂપિયા રીફંડ બાબતની હતી, વધુમાં નામદાર વિદ્યુત લોકપાલમાં કેસ નં. ૩૩/૨૦૨૫માં રીવ્યુ અપીલ થયેલ છે, જેની નોંધ લેવા નમ્ર અરજ કરેલ.

અરજદારની ફરિયાદ સામાવાળા વીજ કંપનીએ અરજદારને તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮ શ્રી દર્શનસિંહ જાગીરસિંહનાં બાકી બીલ ઉપર ચુકવણીના વ્યાજ સાથે રૂ.૨,૧૫,૫૫૦.૭૨ ચુકવવા માટે નોટીસ આપેલ છે જે માટે અરજદારે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરવા હક્કદાર છે. તેથી તેમની ફરિયાદ મેન્ટનેબલ છે.

(૩) ત્રણેય સર્વિસ નંબર ગ્રાહકનું નામ, જગ્યાનું સરનામુ, કરવેરા નંબર બતાવેલ છે સામાવાળા વીજ કંપનીએ જે તે સમય ગ્રા.નં.૨૧૯૬૬૮ થી 3/Aવાળી પ્રીમાઈસિસમાં સેક્રેટરી અશ્વમેધ સોસા. અને પછી શ્રી દર્શનસિંધ જાગીરસિંધના નામે કરેલ છે, ૧૪૦૩૧૮૪ થી 3/A FF પ્રીમાઈસિસમાં શ્રી અવતારસિંધ જાગીરસિંહનાં નામે અને સ.નં.૧૪૦૩૦૯૧૧ થી 3/A/1 પ્રીમાઈસિસમાં શ્રી કુલદીપસિંહ દર્શનસિંહ સીખ એમ કુલ ત્રણ અલગ અલગ વીજ જોડાણો કાયદેસર રીતે વિભાજીત પ્રીમાઈસિસમાં અલગ અલગ નામે ફાળવેલ હોવાનું જણાવેલ છે જે લાયસંસીએ કોષ્ટકમાં રજુ કરેલ છે પણ જુદી જુદી સર્વિસનાં અરજીપત્રક, તેમજ જોડાણ માટે ગ્રાહકે રજુ કરેલ પુરાવાઓ રજુ કરવા જોઈતા હતા જે રજુ કરેલા નથી તેથી તે રેકર્ડ ઉપર રજુ કરાવવા નમ્ર અરજ કરેલ.

સ.નં.૧૪૦૩૦૯૧૧ ગ્રાહક શ્રી કુલદીપસિંહ દર્શનસિંહ શીખને સેપરેટ પ્રિમાઇસિસ 3/A/1નાં નામ બદલી વખતે માલિકી પુરાવા રૂપે ફરિયાદી તરફથી સદર વેચાણ દસ્તાવેજની ઇન્ડેક્સની નકલ રજૂ કરી કુલદીપસિંહ દર્શનસિંહ સીખથી ભરતભાઈ તિલકરાજ શર્માનાં નામે નામ બદલી કરેલ હોવાનું જણાવેલ છે. સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૬૪માં પુરાવા જોવા તપાસવાની અને ખૂટતા પુરાવા માંગવાની જવાબદારી સામાવાળા વીજ કંપનીની છે. સર્વિસ ૧૪૩૦૯૧૧નાં નામ બદલી માટે ફરિયાદીએ રજૂ કરેલ ઇન્ડેક્સમાં ગ્રાહક શ્રી કુલદીપસિંહ દર્શનસિંહ સીખનાં નામનું ઉલ્લેખ નથી તેમજ આ સર્વિસની સેપરેટ પ્રીમાઈસિસ 3/A/1નો ઉલ્લેખ પણ નથી તેથી ઇન્ડેક્સ ઉપર સ.નં.૧૪૩૦૯૧૧નું નામ બદલી થઈ શકે નહિ તો સામાવાળા વીજ કંપનીએ ક્યાં માલિકી પુરાવાના આધારે / કઈ રીતે આ નામ બદલી કરી આપેલ છે? તે અરજદાર સમજી શકતા નથી.

સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૧૬માં માલિકી/કબજેદારનાં પુરાવા તરીકે ઇન્ડેક્સની જોગવાઈ કરેલ નથી Copy of registered sale deed ની જોગવાઈ કરેલ છે તેથી ઇન્ડેક્સ ઉપર નામ બદલી કરી શકાય નહિ તેથી ઇન્ડેક્સમાં ગ્રાહક શ્રી કુલદીપસિંહ દર્શનસિંહ સીખનાં નામનું તેમજ આ સર્વિસની સેપરેટ પ્રીમાઈસિસ 3/A/1નો ઉલ્લેખ પણ ન હોવા છતાં નામ બદલી કરી આપી સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૪.૧૬નું અપાલન કરેલ છે જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

ઇન્ડેક્સ ઉપર નામ બદલી કરી આપવા માટે ક્લોઝ નં.૪.૧૬માં જોગવાઈ નથી. સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૧૬ અન્વયે Copy of registered sale deed ઉપર નામ બદલી કરવાની જવાબદારી સામાવાળા વીજ કંપનીની હતી તેથી નામ બદલી Copy of registered sale deed ઉપર કર્યું હોત તો સર્વિસનાં બાકી લેણાં અંગે અરજદારને જાણ થઇ ગઈ હોત અને અરજદારે તેજ વખતે બંને સર્વિસનાં રૂપિયા વેચાણ આપનાર પાસે વસુલી લીધા હોત અરજદારને આર્થિક રીતે નુકશાન ન થયું હોત અને અત્રે આ તકરાર ઉપસ્થિત થઈ નાં હોત પણ સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૪.૧૬નું અપાલન કરેલ છે જેના કારણે આ તકરાર ઉભી થયેલ છે જેના માટે ફક્ત અને ફક્ત સામાવાળા વીજ કંપની જવાબદાર હોઈ અરજદારની પાસે વસુલાત કરી શકાય નહિ, જેને ધ્યાને લઇ નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

4.16 Any of the following documents shall be considered as acceptable proof of ownership or occupancy of premises:

(1) Copy of registered sale deed or lease deed or in the case of agricultural connections a copy of 7/12, 8-A and hakk patrak (6-A);
(2) Latest Municipal tax receipt or Demand notice or any other related document,
(3) Letter of allotment;
(4) Ownership Certificate issued by village level Government functionary,
(5) An applicant who is not an owner but an occupier of the premises shall, along with any one of the documents listed at (1) to (3) above, also furnish a No Objection Certificate from owner of the premises except lease

holder where long lease is granted for premises. Where the NOC from the owner of the premises is not available due to any reason(s), new connection be allowed on the basis of submission of indemnity bond prescribed by the Distribution Licensee to indemnify the Distribution Licensee against losses on account of disputes that may arise out of effecting service connection to him.

4.64 The Licensee shall verify the application form along with enclosed documents and if found deficient, shall issue a written note on the spot regarding shortcomings in the application form. If the application form is complete, the licensee shall acknowledge its receipt by accepting registration charge as per GERC (Licensees power to recover expenditure and other miscellaneous charges) Regulations, 2005, as amended from time to time.

(૪) સામાવાળા વીજ કંપનીએ સ.નં.૧૪૩૦૯૧૧માં કરવેરા નં.૦૪૧૦૧-૦૭-૦૨૦૬-૦૦૦૨-L અને ૦૪૧૦૧-૦૭-૦૨૦૬-૦૦૦૩-J બતાવેલ છે જેની નકલ રજૂ કરેલ છે. જેનો એરિયા અનુક્રમ ૧૯.૦૨ sq mt અને ૧૦૪.૭૭ sq mt મળી કુલ ૧૨૩.૭૯ sq mt થાય છે જ્યારે ઇન્ડેક્સમાં કુલ એરિયા ૧૬૮ sq mt બતાવેલ છે. તેથી ટેક્સ બીલ સિવાયનો એરિયા ઇન્ડેક્સમાં કઈ રીતે વધે છે તે ક્લોઝ નં.૪.૬૪ હેઠળ જોવા તપાસવાની જવાબદારી સામાવાળા વીજ કંપનીની હતી. અને તે માટે ક્લોઝ નં.૪.૧૬ અને ક્લોઝ નં.૪.૬૪ અન્વયે વેચાણ દસ્તાવેજ માંગવાની જવાબદારી સામાવાળા વીજ કંપનીની હતી. સામાવાળા વીજ કંપનીએ અરજદારને સ.નં.૧૪૩૦૯૧૧નું નામ બદલી ઈન્ડેક્સ ઉપર કરી આપી ઈન્ડેક્સનાં જણાવેલ ૧૬૮ sq mt એરિયામાં સ.નં. ૧૪૩૦૯૧૧ માંથી પાવર વાપરવા માટે મંજુરી આપેલ છે. તેથી અરજદાર હવે ૧૬૮ sq mt એરિયામાં ક્લોઝ ૮.૫ મુજબ અનાધિકૃત ઉપયોગ કરે છે તે માન્ય રાખી શકાય નહિ નામ બદલી કરી આપ્યા પછી રીકવરી કરવાની કોઈ જોગવાઈ નથી એવી અરજદારે નમ્ર અરજ કરેલ.

(૫) સ.નં.૧૪૩૦૯૧૧નાં નામ બદલી માટે રજૂ કરેલ ઇન્ડેક્સમાં કપાયેલ સ.નં ૨૧૯૬૬૮ની પ્રીમાઈસિસ ૩/એ અને સ.નં.૧૪૦૩૧૮૪ની પ્રીમાઈસિસ 3/A/FFનો ઉલ્લેખ હતો તેથી તેના બીલ અંગે સામાવાળા વીજ કંપનીની અત્યાધુનિક કોમ્પ્યુટરરાઈઝ સિસ્ટમમાં જોવા તપાસવાની જવાબદારી સામાવાળા વીજ કંપનીની હતી સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૪.૩૦ અન્વયે અરજદારને ૧૬૮ sq mt એરિયા માટે સ.નં.૧૪૩૦૯૧૧નું નામ બદલી કરી આપેલ છે. તેથી નામ બદલી કરી આપ્યા પછી નામ બદલી કરી આપેલ ૧૬૮ sq mt એરિયાનું કોઈ પણ લેણું વસુલવાની કાયદામાં કોઈ જોગવાઈ નથી એવી અરજદારની નમ્ર અરજ છે.

(૬) બીલ બાકી હોવાના કારણે પ્રથમ ઈ.એ. ૨૦૦૩નાં સેક્સન ૫૬(૧) અને સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૩(૧) અન્વયે હંગામી જોડાણ કપાત કરવાનું હોય છે હંગામી જોડાણ કપાત પછી બાકી બીલ ઉપર DPC અને મીનીમમ ચાર્જીસનું બીલ સતત છ મહિના સુધી મોકલવાનું હોય છે તેમજ હંગામી જોડાણ કપાત પછી PDC માટે સપ્લાય કોડ ક્લોઝ

નં.૮.૬ હેઠળ નોટીસ મોકલવાની હોય છે અને નોટીસ પીરીયડ પૂર્ણ થતા PDC કરવાનું હોય છે.

સામાવાળા વીજ કંપનીએ સદર કમ્પાઉન્ડમાં આવેલ બે વીજ જોડાણોમાં બીલની ભરપાઈ થયેલ ન હોઈ તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ વીજ જોડાણો સ્થગિત કરી હંગામી જોડાણ કપાત કરેલ હોવાની રજૂઆત કરેલ છે પણ છ મહિના સુધી મીનીમમ ચાર્જીસનું બીલ મોકલાવેલ નથી તેમજ કાયમી જોડાણ કપાત માટે સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૬ હેઠળ નોટીસ આપેલ હોવાની વિગત/નોટિસ રજૂ કરેલ નથી તેમજ કાયમી જોડાણ કપાત કર્યાની તારીખ જણાવેલ નથી, જેનાથી એવું તારણ કાઢવાને પાત્ર થાય છે કે સામાવાળા વીજ કંપનીએ PDC કરવા માટે ક્લોઝ નં.૮.૬ અન્વયે PDCની નોટિસ આપેલ નથી તેમજ ક્લોઝ નં.૮.૬ મુજબ PDC નહીં કરી ક્લોઝ નં.૮.૬નું અપાલન કરેલ છે. જેને ધ્યાને લઇ તે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

સામાવાળા વીજ કંપનીએ તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ વીજ જોડાણનું હંગામી જોડાણ કપાતનાં આશરે વીસમાં દિવસે વેચાણ અને કબજો લીધેલ છે જો સતત છ મહિના સુધી મિનિમમ ચાર્જીસનું બિલ મોકલાવેલ હોત તેમજ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૬ હેઠળ PDC માટે નોટિસ મોકલાવેલ હોત તો બાકી બિલ અંગેની અરજદારને જાણ થઈ ગઈ હોત અને અરજદારે મૂળ માલિક પાસે વસૂલાત કરી જે તે સમય સામાવાળા વીજ કંપનીને ભરપાઈ કરી દીધી હોત પણ સામાવાળા વીજ કંપનીએ ઉપરોક્ત કોઇ પણ કાયદેસરની પ્રક્રિયા આચરેલ ન હોવાથી આ તકરાર ઉપસ્થિત થયેલ છે જેના માટે સામાવાળા વીજ કંપની દોશી છે તેથી અરજદારને નામ બદલી કરી આપ્યા પછી હવે પાંચ વર્ષ પછી ઇન્ડેક્સ મુજબની ૧૬૮ sq mt જગ્યાનાં કોઇ પણ બિલની અરજદારની પાસે હવે વસુલાત કરી શકાય નહીં, એવી અરજદારની નમ્ર અરજ છે.

8.3 The supply may be disconnected temporarily in following cases:
(1) On non-payment of the licensee's dues: The licensee may issue a disconnection notice in writing, as per section 56 of the Act, to any consumer who defaults on his payment of dues, after giving him a notice period of 15 working days to pay the dues, such notice can be embedded in the energy bill also. Therefore, the licensee may disconnect the consumer's installation on expiry of the said notice period by removing the service line/meter as the licensee may deem fit;

8.6 The supply shall be disconnected permanently in following cases:
(1) On the termination of the Agreement.
(2) If the cause for which the supply was temporarily disconnected is not removed within the notice period.
Provided that if the services of the consumer remains continuously disconnected for 180 days, not being a temporary disconnection upon request of the consumer, The Agreement shall be deemed to be terminated on the expiry of 15 days or after expiry of the initial period of agreement whichever is later on issuance of written notice, without prejudice to the rights of the license or of the consumer under the Act for recovery of any amount due under the Agreement.

અરજદારનાં સ.નં.૧૪૩૦૯૧૧નાં સર્વિસ એપ્રેટર્સનાં ફોટોગ્રાફની નકલ રજૂ કરેલ. જેમાં સામાવાળા વીજ કંપની દ્વારા ત્રણ સિંગલ ફેઝનાં કનેક્શન આપવામાં આવે છે, તેથી સામાવાળા વીજ કંપનીનાં જવાબનાં કોષ્ટકમાં તા.૨૯.૧૦.૨૦૨૩નાં રોજ સર્વિસ એપ્રેટર્સ રીમુવ કરેલ હોવાની રજૂઆત ખોટી છે.

સામાવાળા વીજ કંપનીએ તા.૧૦.૦૧.૨૦૧૬નાં રોજ હંગામી જોડાણ કપાત પછી ક્લોઝ નં.૮.૬ અન્વયે મહિના પછી ઓગસ્ટ ૨૦૧૯માં જોડાણ PDC કરી સર્વિસ એપ્રેટર્સ રીમુવ કરવાના હોય છે પણ સામાવાળા વીજ કંપનીએ હંગામી જોડાણ પછી તા.૨૯.૧૦.૨૦૨૩નાં રોજ આશરે ચાર વર્ષ પછી PDC કરેલ હોવાથી સર્વિસ એપ્રેટર્સ તા.૨૯.૧૦.૨૦૨૩નાં રોજ રિમુવ કરેલ છે જે સ્પષ્ટ કરે છે કે સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૮.૬નું અપાલન કરેલ છે.

(૭) સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં માંગ્યા મુજબ પ્રથમ ડ્યુ થયેથી જોડાણ કપાત સુધીના બીલ રજૂ કરેલ નથી. સ.નં.૨૧૯૬૬૮ તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ હંગામી જોડાણ કપાત થયા પછી અરજદારને કોઈપણ બીલની નકલ મળેલ નથી જેનાથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીએ ઈ.એ. ૨૦૦૩નાં સેકશન ૫૬(૨) મુજબ સતત બે વર્ષ સુધી બાકી લેણાં અંગેની કોઈ જાણ પ્રીમાઈસીસ ઉપર કરેલ નથી તેથી બે વર્ષ પછી બાકી લેણાં વસૂલી શકાય નહિ સાથે સાથે ૫૬(૨)નું અપાલન કરેલ છે, જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

> (2) Notwithstanding anything contained in any other law for the time being in force, no sum due from any consumer, under this section shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied and the licensee shall not cut off the supply of the electricity.

(૮) સામાવાળા વીજ કંપનીની તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજની નોટીસનો અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ પ્રતિઉત્તર આપેલ હતો અને તે અંગે જો પ્રતિઉતર હોય તો દિન સાતમાં લેખિત આપવા જણાવેલ હતું પણ સામાવાળા વીજ કંપનીએ અરજદારને લેખિત જવાબ આપેલ ન હતું. અરજદારને સામાવાળા વીજ કંપનીનો કોઈ જવાબ નહિ મળતા અરજદારે આશરે ચૌદ દિવસ પછી તા.૦૭.૧૧.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપનીને પત્ર લખેલ છે જેમાં અરજદારે તેમની તા.૨૬.૧૦.૨૦૨૩ની કાયદાકીય રજુઆતને ગાહ્ય રાખવા બદલ આભાર વ્યક્ત કરેલ છે, જેની રીસીવિંગ કોપીની નકલ રજૂ કરેલ છે. તેથી અરજદારની વાટાઘાટો ચાલુ હોવાની સામાવાળા વીજ કંપનીની રજૂઆત તદ્દન ખોટી છે જેને ધ્યાને લેવા નમ્ર અરજ કરેલ.

(૯) સામાવાળા વીજ કંપનીનાં મુદ્દાઓ અંગે અરજદારે મુખ્ય ફરિયાદમાં રજૂઆત કરેલ છે સામાવાળા વીજ કંપનીએ આપેલ કોઈ પણ નોટીસ કે રીકવરી બાબતે અરજદારને ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ કરવાનો મુદ્દાઓ ઉપસ્થિત કરવાના તેમજ પ્રેયરો માંગવાનો અરજદારને હક્ક આપેલ છે.

(૧૦) ઉપરોક્ત તમામ રજૂઆતને ધ્યાને લેતા અત્રે સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીનાં અધિકારીએ,

- ક્લોઝ નં.૪.૧૬માં ઇન્ડેક્સની જોગવાઈ નાં હોવા છતાં ઇન્ડેક્સ ઉપર નામ બદલી કરી આપેલ છે.
- ઇન્ડેક્સમાં સ.નં.૧૪૩૦૯૧૧ની પ્રીમાઈસીસ અને ગ્રાહકનો ઉલ્લેખ ન હોવા છતાં નામ બદલી કરી આપેલ છે.
- ઇન્ડેક્સમાં સ.નં.૨૧૯૬૬૮ની પ્રીમાઈસિસ 3/એ અને સ.નં.૧૪૦૩૧૮૪ની પ્રીમાઈસિસ 3/A/FF નો ઉલ્લેખ હોવા છતાં તેના બીલ વસુલ્યા સિવાય ૪.૩૦ અન્વયે નામ બદલી કરી આપેલ છે.
- સ.નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪નું હંગામી જોડાણ પછી છ મહિના સુધી બીલ મોકલાવેલ નથી.
- સ.નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪નું હંગામી જોડાણ પછી ક્લોઝ નં.૮.૬ હેઠળ PDCની નોટીસ મોકલાવેલ નથી.
- ઈ.એ.૨૦૦૩નાં સેક્સન 56(2) મુજબ સતત બે વર્ષ સુધી બાકી લેણાં અંગેની કોઈ જાણ પ્રીમાઈસીસ ઉપર કરેલ નથી.
- જુના ગ્રાહક સામે વસુલાત માટે કોઈ લીગલ કાર્યવાહી કરેલ નથી.
- જેના માટે ફક્ત અને ફક્ત સામાવાળા વીજ કંપનીનાં અધિકારી જવાબદર છે તેથી ગ્રાહક ઉપર બોઝો નાં પડે અને સામાવાળા વીજ કંપનીને આર્થિક નુકશાન નાં થાય માટે આવા બે જવાબદાર અધિકારી પાસે બાકી બીલની વસુલાત કરવાનો નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૧૧) સામાવાળા વીજ કંપનીની રજુઆતનાં આધારે અત્રે અરજદારની કાયદાકીય બાબતોની અપાલન અંગેની વધારાની પ્રેયર ઉપસ્થિત થયેલ છે તે અંગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમે નિર્ણય આપવા વિનંતી છે અને જો વધારાની પ્રેયર અંગે નિર્ણય આપી શકાતું ન હોય તો તે માટે અરજદારે અલગથી ફરિયાદ કરવાની કે કેમ? તે અરજદારને જણાવવા વિનંતી કરેલ.

(૪) અરજદારે સામાવાળા વીજ કંપનીનાં તા.૦૭.૧૧.૨૦૨૫નાં રોજનાં જવાબ અંગે તા.૧૧.૧૧.૨૦૨૫નાં રોજ નીચે મુજબ વધારાની લેખિત રજૂઆત કરેલ છે.

(૧) અરજદારે તેમની ફરિયાદ તા.૧૦.૧૦.૨૦૨૫નાં રોજ કરેલ છે જ્યારે દિવાળીનો તહેવાર તા.૨૦.૧૦.૨૦૨૫નાં રોજ એટલે કે ફરિયાદનાં વીસ દિવસ પછી હતું અને દિવાળીની ત્રણ રજાઓ બાદ કરવામાં આવે તો પણ સામાવાળા વીજ કંપનીએ જવાબ રજુ કરવા માટે પંદર દિવસ લીધેલ છે તો પણ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ, ૨૦૧૯નાં ક્લોઝ નં.૨.૩૭નું અપાલન થાય છે તેથી સામાવાળા વીજ કંપનીને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ, ૨૦૧૯નાં ક્લોઝ નં.૨.૩૭નું પાલન કરવાની સુચના આપવા નમ્ર અરજ છે.

(૨) સામાવાળા વીજ કંપનીએ અગાઉ કરેલ જવાબનું રીપીટેસન કરેલ છે, તેથી તે અંગે અરજદાર ફરી જવાબ રજુ કરતા નથી.

(૩) અરજદાર તા.૦૩.૧૧.૨૦૨૫નાં રોજની રજૂઆત કે સર્વિસ નં.૧૪૩૦૯૧૧નાં નામ બદલી માટે ફરિયાદીએ રજૂ કરેલ ઇન્ડેક્સમાં ગ્રાહક શ્રી કુલદીપસિંહ દર્શનસિંહ સીખનાં નામનું ઉલ્લેખ નથી તેમજ આ સર્વિસની સેપરેટ પ્રીમાઈસિસ 3/A/1નો ઉલ્લેખ પણ નથી તેથી ઇન્ડેક્સ ઉપર સ.નં.૧૪૩૦૯૧૧નું નામ બદલી થઈ શકે નહિ તો સામાવાળા વીજ કંપનીએ ક્યાં માલિકી પુરાવાના આધારે/કઈ રીતે આ નામ બદલી કરી આપેલ છે? તે અંગે સામાવાળા વીજ કંપનીએ કોઈ પ્રતિ ઉત્તર આપેલ નથી જેનાથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીએ ઇન્ડેક્સ ઉપર ખોટી રીતે નામ બદલી કરી આપેલ છે તેથી અરજદારની કાયદાકીય સાચી રજુઆતને ગાહ્ય રાખી યોગ્ય નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

સપ્લાય કોડ ક્લોઝ નં.૪.૧૬માં માલિકી/કબજેદારનાં પુરાવા તરીકે ઇન્ડેક્સની જોગવાઈ કરેલ નથી Copy of registered sale deedની જોગવાઈ કરેલ છે તેથી ઇન્ડેક્સ ઉપર નામ બદલી કરી શકાય નહિ તે અંગે સામાવાળા વીજ કંપનીએ જણાવેલ નથી, જેનાથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીએ ઇન્ડેક્સ ઉપર ખોટી રીતે નામ બદલી કરી આપેલ છે. તેથી અરજદારની કાયદાકીય સાચી રજુઆતને ગાહ્ય રાખી યોગ્ય નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૧) સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં તા.૦૩.૧૧.૨૦૨૫નાં રોજની રજુઆત ખોટી હોવા અંગે કોઈ પણ કાયદાકીય રજૂઆત કે અન્ય કોઈ પુરાવા રજુ કરેલ નથી તેથી અરજદારની કાયદાકીય સાચી રજુઆતને ગ્રાહ્ય રાખી યોગ્ય નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૪) સામાવાળા વીજ કંપનીએ PDC ની નોટીસની નકલ રજુ કરેલ છે જે અંગે જણાવવાનું કે. ઈ.એ.૨૦૦૩નાં સેક્સન ૧૭૧ અને સપ્લાય કોડ ક્લોઝ નં.૯.૧૪ અન્વયે ગ્રાહકને કોઈ પણ નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટથી આપવાની જોગવાઈ કરેલ છે સામાવાળા વીજ કંપનીએ PDCની નોટીસ અત્રે રજુ કરેલ છે તે ગમે ત્યારે ઉપજાવી રજુ કરી શકાય છે જો નોટીસ ઉપરોક્ત જોગવાઈ અન્વયે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલ હોવાના કોઈ પુરાવા રજુ કરેલ નથી તેથી અત્રે સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૮.૬નું અપાલન કરેલ છે.

(૧) સામાવાળા વીજ કંપનીએ તેના કોઈ પણ જવાબમાં PDCની તારીખનો ઉલ્લેખ કરેલ નથી જેનાથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૮.૬ મુજબ PDC કરેલ નથી. ફક્ત સર્વિસ એપ્રેટર્સ તા.૨૯.૧૦.૨૦૨૩નાં રોજ હંગામી જોડાણ કપાતના આશરે ચાર વર્ષ પછી રીમુવ કરેલ હોવાની રજૂઆત કરેલ છે.

(૨) નામદાર વિદ્યુત લોકપાલે કેસ નં.૭૭/૨૦૧૯નાં પેરા નં.૪.૧૧માં નીચે મુજબ નિર્ણય આપેલ છે.

It is seen from the reference order of Ombudsman in case No.37/2019 and case No.114/2017 and in present case, Respondent is not following the provisions of Regulations and not following statutory provisions of Electricity Act,2003 in serving the notice to consumers and thereby consequences/grievances are developed as far as services of consumers are concerned, which is a serious nature issue.

ઉપરોક્ત હુકમ મુજબ સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં કેસમાં પણ કેસ નં.૧૧૪/૨૦૧૭નાં હુકમ પછી ઈ.એ.૨૦૦૩નાં સેક્શન ૧૭૧ અને સપ્લાય કોડ ક્લોઝ નં.૯.૧૪નું અપાલન કરેલ છે. તેમજ કેસ નં.૧૧૪/૨૦૧૭નાં હુકમ થી અરજદારને આપેલ નોટિસ સુધી અપાલન ચાલુ રાખેલ છે. જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

Section 171 (Services of notices, orders or documents)
(1) Every notice, order or document by or under this Act required, or authorized to be addressed to any person may be served on him by delivering the same after obtaining signed acknowledgement receipt therefor or by registered post or such means of delivery as may be prescribed-

Clause No 9.14:
Any order/notice on the consumer by the licensee, including the notice under Section 56 of the Act shall be deemed to be duly served if it is sent by registered post at the correct postal address of the addressee or delivered by hand to the person residing at the address notified to the licensee by the consumer: Provided that in the case of an individual, service of notice to the consumer's spouse or his authorized representative, and in the case of a firm, company or corporation, service of notice on the Managing Director, Director or Principal Officer or an authorized person of such a concern, shall be taken as sufficient service for the purpose of this code.

(૩) સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં તા.૦૩.૧૧.૨૦૨૫ની રજુઆત ખોટી હોવા અંગે કોઇ પણ કાયદાકીય રજૂઆત કે અન્ય કોઇ પુરાવા રજૂ કરેલ નથી તેથી અરજદારની કાયદાકીય સાચી રજૂઆતને ગાહ્ય રાખી યોગ્ય નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૫) સામાવાળા વીજ કંપનીએ હંગામી જોડાણ કપાત પછી સતત છ મહિના સુધી મોકલેલ બિલ રજૂ કરેલ નથી તેથી બિલ મોકલેલ હતા તે માની શકાય નહીં. તેથી તા.૦૩.૧૧.૨૦૨૫ની રજુઆત મુજબ ઈ.એ.૨૦૦૩નાં સેક્શન ૫૬(૨)નું અપાલન સ્પષ્ટ કરે છે. તેથી સેક્શન ૫૬(૨) મુજબ પણ સ.ન. ૨૧૯૬૬૮નાં બિલ વસૂલવાને પાત્ર રહેતું નથી જે અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૬) અરજદારનાં કેસમાં ત્રણેય સર્વિસ એક જ મોટા મીટર બોક્સમાં લાગેલી હતી ત્રણેય સર્વિસનું રીડિંગ સિક્વન્સમાં હતું તેમજ સર્વિસ ડેટા ખોલવામાં આવે તો ત્રણેય સર્વિસ કંટીન્યુ સીરિયલમાં હતી. ઇન્ડેક્સમાં ૩/એ અને ૩/એ/FF પ્રિમાઇસિસનો ઉલ્લેખ હોવાથી ક્લોઝ નં.૪.૩૦ અન્વયે બિલ જોઈ તપાસી વસૂલી નામ બદલી કરવાની જવાબદારી સામાવાળા વીજ કંપનીની હતી જેના માટે SOP વિનિયમનાં ક્લોઝ નં.૪.૫માં સાત દિવસનો સમય આપેલ છે.

તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજની નોટિસનું અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ આપેલ જવાબ તા.૧૧.૦૨.૨૦૧૯ રોજ ટેનામેન્ટ નં. ૩/એ વાળી ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર વાળી કુલ ૧૬૮ ચો.મી. વાળી મિલકતનાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧નાં નામ ફેર બદલી વખતે

ક્લોઝ નં.૪.૩૦ મુજબ જોઈ તપાસી અરજદારનું નામ ફેર કરી આપેલ હોઈ અરજદારે નામ બદલી પહેલાનાં અન્ય કોઈ પણ બાકી રકમની વસુલાત અરજદાર પાસે કરી શકાય નહીં ને ગ્રાહ્ય રાખેલ છે તેથી બે વર્ષ પછી ફરીથી એજ બાબતની નોટીસ આપી શકાય નહિ એવી અરજદારની નમ્ર અરજ છે તેથી તા.૦૩.૧૦.૨૦૨૫ની નોટીસ રદ કરવા અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૭) અરજદારે તેમની મુખ્ય ફરિયાદમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં.૧૨૬૨૪/૨૦૦૫ જય મહાકાલી ઇન્ફાસ્ટ્રક્ચર વિરૂદ્ધ પી.જી.વી.સી.એલ અને તેની ઉપર થયેલ LPA ૧૫૧૮/૨૦૦૬માં અપાયેલ નિર્ણયને ધ્યાને લેવા રજૂઆત કરેલ છે જે અંગે સુનાવણી દરમ્યાન પ્રશ્ન ઉપસ્થિત થતા માંગેલ વિગતો નીચે મુજબ રજૂ કરેલ.

નવા ગ્રાહક જય મહાકાલી ઇન્ફાસ્ટ્રકચરને જુના ગ્રાહક કાંતિ કોટન મિલના બીલ ભરવાની જણાવતા નવું જોડાણ આપવા ઇન્કાર કરેલ જે બાબતે જય મહાકાલી ઇન્ફાસ્ટ્રક્ચરે નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ સબ ડીવીસન ૨ સુરેન્દ્રનગર વિરુદ્ધ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં.૧૨૬૨૪/૨૦૦૫ દાખલ કરેલ, જેનું હુકમ તા.૦૫.૦૯.૨૦૦૬નાં રોજ આવેલ છે જેમાં લીમીટેસન એક્ટની સમય મર્યાદામાં સિવિલ સુટ દાખલ કરેલ નાં હોઈ નવા ગ્રાહક પાસે જુના ગ્રાહકની રીકવરીને માન્ય રાખેલ ન હતું અને પેરા નં.૧૧માં નીચે મુજબ નવા જોડાણ આપવા માટે હુકમ કરેલ.

“For the reasons stated above, the petition succeeds and the respondent company is directed to grant power of supply to the premises of petitioners without insisting upon payment of arrears of electricity dues in respect of the power supply owed by previous owners, i.e. GSTC/Kanti Cotton Mills, subject to fulfilling all other conditions and requirements. On completion of all other formalities and fulfilling the requirements, the respondent company is directed to grant electricity connection to the petitioners in their premises in question as early as possible.”

સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નં.૧૨૬૨૪/૨૦૦૫ ની વિરુદ્ધ થયેલ LPA ૧૫૧૮/૨૦૦૬માં તા.૦૪.૦૪.૨૦૧૪નાં રોજના હુકમમાં સ્પેશિયલ સિવિલ એપ્લીકેસન નં.૧૨૬૨૪/૨૦૦૫માં અપાયેલ નિર્ણયને નામદાર ડીવીસન બેન્ચે ગ્રાહ્ય રાખી પી.જી.વી.સી.એલ એ કરેલ પીટીસન ડીસમીસ કરેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નિર્ણય મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮નું જોડાણ કપાત વર્ષ ૨૦૧૯માં થયા પછી આજ દિન સુધી સામાવાળા વીજ કંપનીએ જુના ગ્રાહક સામે બીલની વસુલાત માટે દીવાની દાવો દાખલ કરેલ નાં હોઈ ઉપરોક્ત ગુજરાત હાઇકોર્ટનાં ઓર્ડર મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮ના બિલની વસૂલાત અરજદાર જોડે કરી શકાય નહીં જેને ધ્યાને લઇ અરજદારની ફરિયાદ અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૫) ઉપરોક્ત કરેલ તમામ રજૂઆતને ધ્યાને લઈ નામદાર લોકપાલ સમક્ષ અરજદારની અપીલ અંગે અરજદાર નીચે મુજબ પ્રેયર અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરે છે.

(૧) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ઉપરોક્ત પેરા નં.૨.૧(૨)માં માંગેલ પ્રેયર અંગે નિર્ણય આપવા વિનંતી છે.

(૨) અરજદારનાં પેરા નં.૨.૧(૪)(૪)(૨) તેમજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમનાં પેજ નં.૪૨નાં (૧૪) નંબરની રજૂઆતને ધ્યાને લઇ સામાવાળા વીજ કંપનીએ ક્લોઝ નં.૮.૬ની નોટિસ ક્લોઝ નં.૯.૧૪ તેમજ ઈ.એ.૨૦૦૩નાં સેક્શન ૧૭૧ અન્વયે આપેલા નાં હોઇ ક્લોઝ નં.૮.૬ અને ૯.૧૪ તેમજ ઇ.એ.૨૦૦૩નાં સેક્શન ૧૭૧નું અપાલન કરેલ હોવા અંગે નિર્ણય આપવા નમ્ર અરજ કરેલ.

(૩) હક્ક અને ફરજ સિક્કાની બે બાજુ છે સામાવાળા વીજ કંપનીએ ઈ.એ.૨૦૦૩નાં સેક્શન ૫૬(૧) અને સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૩(૧) અન્વયે ક્લોઝ નં.૪.૧૧૩નું પાલન કરેલ નથી જેના કારણે વીજળીનું બીલ વધેલ છે તેથી સામાવાળા વીજ કંપનીને ક્લોઝ નં.૮.૫નું પ્રોટેક્શન મળે નહિ તેથી અરજદારને આપેલ નોટિસ રદ્દ કરવા અંગે નિર્ણય આપવા વિનંતી છે.

(૪) ગ્રાહક તકરાર નિવારણ ફોરમે હુકમમાં સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બિલ કાર્યરત સ.નં. ૧૪૩૦૯૧૧માં ક્લોઝ નં.૮.૫ અન્વયે ઉધારવા માટે નિર્ણય આપેલ છે જે અંગે જણાવવાનું કે, સિમિલર નોટિસ અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ આપેલ જે અંગે અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ જવાબ આપેલ છે જેને ગ્રાહ્ય રાખી સામાવાળા વીજ કંપનીએ નોટિસનો અમલ કરેલ નથી. તે પછી ફરીથી સિમિલર બાબતની નોટિસ આપવા માટે કાયદામાં જોગવાઈ નાં હોઈ સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બિલ કાર્યરત સ.નં.૧૪૩૦૯૧૧માં ક્લોઝ નં.૮.૫ અન્વયે ઉધારવા માટે આપેલ નિર્ણય ભૂલભરેલો છે જેને રદ કરવા નમ્ર અરજ કરેલ.

૨.૨. અરજદાર દ્વારા તા.૦૭.૦૧.૨૦૨૬નાં રોજ પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમનાં ૩૦ દિવસની સમય મર્યાદામાં નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ ૨૦૧૯નાં ક્લોઝ નં.૩.૧૯ અપીલ દાખલ કરવાનો હક્ક આપેલ છે. જેનું ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમમાં પણ નોંધ લખેલ છે તે મુજબ અરજદારે અપીલ દાખલ કરી તેની નકલ તા.૨૨.૧૨.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપનીને આપેલ છે.

અપીલની જાણ હોવા છતાં સામાવાળા વીજ કંપનીએ અપીલ પછી અરજદારનાં સ.નં.૧૪૪૩૦૯૧૧નું તા.૨૯.૧૨.૨૦૨૫નાં રીડિંગ લીધા પછી તા.૦૨.૦૧.૨૦૨૬નાં રોજ અરજદારનું બિલ જનરેટ કરી અરજદારનાં સ.નં.૧૪૪૩૦૯૧૧માં સ.નં.૨૧૯૬૬૮નાં બિલની રકમ ઉધારેલ છે. જેની નકલ સામાવાળા વીજ કંપનીએ નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ રજૂ કરેલ છે. જે બિલ હજી અરજદારને મળેલ નથી. સામાવાળા વીજ કંપનીએ રજૂ કરેલ જવાબમાં પણ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ફરિયાદ નં.C/૦૯/૨૦૨૫-૨૬ અન્વયે ઉધારેલ હોવાની રજુઆત કરેલ છે પણ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમમાં જણાવ્યા મુજબ ક્લોઝ નં.૩.૧૯ અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમ ઉપર અપીલ થયેલ હોય તો ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમ મુજબ બિલમાં રૂપીયા ઉધારી શકાય નહીં.

અપીલની જાણ હોવા છતાં અપીલ થયા પછી અરજદારનાં સ.નં.૧૪૪૩૦૯૧૧માં સ.નં.૨૧૯૬૬૮નાં બિલની રકમ ઉધારી દેવું તે ક્લોઝ નં.૩.૧૯ અન્વયે ગ્રાહકને ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમ વિરુદ્ધ અપીલ કરવા માટે આપેલ હક્કને બાધિત કરનારું તેમજ ક્લોઝ નં.૩.૧૯નું અપાલન છે જ્યારે અપીલ થયેલ હોય ત્યારે વિવાદિત રકમ બિલમાં ઉધારી શકાય નહીં માટે કાયદાઓનું પાલન થાય તેમજ કાયદામાં આપેલ ગ્રાહકના હિત જળવાય માટે અરજદાર અપીલનાં નિર્ણય અગાઉ સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં સ.નં.૧૪૪૩૦૯૧૧માં ઉધારેલ સ.નં.૨૧૯૬૬૮નાં બિલની રકમ કાઢી નાંખવા અંગે વચગાળાનો હુકમ આપવા અરજ કરેલ.

૨.૩. અરજદાર દ્વારા તા.૦૮.૦૧.૨૦૨૬નાં રોજ E-Mail દ્વારા તા.૦૭.૦૧.૨૦૨૬નાં પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં સ.નં.૧૪૪૩૦૯૧૧નું તા.૨૯.૧૨.૨૦૨૫નાં રીડિંગ લીધા પછી તા.૦૨.૦૧.૨૦૨૬નાં રોજ અરજદારનું બિલ જનરેટ કરી અરજદારનાં સ.નં.૧૪૪૩૦૯૧૧માં સ.નં.૨૧૯૬૬૮નાં બીલની રકમ ઉધારેલ છે. જે બાબતે અરજદારે તા.૦૭.૦૧.૨૦૨૬નાં રોજ માનનીય વિદ્યુત લોકપાલને રજૂઆત કરેલ છે તે રજૂઆત અરજદાર પરત લે છે, જેની નોંધ લઇ તે રજૂઆત રદ કરવા વિનંતી કરેલ.

૨.૪. અરજદાર દ્વારા તા.૧૦.૦૧.૨૦૨૬નાં પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

અરજદારનાં કેસ અંગે સામાવાળા વીજ કંપનીએ તા.૦૫.૦૧.૨૦૨૬નાં રોજ રૂબરૂ હેન્ડ ડિલીવરીથી જવાબ આપેલ છે. જેમાં સ્પષ્ટ સ્વિકાર્યા સિવાયની તમામ બાબતને અરજદાર નકારે છે તેમજ તે અંગે નીચે મુજબ રજૂઆત કરે છે.

(૧) સામાવાળા વીજ કંપનીએ અપીલ માટે બાકી રકમનાં એક તૃતિયાંશ રકમ ભરાવવાની માંગણી કરેલ છે જે અંગે જણાવેલ કે તે નામદાર વિદ્યુત લોકપાલ સાહેબની સત્તા હેઠળ છે.

સામાવાળા વીજ કંપનીએ કેસ નં.૩૩/૨૦૨૫ના હુકમની રજૂઆત કરેલ છે જે અંગે જણાવેલ કે તે ફરિયાદ સ.નં.૧૪૦૩૧૮૪નાં રીફંડ બાબતની હતી જ્યારે અત્રેની ફરિયાદ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બિલની વસૂલાત અંગેની છે આમ બંને ફરિયાદમાં કોસ ઓફ એક્શન (વિષય) અલગ અલગ છે જે માટે અલગ અલગ ફરિયાદ કરેલ છે એવી અરજદારની નમ્ર રજૂઆત છે.

(૨) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૧)માં અરજદારનાં પેરા નં.૨.૧(૧)(ખ) અંગે જવાબ કરેલ નથી જેમાં સામાવાળા વીજ કંપનીની તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ સામે અરજદારની તા.૨૬.૧૦.૨૦૨૩ની રજૂઆતનાં અનુસંધાને અરજદારને જવાબ કેમ આપેલ નથી? કે સામાવાળા વીજ કંપનીની તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ મુજબ બાકી રકમ બિલમાં કેમ ઉધારેલ ન હતી? તે અંગે કોઈ જવાબ રજૂ નહીં કરી કબુલ મંજૂર રાખેલ છે એવી અરજદારની નમ્ર અરજ છે.

સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષનાં કેસ નં.૦૩/૨૦૨૪ની રજૂઆત અંગે અરજદારે નીચેના પેરામાં રજૂઆત કરેલ છે જેને ધ્યાને લેવા નમ્ર અરજ કરેલ.

(૩) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૨) અને ૩.૨(૩) અંગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષની ફરિયાદ ૦૩/૨૦૨૪ સ.નં.૧૪૩૦૯૧૧માં જોડાણમાં વધારો આપવા બાબત ક્લોઝ નં.૪.૩૦ અન્વયે સ.નં.૨૧૯૬૬૮નાં બીલ અંગેની હતી જેમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમે ગ્રાહક

દ્વારા સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બિલ ભરપાઈ કર્યેથી વીજ જોડાણમાં વધારો આપવાનો નિર્ણય આપેલ હતો જે મુજબ અરજદારે બિલ નહીં ભરતા સામાવાળા વીજ કંપનીએ અરજદારને વિજભારમાં વધારો આપેલ નથી. જો સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બિલ વસૂલાત માટે હુકમ થયો હોત તો સામાવાળા વીજ કંપનીએ હુકમનાં બે વર્ષ સુધી રાહ જોયા વગર અરજદારના બિલમાં ઉધારી વસૂલી લીધા હોત પણ ભરવા માટે હુકમ થયેલ નાં હોવાના કારણે અત્યાર સુધી અરજદારની પાસે વસુલાત કરેલ નથી તેથી સામાવાળા વીજ કંપનીની રજૂઆત તદન ખોટી છે એવી અરજદારની નમ્ર અરજ છે.

(૪) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૪) અંગે અરજદારનાં પેરા નં.૨.૧(૧)(૬) થી ૨.૧(૨)નાં મુદ્દા અરજદારની ફરિયાદને લાગુ પડે છે નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષનાં કેસ નં.૩૩/૨૦૨૫ અને અત્રેનાં કેસ નં.૪૬/૨૦૨૫નાં કોજ ઓફ એક્સન (વિષય) અલગ અલગ છે તેથી તે અંગે રજૂઆત અને નિર્ણય આપવા પાત્ર છે એવી અરજદારની નમ્ર અરજ છે.

(૫) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૫) અંગે પેરા નં.૨.૧(૪)(૧)માં જવાબ કરેલ છે.

(૬) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૬) અને ૩.૨(૭) અંગે ઉપરોક્ત પેરા નં.૨.૪(૧)માં રજૂઆત કરેલ છે. અત્રેની ફરિયાદ સ.નં.૨૧૯૬૬૮નાં બાકી બીલ માટે ક્લોઝ નં.૮.૫ અન્વયે આપેલ નોટીસ અંગેની છે. તેથી અરજદારની ફરિયાદ મેન્ટનેબલ હોવાથી ગ્રાહક તકરાર નિવારણ ફોરમે ફરિયાદ નોંધલ હતી અને નિર્ણય આપેલ છે જેથી અરજદાર નારાજ હોઈ ક્લોઝ નં.૩.૧૯ અન્વયે અરજદારે અપીલ કરેલ છે જે મેન્ટનેબલ છે એવી અરજદારની નમ્ર અરજ છે.

અરજદારનાં પેરા નં.૨.૧(૩)(૪) અને ૨.૧(૩)(૫) મુજબ અરજદારને અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ ક્લોઝ નં.૮.૫ હેઠળ નોટીસ આપેલ હતી જેનું અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ જવાબ કરેલ છે જે અંગે સામાવાળા વીજ કંપનીએ કોઈ પ્રતિઉત્તર કરેલ નથી જે અંગે વધુ રજૂઆત ઉપરોક્ત પેરા નં.૨.૪(૨)માં કરેલ છે.

અરજદારનાં તા.૨૬.૧૦.૨૦૨૩નાં પત્ર અંગે અરજદારને કોઈ લેખિત પ્રતિઉતર નહીં મળતા અરજદારે તા.૦૭.૧૧.૨૦૨૫નાં રોજ પત્ર લખેલ જેમાં નીચે મુજબ આભાર માનેલ છે.

જય ભારત સાથે જણાવવાનું કે તા.૨૩.૦૯.૨૦૨૩નો પત્ર નં.OD/NPB/૬૨૭૧ તા.૨૧.૧૦.૨૦૨૩નાં રોજ હેન્ડ ડીલીવરીથી આપેલ પત્ર અંગે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ કાયદાકીય બાબત સાથે અરજદારે રજૂઆત કરેલ છે તેમજ તે અંગે દિન સાતમાં લેખિત જાણ આપવા જણાવેલ છે પણ આજ રોજ આશરે ચૌદ દિવસ થયા છતાં આજ દિન સુધી આપનો કોઈ પ્રતિઉત્તર મળેલ નથી આપે અમારી કાયદાકીય રજુઆતને ગાહ્ય રાખેલ છે તે બદલ આપનો આભાર.

અરજદારનાં તા.૦૭.૧૧.૨૦૨૫નાં ઉપરોક્ત પત્ર પછી પણ સામાવાળા વીજ કંપનીએ અરજદારને કોઈ જવાબ આપેલ ન હતું તેમજ તેમની નોટિસ મુજબ અરજદારનાં બિલમાં ઉધારેલ નથી. ક્લોઝ નં.૮.૫ અન્વયે વસૂલવાને પાત્ર હતા તો તે જ વખતે તા.૨૩.૦૯.૨૦૨૩નાં નોટીસ મુજબ સ.નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા જોઈતા હતા પણ અરજદારની તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ પત્રની રજુઆતને ગ્રાહ્ય રાખવાના કારણે સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩નાં નોટીસ ક્લોઝ નં.૮.૫ નોટીસ મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં રૂ.૧૯૫૬૬૮.૮૨ અરજદારની સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા આવેલ ન હતા તેમજ અરજદારને કોઈ કાયદાકીય પ્રતિઉતર પણ

આપેલ ન હતો. હવે બે વર્ષે પછી તેની તેજ બાબતની નોટીસ આપી વસુલાત માટે કાયદામાં કોઈ જોગવાઈ નથી તેથી હવે તે અરજદાર પાસે વસુલાત કરી શકાય નહિ એવી અરજદારની નમ્ર અરજ છે.

(૭) સામાવાળા વીજ કંપનીએ અરજદારનાં પેરા નં.૨.૧(૩)(૩) મુજબના માંગેલ પુરાવા રજુ કરેલ નથી જે અરજદારની ફરિયાદને લગતા જરૂરી પુરાવા છે તે રજુ કરાવવા નમ્ર અરજ છે.

(૮) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૮) અને ૩.૨(૯) અંગે અરજદારના પેરા નં.૨.૧(૩)(૬) થી ૨.૧(૩)(૮) થી સુસંગત કોઈ પુરાવા સામાવાળા વીજ કંપનીએ રજુ કરેલ નથી જેમાં સામાવાળા વીજ કંપનીએ હંગામી જોડાણ કપાત પછી છ મહિના સુધી બીલ મોકલેલ નથી તેમજ PDCની નોટીસ રજૂ કરેલ છે પણ નોટિસ મોકલ્યા અંગેના ઈ.એ. ૨૦૦૩નાં સેક્સન ૧૭૧ અને ક્લોઝ નં.૯.૧૪ અન્વયે કોઈ પુરાવા રજુ કરેલ નથી.

તેમજ પીડીસીની તારીખ જણાવેલ નથી જેનાથી સ્પષ્ટ થાય છે કે સામાવાળા વીજ કંપનીએ હંગામી જોડાણ પછી છ મહિના સુધી કોઈ બીલ મોકલેલ નથી તેમજ PDCની નોટીસ પણ આપેલ નથી અને ક્લોઝ નં.૮.૬નું અપાલન કરેલ છે.

સ.નં.૧૪૩૦૯૧૧માં વીજ જોડાણમાં વધારો આપવા માટે તા.૦૭.૧૨.૨૦૨૩નાં રોજ કોંપલયંસિસનો પત્ર રજૂ કરેલ છે જેની નકલ રજૂ કરેલ જેમાં સામાવાળા વીજ કંપનીએ સ.નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪ની રીમુવલની માંગણી કરેલ છે. એટલે કે સામાવાળા વીજ કંપનીએ જો રજૂ કરેલ પીડીસીની નોટિસ તા.૦૩.૦૬.૨૦૧૯નાં રોજ આપેલ હોત તો નોટિસનાં ૩૦ દિવસ પછી વર્ષ ૨૦૧૯માં પીડીસી કરી દીધી હોત પણ સામાવાળા વીજ કંપનીએ સ.નં.૧૪૩૦૯૧૧માં વીજ જોડાણમાં વધારો આપવા માટે તા.૦૭.૧૨.૨૦૨૩નાં રોજ સ.નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪ની રીમુવલની માંગણી કરેલ છે જે સાબિત કરે છે કે સામાવાળા વીજ કંપનીએ પીડીસીની નોટિસ આપેલ નથી અન્યથા તા.૦૭.૧૨.૨૦૨૩નાં રોજ કોંપલયંસિસનો પત્રમાં સામાવાળા વીજ કંપનીએ સ.નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪ની રીમુવલની માંગણી કરેલ ન હોત પીડીસીની નોટિસ પછી સર્વિસ રીમુવ થઈ ગઈ હોત એવી અરજદારની નમ્ર અરજ છે.

(૯) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૧૦) અને ૩.૨(૧૧) અંગે અગાઉ રજૂઆત કરેલ છે.

(૧૦) સામાવાળા વીજ કંપનીનાં પેરા નં.૩.૨(૧૨) અંગે જણાવેલ કે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમનાં ૩૦ દિવસની સમય મર્યાદામાં નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ ૨૦૧૯નાં ક્લોઝ નં.૩.૧૯ અપીલ દાખલ કરવાનો હક્ક આપેલ છે. તે હેઠળ અરજદારે અપીલ દાખલ કરી તેની નકલ નામદાર વિદ્યુત લોકપાલશ્રીની કચેરીની સુચના મુજબ તા.૨૨.૧૨.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપનીએ આપેલ છે અપીલ દાખલ થયેલ હોવા છતાં સામાવાળા વીજ કંપનીએ જાણીબુઝીને તા.૦૨.૦૧.૨૦૨૬નાં અરજદારનાં સ.નં.૧૪૩૦૯૧૧નાં બીલમાં વિવાદિત રકમ ઉધારેલ છે જ્યારે બાબત ન્યાયિક પ્રક્રિયા હેઠળ હોય અને અંતિમ નિર્ણય બાકી હોય ત્યારે બિલમાં ઓર્ડર અગાઉ ઉધારેલ બિલ ભરપાઈ કરવાનો હુકમ આપી શકાય નહીં એવી અરજદારની નમ્ર અરજ છે.

૨.૫. અરજદાર દ્વારા તા.૨૪.૦૧.૨૦૨૬નાં રોજ પત્રથી લેખિતમાં નીચે મુજબ રજૂઆત કરેલ.

અરજદારનાં કેસમાં સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ નોટિસ આપેલ. આશરે બે વર્ષ પછી સિમિલર નોટિસ તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ સામાવાળા વીજ કંપનીએ ઉપસ્થિત કરેલ છે. જે અંગેની અરજદારે ફરિયાદ ઉપસ્થિત કરેલ છે. બે વર્ષ પછી સિમિલર નોટિસ માટે કાયદાકીય બાધ્ય નડે છે કે કેમ? તે પ્રશ્ન અત્રે ઉપસ્થિત થયેલ છે. જે અંગે અરજદારને અમુક કાયદાકીય બાબત જાણવા મળેલ હોવાથી માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ અતિ નમ્રતાપૂર્વક રજૂ કરે છે, જેને ધ્યાને લેવા નમ્ર અરજ કરેલ.

(૧) સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ અને ૮.૩(૧)માં નીચે મુજબ જોગવાઇ કરેલ છે.

> 8.5 The licensee may take steps to prevent unauthorized reconnection of consumers disconnected in the manner as described above. Wherever the licensee discovers that connection has been re-connected in authorized manner, licensee may initiate action as per provisions of Section 138 of the Act. Further, in case the licensee discovers that supply to such premises has been restored through another live connection, all pending dues of the said disconnected connection shall be transferred to such live connection's account and non-payment of such transferred dues may be treated as per clause 8.3(1).
>
> 8.3 The supply may be disconnected temporarily in following cases:
>
> (1) On non-payment of the licensee's dues: The licensee may issue a disconnection notice in writing, as per Section 56 of the Act, to any consumer who defaults on his payment of dues, after giving him a notice period of 15 working days to pay the dues. Such notice can be embedded in the energy bill also. Thereafter, the licensee may disconnect the consumer's installation on expiry of the said notice period by removing the service line/meter as the licensee may deem fit;

તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ પછી સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ હેઠળ નોટિસ મુજબની રકમ સ.નં.૧૪૩૦૯૧૧માં ઉધારી દેવા જોઇતા હતા અને ૮.૩(૧) હેઠળ ૧૫ દિવસની નોટિસ આપી સપ્લાય કપાત કરી દેવું જોઇતું હતું. પણ સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ પછી આવી પ્રક્રિયા આચરેલ નથી, જે સપ્લાય કોડનું અપાલન કહેવાય એવી અરજદારની નમ્ર અરજ છે.

(૨) ઉપરોક્ત રજૂઆતને ધ્યાને લેતાં કુદરતી ન્યાયનાં સિધ્ધાંત મુજબ બે વર્ષ પછી તે કારણ ઉપસ્થિત કરી શકાય નહીં અને જો ઉપસ્થિત કરવામાં આવે તો તેને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતનું અપાલન કહેવાય એવી અરજદારની નમ્ર અરજ છે.

(૩) સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસમાં જણાવેલ છે કે ગ્રાહક નં.૨૧૯૬૬૮ની તા.૧૦.૧૦.૨૦૨૩નાં રોજ સુધીના વિલંબિત ચુકવણી પરનાં વ્યાજ સાથેની રકમ રૂ.૧૯૫૬૬૮/- આપની ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ વાળી સર્વિસમાં ઉધારવામાં આવશે, જે હવે પછીના આપના વીજબિલમાં અન્ય લેણાં તરીકે દર્શાવવામાં આવશે. જે ઇ.એ.૨૦૦૩નાં સેક્શન ૫૬(૨) મુજબ વિદિત થાય છે. તે મુજબ સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ પછી અરજદારનાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં બે વર્ષ સુધી અન્ય લેણાં તરીકે દર્શાવવા જોઇતા હતાં પણ સામાવાળા વીજ કંપનીએ તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ પછી બે વર્ષ સુધી અન્ય લેણાં તરીકે

દર્શાવેલ નથી તેથી બે વર્ષ પછી તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસનાં અનુસંધાને ફરીથી નોટિસ ઉપસ્થિત કરવા માટે સપ્લાય કોડ ક્લોઝ નં.૮.૫ અને ૮.૩(૧) તેમજ સેક્સન ૫૬(૨)નું બાધ્ય નડે છે જેથી બે વર્ષ પછી ફરી તે નોટિસ ઉપસ્થિત કરી રિકવરી કરી શકાય નહીં એવી અરજદારની નમ્ર અરજ છે.

ઇ.એ.૨૦૦૩નાં સેક્શન ૫૬(૨)માં નીચે મુજબ જોગવાઇ કરેલ છે.

(2) Notwithstanding anything contained in any other law for the time being in force, no sum due from any consumer, under this section shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied and the licensee shall not cut off the supply of the electricity.

૩.૦. સામાવાળા વીજ કંપનીએ નીચે મુજબ લેખિતમાં તેમજ સુનાવણી દરમ્યાન રજૂઆત કરી.

૩.૧. સામાવાળા વીજ કંપની દ્વારા પત્ર નં.TPL/CS/BE/OD/19166નાં તા.૨૨.૧૨.૨૦૨૫નાં રોજ નીચે મુજબની લેખિત રજૂઆત કરવામાં આવેલ.

નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ ફરિયાદી દ્વારા દાખલ કરવામાં આવેલી ઉપરોક્ત વિષય પરત્વેની અપીલ અંગે સામાવાળા વીજ કંપનીને મળેલા પત્રના અનુસંધાને જણાવવાનું કે, માનનીય ગુજરાત ઇલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (જીઇઆરસી) દ્વારા જારી કરવામાં આવેલ "ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ રેગ્યુલેશન્સ, ૨૦૧૯"ના ક્લોઝ નં.૩.૧૯(iii) મુજબ, અરજદારે અપીલ ફાઇલ કરતી વખતે વિવાદિત રકમની એક તૃતીયાંશ (1/3rd) રકમ જમા કરાવવી જરૂરી છે. જે હાલની અપીલને ધ્યાને લેતાં તેમજ નામદાર ફોરમ દ્વારા સર્વિસ નં.૨૧૯૬૬૮માં બાકી લેણાં રૂ.૨,૧૫,૫૫૦.૭૨ ની ભરપાઇ કરવા હુકમ કરવામાં આવેલ, જે અંગે અપીલ કરવા માટે અરજદાર દ્વારા સામાવાળા વીજ કંપનીમાં એક તૃતીયાંશ (1/3rd) રકમની ભરપાઇ કરેલ નથી. જે નામદાર વિદ્યુત લોકપાલે ધ્યાને લઇ સદર બાબતે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

Pre-conditions/ Limitations for Entertaining Complainant's Representation

"3.19. A Representation may be entertained by the Ombudsman only if all of the following conditions are satisfied.

…

viii. The Complainant has deposited one third amount in terms of the Forum's order, if required, with the Licensee and submitted a proof of payment made."

૩.૨. સામાવાળા વીજ કંપની દ્વારા પત્ર નં.OD/BE/19445નાં તા.૦૫.૦૧.૨૦૨૬નાં રોજ નીચે મુજબની લેખિત રજૂઆત કરવામાં આવેલ.

અરજદારનાં ગ્રાહક નંબર ૨૧૯૬૬૮ના વીજ બિલના બાકી નીકળતા નાણાંની વસૂલાત અંગે સામાવાળા વીજ કંપની દ્વારા કરેલ કાર્યવાહી બાબતે અરજદારની ફરિયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ C/૦૯/૨૦૨૫-૨૬ થી તા.૧૪.૧૦.૨૦૨૫નાં રોજ નોંધાયેલ જે અંગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૧૪.૧૧.૨૦૨૫નાં રોજ રેફ. નં.CGRF-AHD/C/09/2025-26/7175થી હુકમ પસાર કરેલ છે. સદર હુકમ સામે અરજદાર દ્વારા તા.૨૦.૧૨.૨૦૨૫નાં રોજ નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ અપીલ કરેલ. જેનાં અનુસંધાનમાં સામાવાળા વીજ કંપનીનો લેખિત જવાબ નીચે મુજબ છે.

નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલ ઉપરોક્ત વિષય પરત્વેની અપીલ અંગે સામાવાળા વીજ કંપનીને મળેલા પત્રનાં અનુસંધાને જણાવવાનું કે, માનનીય ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (જીઆઇઆરસી) દ્વારા જારી કરવામાં આવેલ "ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ રેગ્યુલેશન, ૨૦૧૯" ક્લોઝ નં.૩.૧૯(viii) મુજબ, અરજદારે અપીલ ફાઇલ કરતી વખતે વિવાદિત રકમની એક તૃતીયાંશ (1/3rd) રકમ જમા કરાવવી જરૂરી છે. જે હાલની અપીલને ધ્યાને લેતાં તેમજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા સર્વિસ નં.૨૧૯૬૬૮માં બાકી લેણાં રૂ.૨,૧૫,૫૫૦.૭૨ની ભરપાઈ કરવા હુકમ કરવામાં આવેલ, જે અંગે અપીલ કરવા માટે અરજદાર દ્વારા સામાવાળા વીજ કંપનીમાં એક તૃતીયાંશ (1/3rd) રકમની ભરપાઇ કરેલ નથી. જેથી સદર અપીલ અંગે એક તૃતીયાંશ (1/3rd) રકમ ભરવાનો અરજદારને આદેશ આપવા વિનંતી અને ત્યારબાદ જ સદર અપીલની સુનાવણી કરવા વિનંતી કરેલ.

Pre-conditions/ Limitations for Entertaining Complainant's Representation
"3.19. A Representation may be entertained by the Ombudsman only if all of the following conditions are satisfied.

...

viii. The Complainant has deposited one third amount in terms of the Forum's order, if required, with the Licensee and submitted a proof of payment made."

વધુમાં સામાવાળા વીજ કંપનીએ જણાવેલ કે, અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ ફરિયાદ નં. C/૦૯/૨૦૨૫-૨૬માં ફરીયાદી દ્વારા સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં ભરવા અંગે આપેલ નોટિસ સામે ફરિયાદ કરેલ. જે અન્વયે નામદાર ફોરમે તા.૧૪.૧૧.૨૦૨૫નાં રોજ ચૂકાદો આપેલ છે. પરંતુ સદર બાબતે જણાવેલ કે, અરજદાર દ્વારા અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમ નં.CGRF-AHD/C/04/2025-26/4767 તા.૩૦.૦૭.૨૦૨૫નાં રોજના હુકમ સામે નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ કેસ નં.૩૩/૨૦૨૫થી અપીલ કરેલ. સદર અપીલ અંગે નામદાર વિદ્યુત લોકપાલશ્રી દ્વારા તા.૨૪.૦૯.૨૦૨૫નાં રોજ હુકમ પસાર કરેલ છે. હાલમાં, અરજદાર દ્વારા કરેલ અપીલનાં મુદ્દા અંગે નામદાર વિદ્યુત લોકપાલશ્રીએ કેસ નં.૩૩/૨૦૨૫નાં હુકમમાં જરૂરી અવલોકન અને ચૂકાદો આપેલ છે. તેમ છતાં અરજદાર દ્વારા તે જ સર્વિસ નંબર અને તે જ મુદ્દાઓ અંગે ફરીથી નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ અપીલ કરી નામદાર વિદ્યુત લોકપાલશ્રીનો સમય વ્યય કરી રહેલ હોય તેમ જણાય છે. તેમજ રેગ્યુલેશનની જોગવાઈઓનો ગેરલાભ લઈ રહેલ હોય તેમ ફલિત થાય છે. જેથી તે સામે જરૂરી પગલાં લઇ યોગ્ય કાર્યવાહી કરવા આપ નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી છે. સદર બાબતે નામદાર વિદ્યુત લોકપાલશ્રી દ્વારા કેસ નં.૩૩/૨૦૨૫માં આપેલ ચુકાદા/તારણ નીચે મુજબ રિપ્રોડ્યુસ કરેલ છે.

"...

૪.૮. અરજદાર તથા સામાવાળા વીજ કંપનીની ઉપરોક્ત તમામ રજૂઆતોને ધ્યાન પર લેતાં નીચે મુજબની મહત્વની બાબતો પર ધ્યાન દોરવું જરૂરી બની રહે છે.

(૧) અરજદારે વેચાણ રાખેલ સર્વે નં.૨૨૯ પૈકી, ટેનામેન્ટ નં.૩/એ વાળી મિલકતમાં ત્રણ સર્વિસ આવેલ હતી. જેમાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧, ૧૪૦૩૧૮૪ અને ૨૧૯૬૬૮ છે. આ ત્રણેય સર્વિસ નંબરનો ઉલ્લેખ વેચાણ દસ્તાવેજમાં કરવામાં આવેલ છે અને અરજદાર ગ્રાહકનાં ધ્યાન ઉપર છે. અરજદારે નામફેર બદલીની પ્રક્રિયામાં ઇન્ડેક્ષની નકલ રજૂ

કરેલ અને નામફેરની પ્રક્રિયા વખતે પ્રિમાઇસિસમાં એક જ સર્વિસ ચાલુ હતી એટલે જે સર્વિસમાં નામફેર કરવાની અરજી આપેલ હતી તેમાં બાકી લેણાં છે કે કેમ? તેટલા પૂરતી જ ચકાસણી કરીને નામફેર કરી આપવામાં આવેલ હતું. જો અરજદારે ઇન્ડેક્ષને બદલે વેચાણ દસ્તાવેજની નકલ આપી હોત તો બાકીનાં બે વીજ જોડાણોનું Dues છે, એવું જાણી થઈ શકાયુ હોત. એ વાત સ્પષ્ટ છે કે હાલનાં અરજદારે ઉપર દર્શાવેલ ત્રણ ગ્રાહકનંબર વાળી મિલકત ખરીદેલ છે અને સદર મિલકત ઉપર બાકીનાં બે વીજ જોડાણની સર્વિસ કપાઈ ગયેલ છે. તેની જાણ ગ્રાહકને પણ છે એટલે સદર મિલકત ઉપર બાકીનાં બે વીજ જોડાણનાં કોઇ બાકી લેણાં છે કે કેમ? એ અંગે સામાવાળા વીજ કંપની પાસેથી જાણવાની કે "No Due" સર્ટી મેળવવાનો પ્રયત્ન અરજદારે કર્યો હોત તો તે જ સમયે પ્રશ્નનું નિવારણ આવી શકે તેમ હતું.

(૨) "No Due" જે તે ગ્રાહક નંબરનાં વીજ જોડાણને લાગતું આપવામાં આવે છે. સદર વીજ જોડાણ જે પ્રોપર્ટીમાં આવેલ છે, તે પ્રોપર્ટીમાં અન્ય વીજ જોડાણ કે જે કપાઈ ગયેલ છે, તે જો ગ્રાહક દ્વારા ધ્યાન પર મૂક્યા વગર જ માત્ર એક જ વીજ જોડાણનાં ગ્રાહક નંબરનું "No Due" માંગવામાં આવે તો અન્ય કપાયેલા વીજ જોડાણોમાં અલગ એડ્રેસ નોંધાયેલ હોય તો તે લેણું સામાવાળા વીજ કંપનીનાં ધ્યાન પર ન આવે તે વાત સમજી શકાય તેમ છે.

(૩) અરજદાર દ્વારા કેસ નં.૨૯/૨૦૨૩ની રજુઆત સદર કેસમાં કરવામાં આવેલ છે, તે સ્વીકાર્ય નથી. જે તે કેસનાં ગુણદોષ ઉપર નિર્ણય લેવાયેલ હતો.

(૪) અરજદાર દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટનાં K.C. Ninan vs Kerala State Electricity Board & Ors.નાં ચુકાદા અંગે રજુઆત કરેલ છે અને સદર ચુકાદાનાં આધારે નવા ગ્રાહક પાસેથી જૂના ગ્રાહકનાં લેણાં વસૂલી શકાય નહીં, તેવી રજુઆત કરેલ છે. આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ચુકાદામાં સ્પષ્ટ તારણ આપેલ છે કે જો મિલકત ખરીદનાર નવા ગ્રાહકને વીજ કનેક્શન મેળવવું હોત તો સદર મિલકત ઉપર જૂના ગ્રાહકનાં નાણાં બાકી હોય તો તે ભરપાઈ કરવાનાં રહેશે.

(૫) "ખરીદનારે સાવધ રહેવું" આ પ્રિન્સિપલ મુજબ મિલકત ખરીદનારે મિલકત ઉપર સરકારનું ઇલેક્ટ્રિસીટીનું કે બીજું કોઈ લેણું બાકી છે કે કેમ? તે અંગેની ચકાસણી કરવાની ફરજમાં આવે છે એટલે કે મિલકત ખરીદતી વખતે જે સ્થિતિ હોય તે તમામ સ્થિતિ નવા માલિકમાં ટ્રાન્સફર થાય. એ જોતાં અરજદારની દલીલ સ્વીકારી શકાય તેમ નથી.

(૬) અરજદારની રજૂઆત છે કે જો ગ્રાહક વીજ બિલનાં નાણાં ભરપાઈ ન કરે તો કાયમી ધોરણે જ વીજ જોડાણ કાપી નાખવું જોઈએ. જો તરત જ વીજ કનેક્શન કાપી નાખ્યું હોત તો ગ્રાહક ઉપર બીનજરૂરી ચાર્જિસ ચડત નહીં. લાયસન્સી એ બાકીનાં બે કનેક્શન કાપવા માટે પ્રયત્ન કર્યો છે. પણ ગ્રાહક તેમનાં પ્રિમાઇસિસમાં પ્રવેશ કરવા ન દેતો હોવાથી કાયમી ધોરણે વીજ કનેક્શન કાપી શકાયું નથી એટલે અરજદારની આ દલીલ સ્વીકાર્ય નથી.

(૭) અરજદારની દલીલ છે કે જ્યારે ગ્રાહકે નામફેર બદલીની પ્રક્રિયા કરી ત્યારે બતાવેલ/રજૂ કરેલ ઇન્ડેક્ષમાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧વાળા કનેક્શનની મિલકતનાં

એરિયાની ચકાસણી કરવાની જરૂરિયાત હતી. જેથી બાકી બે કનેક્શનવાળા એરિયા ઉપર Dues છે કે કેમ? તે જાણી શકાયું હોત. સદર મિલકત ઉપર ત્રણ કનેક્શન છે, તે હકીકત સ્વીકાર્ય છે. બાકીનાં બે વીજ જોડાણ મેળવતી વખતે ગ્રાહકે પ્રિમાઇસિસ અલગ અલગ બતાવેલ હશે, તો જ એક જ પ્રિમાઇસિસમાં અન્ય બીજા વીજ જોડાણો મેળવી શકયા હોય. વળી, ગ્રાહકે મ્યુનિસિપલ કચેરીને અલગ અલગ મિલકત બતાવેલ છે. આવા સંજોગોમાં ફક્ત ઇન્ડેક્ષ ઉપરથી ઇન્ડેક્ષવાળી મિલકતનાં ક્ષેત્રફળમાં બીજા વીજ જોડાણો આપવામાં આવ્યા હતાં અને તેનાં ઉપર વીજ કંપનીનાં Dues છે. એવું ધ્યાન ઉપર આવી શકે નહીં એટલે તે હકીકત/દલીલ સ્વીકારી શકાય તેમ નથી.

(૮) અરજદારે નામફેરની પ્રક્રિયા કરતી વખતે મિલકતનો વેચાણ દસ્તાવેજ રજૂ કર્યા હોત તો લાયસન્સીનાં ધ્યાન ઉપર બાકીનાં બે વીજ જોડાણોની વિગત આવી શકી હોત. એ જ વખતે નામફેરની પ્રક્રિયા અટકી શકી હોત પરંતુ અરજદારે ઇરાદાપૂર્વક ફક્ત ઇન્ડેક્ષની નકલ રજૂ કરીને નામફેર કરાવ્યું છે તે ગ્રાહકનો સત્ય હકીકતો છુપાવવાનો પ્રયત્ન કર્યો છે, એવું ગણાય. જેનો ગેરલાભ ગ્રાહક લઇ શકે નહીં.

(૯) ગ્રાહક નં.૧૪૩૦૯૧૧વાળી મિલકતનાં માલિક હાલનાં ગ્રાહક/અરજદાર છે. વેચાણ દસ્તાવેજ અને ઈન્ડેક્ષમાં જણાવેલ ક્ષેત્રફળવાળી મિલકતનો કબજો ગ્રાહક/અરજદાર પાસે છે. વળી, સામાવાળા વીજ કંપનીની એવી રજૂઆત કરે છે કે જે અન્ય બંને ગ્રાહક નંબર સદર પ્રોપર્ટી ઉપર હતાં, જેનાં ઉપર ડ્યુ છે. સદર મિલકતનાં કબજામાં હાલનાં અરજદાર હોઇ, તેમનાં હાલનાં ગ્રાહક નં.૧૪૩૦૯૧માંથી વીજ જોડાણ કરીને આખીય મિલકત ઉપર વીજ પુરવઠાનો વપરાશ કરવામાં આવે છે ત્યારે સદર ગ્રાહક/અરજદાર તે મિલકતનાં Dues/નાણાં આપવા બંધાયેલ છે.

(૧૦) ગ્રાહક નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪વાળા મૂળ ગ્રાહકની પાસેથી નાણાં વસૂલ લેવા માટે સામાવાળા વીજ કંપનીએ ઘણા પ્રયત્નો કર્યા છે. મૂળ ગ્રાહક સામાવાળા વીજ કંપનીનાં કાર્યક્ષેત્રનાં વિસ્તારમાં અન્ય વીજ જોડાણ ધરાવતો હોત તો તેની પાસેથી લેણાં વસુલવા પ્રયત્નો હાથ ધરેલ હોત પણ ગ્રાહક મળી આવેલ નથી અને હવે નવા ગ્રાહક દ્વારા સદર મિલકત ખરીદેલ છે અને જૂના ગ્રાહકનાં બાકી લેણાંવાળી મિલકતમાં વીજ જોડાણ કાર્યરત છે ત્યારે તે વીજ બિલનાં નાણાં નવા ગ્રાહકની પાસેથી વસૂલ કરવાનું કૃત્ય કાયદેસરનું જણાઇ આવે છે. સામાવાળા વીજ કંપની એ વસૂલ મેળવવાનો અધિકાર ધરાવે છે.

(૧૧) અરજદાર અને સામાવાળા વીજ કંપની એમ બંને પક્ષકારો દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતનાં K.C. Ninan vs Kerala State Electricity Board & Ors.નાં ચુકાદા ઉપર આધાર રાખવામાં આવ્યો છે. આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે તમામ બાબતોની સ્પષ્ટતા કરેલ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કર્યું છે કે નવાં જોડાણ માટેની અરજી આવે કે જૂનું વીજ જોડાણ ફરીથી ચાલુ કરવાની અરજી આવે તો જે તે મિલકત ઉપર વીજ બિલનાં નાણાં બાકી નીકળતા હોય તો નવા ગ્રાહકે જુનાં ગ્રાહકનાં બાકી નાણાં ભરવા પડશે.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો સામાવાળા વીજ કંપનીની દલીલોને સમર્થન કરે છે. જે વિદ્યુત લોકપાલ સમક્ષનાં હાલનાં કેસને સંપૂર્ણપણે લાગુ પડે છે.

...”

વધુમાં જણાવેલ કે, અરજદાર દ્વારા અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા.૧૦.૦૧.૨૦૨૪નાં રોજ ફરિયાદ નં.૦૩/૨૦૨૪થી તે જ સર્વિસ નંબર અને તે જ મુદ્દા માટે ફરિયાદ કરવામાં આવેલ. સદર ફરિયાદ અંગે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૪નાં રોજ હુકમ પસાર કરેલ. જેમાં ફરિયાદીની સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં ભરપાઇ કરવા ગ્રાહક તકરાર નિવારણ ફોરમે આદેશ આપેલ. સદર ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ચુકાદા સામે અરજદાર દ્વારા તા.૨૩.૦૨.૨૦૨૪નાં રોજ અપીલ કરેલ. જેની નકલ અરજદારે સામાવાળા વીજ કંપનીમાં જમા કરાવેલ. સદર અપીલ સામે રેગ્યુલેશન્સની જોગવાઇ મુજબ નામદાર વિદ્યુત લોકપાલશ્રી દ્વારા એક તૃત્યાંશ રકમ ભરવાનો આદેશ કરવામાં આવેલ. સદર રકમની ભરપાઈ ન થયેથી નામદાર વિદ્યુત લોકપાલશ્રી દ્વારા સદર અપીલ દાખલ કરવામાં આવેલ નહીં. જેની ખાસ નોંધ લેવા વિનંતી કરેલ. વધુમાં જણાવેલ કે, અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા આપેલ ફરિયાદ નં.૦૩/૨૦૨૪નાં હુકમનું આજદિન સુધી પાલન કરેલ નથી તેમજ તે સમયે એક તૃત્યાંશ રકમ ભરી નામદાર વિદ્યુત લોકપાલશ્રીની કચેરીમાં અપીલ કરેલ નથી. જેથી માની શકાય કે, અરજદાર દ્વારા તે સમયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા આપેલ ચુકાદો સ્વીકારી લીધેલ હતો. સદર બાબતની ખાસ નોંધ લેવા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી છે તેમજ ઉપરોક્ત ખુલાસા મુજબ પણ અરજદાર ફરીથી નામદાર વિદ્યુત લોકપાલશ્રીનો સમય વ્યય કરી રહેલ હોય તેવું ફલિત થતાં અરજદાર સામે કડક પગલાં લેવા વિનંતી કરેલ.

આમ, ઉપરોક્ત સઘળી બાબતોને ધ્યાને લેતાં સામાવાળા વીજ કંપની જણાવે છે કે, અરજદારે વખતોવખત સર્વિસ નં.૧૪૩૦૯૧૧, ૨૧૯૬૬૮, ૧૪૦૩૧૮૪ અંગે અને બાકી લેણાંની ભરપાઇ બાબતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તેમજ નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ એક જ મુદ્દો ઉપસ્થિત કરી બંનેનો સમય વ્યય કરી રહેલ હોય તેથી તે સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. સદર બાબતે સામાવાળા વીજ કંપનીએ નીચે મુજબનું કોષ્ટક ખુલાસારૂપે નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ રજુ કરેલ છે.

ક્રમ	ફરિયાદ નંબર	સર્વિસ નંબર	ફરિયાદ કરેલ ઓથોરિટી	ફરિયાદી	ફરિયાદનો મુદ્દો	હુકમ
૧.	૦૩/૨૦૨૪	૧૪૩૦૯૧૧/ ૨૧૯૬૬૮	નામદાર ફોરમ	ભરત તિલકરાજ શર્મા	સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં ન ભરવા બાબતે.	સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં ભરવાપાત્ર છે. (હુકમ તા.૦૯.૦૨.૨૦૨૪)
૨.	C/૦૪/ ૨૦૨૫-૨૬	૧૪૩૦૯૧૧/ ૧૪૦૩૧૮૪	નામદાર ફોરમ	ભરત તિલકરાજ શર્મા	સર્વિસ નં.૧૪૦૩૧૮૪ના ભરેલ નાણાં પરત લેવા બાબતે.	સર્વિસ નં.૧૪૦૩૧૮૪ના ભરેલ નાણાં પરત કરવાપાત્ર નથી. (હુકમ તા.૨૯.૦૭.૨૦૨૫)

૩.	૩૩/૨૦૨૫	૧૪૩૦૯૧૧/ ૧૪૦૩૧૮૪	નામદાર વિદ્યુત લોકપાલ	ભરત તિલકરાજ શર્મા	સર્વિસ નં.૧૪૦૩૧૮૪ના ભરેલ નાણાં પરત લેવા બાબતે.	સર્વિસ નં.૧૪૦૩૧૮૪ના ભરેલ નાણાં પરત કરવાપાત્ર નથી. સર્વિસ ન.૨૧૯૬૬૮ના બાકી લેણાં ભરવા બંધાયેલ છે. (હુકમ તા.૨૪.૦૯.૨૦૨૫)
૪.	૪૦/૨૦૨૫ (રીવ્યુ)	૧૪૩૦૯૧૧/ ૧૪૦૩૧૮૪	નામદાર વિદ્યુત લોકપાલ	ભરત તિલકરાજ શર્મા	સર્વિસ નં.૧૪૦૩૧૮૪ના ભરેલ નાણાં પરત લેવા બાબતે.	અરજદારની રીવ્યુ અરજી રદ કરેલ છે. (હુકમ તા.૨૯.૧૧.૨૦૨૫)
૫.	C/૦૯/ ૨૦૨૫-૨૬	૧૪૩૦૯૧૧/ ૨૧૯૬૬૮	નામદાર ફોરમ	ભરત તિલકરાજ શર્મા	સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં બાબતે.	સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં ભરવાપાત્ર છે. (હુકમ તા.૧૪.૧૧.૨૦૨૫)
૬.	૪૬/૨૦૨૫	૧૪૩૦૯૧૧/ ૨૧૯૬૬૮	નામદાર વિદ્યુત લોકપાલ	ભરત તિલકરાજ શર્મા	સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં બાબતે.	-

આમ, ઉપરોક્ત કોષ્ટક જોતાં સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, અરજદારે તા.૧૦.૦૧.૨૦૨૪ થી આજદિન સુધી બાકી લેણાં ભરપાઈ કરવાની પોતાની કાયદેસરની જવાબદારીમાંથી છટકી જવાના આશયથી વારંવાર એક જ મુદ્દા અને એક જ સર્વિસ નંબરો બાબતે બંને ઓથોરીટી સમક્ષ ફરિયાદ કરી રહેલ છે. આમ જોતાં ફરિયાદી કાયદાનો ગેરલાભ લઈ રહેલ હોય તેમ જણાય છે. ઉપરોક્ત ખુલાસા મુજબ પણ અરજદાર ફરીથી નામદાર વિદ્યુત લોકપાલશ્રીનો સમય વ્યય કરી રહેલ હોય તેવું ફલિત થતાં અરજદાર સામે કડક પગલાં લેવા વિનંતી કરેલ છે.

ઉપરોક્ત સઘળી બાબતોને ધ્યાને લેવા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી છે તેમજ અરજદાર દ્વારા નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ કરેલ અપીલ બાબતે સામાવાળા વીજ કંપનીએ નીચે મુજબ જવાબ રજુ કરેલ છે.

સામાવાળા વીજ કંપની દ્વારા સદર કેસની પ્રાથમિક વિગતો નીચે મુજબ રજૂ કરેલ.

અરજદારની અપીલ અન્વયે અગાઉ સ્થગિત કરેલ વીજ જોડાણ ગ્રાહક નં.૨૧૯૬૬૮ની સ્થળ તપાસ દરમ્યાન માલુમ પડેલ કે સદર જગ્યા પર ચાલુ વીજ પુરવઠાવાળી સર્વિસ નં.૧૪૩૦૯૧૧ માંથી વીજ વપરાશ ચાલુ જોવા મળેલ, જે અનુસંધાને સામાવાળા વીજ કંપની દ્વારા અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ શ્રી ભરતભાઈ તિલકરાજ શર્માને માનનીય ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા જારી કરવામાં આવેલ "સપ્લાય કોડ એન્ડ રીલેટેડ મેટર્સ રેગ્યુલેશન્સ" નોટીફીકેશન નં.૪ વર્ષ-૨૦૧૫ (સપ્લાય કોડ-૨૦૧૫)ના કલોઝ નં.૮.૫ મુજબ નોટીસ પાઠવેલ. ત્યારબાદ, ચાલુ વીજ જોડાણવાળી સર્વિસ નં. ૧૪૩૦૯૧૧માં સદર કેસનાં અરજદાર દ્વારા તા.૦૭.૧૨.૨૦૨૩નાં રોજ લોડ વધારાની અરજી કરતાં સદર અરજી અન્વયે ગ્રાહક નં.૨૧૯૬૬૮ ના બાકી લેણાં ભરપાઈ કરવા જણાવેલ. ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા નામદાર ફોરમ સમક્ષ તા.૧૦.૦૧.૨૦૨૪નાં રોજ ફરિયાદ નં.૦૩/૨૦૨૪ થી ફરિયાદ દાખલ થયેલ. જે અનુસંધાને

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૪નાં રોજ રેફરન્સ નં.CGRF/FC/03/9716 થી ચુકાદો આપેલ, જે રજુ કરેલ. ત્યારબાદ, સદર નાણાંની ભરપાઈ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમ મુજબ ભરવાપાત્ર હોવા છતાં આજદિન સુધી ભરપાઈ કરેલ ન હોઈ તેમજ હાલમાં પણ સદર કપાયેલ સર્વિસવાળી જગ્યા ઉપર ચાલુ વીજ જોડાણમાંથી વીજ પુરવઠો વાપરી રહેલ છે, તેથી ફરીથી સામાવાળા વીજ કંપની દ્વારા સર્વિસ નં.૨૧૯૬૬૮ના વીજ બીલનાં બાકી નીકળતા નાણાંની વસુલાત અંગે માનનીય ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા જારી કરવામાં આવેલ "સપ્લાય કોડ એન્ડ રીલેટેડ મેટર્સ રેગ્યુલેશન્સ" નોટીફીકેશન નં.૪ વર્ષ-૨૦૧૫ (સપ્લાય કોડ-૨૦૧૫)ના કલોઝ નં.૮.૫ મુજબ તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ નોટીસ પાઠવવામાં આવેલ. સદર બાબતે જણાવવાનું કે, અરજદાર શ્રી ભરતભાઈ તિલકરાજ શર્મા દ્વારા અગાઉ સદર ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ માં કરેલ ફરિયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા.૦૨.૦૭.૨૦૨૫નાં રોજ ફરિયાદ નં.૦૪/૨૦૨૫-૨૬ થી ફરિયાદ નોંધાયેલ. સદર ફરિયાદમાં અરજદાર દ્વારા ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં અન્ય ગ્રાહક નં.૧૪૦૩૧૮૪ ના વીજ બીલના બાકી નીકળતા નાણાંની વસુલાત કરેલ જે બાબતે સદર નાણાં રીફંડ આપવાની રજુઆત અરજદારે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ. જે અનુસંધાને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૨૯.૦૭.૨૦૨૫ ના રોજથી રેફ. નં.CGRF-AHD/C/04/2025-26/4767 થી હુકમ પસાર કરેલ છે, જે હુકમની નકલ રજુ કરેલ.

તદઉપરાંત ત્યારબાદ અરજદારે સદર નાણાં રીફંડ આપવાની રજુઆત નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ તા.૧૮.૦૮.૨૦૨૫નાં રોજ ફરિયાદ નં.૩૩/૨૦૨૫ થી કરેલ હતી. જે અનુસંધાને નામદાર વિદ્યુત લોકપાલ દ્વારા તા.૨૪.૦૯.૨૦૨૫નાં રોજથી રેફ. નં.ઓમ્બુડસમેન/ઓર્ડર/કેસ નં.૩૩/૨૦૨૫/૯૩ થી હુકમ પસાર કરેલ છે, જે હુકમની નકલ રજુ કરેલ.

વધુમાં જણાવવાનું કે, અરજદાર દ્વારા કરેલ અગાઉ નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ તા.૧૮.૦૮.૨૦૨૫નાં રોજ કરેલ અપીલ (ફરિયાદ નં.૩૩/૨૦૨૫) ના તમામ મુદ્દા હાલની અપીલ (ફરિયાદ નં.૪૬/૨૦૨૫) સાથે સમાન હોય જે બાબતે અગાઉ નામદાર વિદ્યુત લોકપાલશ્રીએ બંને પક્ષોની રજુઆતો તથા દલીલો ધ્યાને લઈ હુકમ આપેલ છે. તેથી સદર બાબતો અહીં ફરીથી રજુ કરીને નામદાર વિદ્યુત લોકપાલશ્રીનો કિંમતી સમય વ્યય કરી રહેલ હોય તેમ જણાય છે.

સદર સવાલવાળી જગ્યા પર સામાવાળા વીજ કંપની દ્વારા જે તે સમયે ગ્રાહક નં.૨૧૯૬૬૮, ૧૪૦૩૧૮૪ અને ૧૪૩૦૯૧૧થી એમ કુલ ૩ અલગ વીજ જોડાણો ફાળવવામાં આવેલ, સદર ત્રણેય વીજ જોડાણો કાયદેસર રીતે વિભાજિત પ્રિમાઇસિસમાં, અલગ અલગ ગ્રાહકના નામે, નિયમાનુસાર, અલગ અલગ સરનામાં (૩/A, ૩/A/૧, ૩/A/FF) થી ફાળવેલ. સદર ત્રણેય સર્વિસની વિગતવાર માહિતી નીચે મુજબ કોષ્ટક-૧માં દર્શાવેલ છે.

કોષ્ટક-૧

સર્વિસ નંબર	ગ્રાહક નું નામ	જગ્યાનું સરનામું	કરવેરા નંબર	તારીખ	**TPL** કાર્યવાહી	વિગત
૨૧૯૬૬૮	દર્શનસિંઘ જાગીરસિંઘ	૩/એ, અશ્વમેધ સોસાયટી, સત્યમનગર	૦૪૧૦-૦૭-૦૨૦૬-	૦૧.૦૪.૧૯૭૨	નવું વીજ જોડાણ	સેક્રેટરી, અશ્વમેધ કો.ઓ.હા. સોસાયટીના નામે

		પાસે, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૩.	૦૦૦૧-એન	૨૫.૦૨.૨૦૦૬	નામ બદલી	સેક્રેટરી, અશ્વમેધ કો.ઓ.હા. સોસાયટી થી દર્શનસિંધ જાગીરસિંધના નામે
				૦૫.૦૨.૨૦૧૮	છેલ્લે કરેલ વીજ બિલની ચૂકવણી રૂ.૧૫,૦૦૦/-	કુલ બાકી લેણાં રૂ.૫૬,૨૨૬/- પૈકી પાર્ટ પેમેન્ટ રૂ.૧૫,૦૦૦/- ભરેલ.
				૧૦.૦૧.૨૦૧૯	બિલ ના ભરવાથી સેવા સ્થગિત	ગ્રાહક દ્વારા સેવા સ્થગિતની કાર્યવાહી ન કરવા દેતાં સામાવાળા વીજ કંપની દ્વારા QRT ટીમની મદદ દ્વારા મિટર નીકાળેલ છે.
				૨૩.૦૯.૨૦૨૩	બાકી લેણાં બાબતેની નોટિસ	સ્થળ તપાસ દરમ્યાન સદર પ્રિમાઇસમાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧ માંથી વીજ વપરાશ થતો હોવાનું માલૂમ પડેથી નોટિસ પાઠવેલ.
				૦૧.૦૩.૨૦૨૪	સર્વિસ એપેરેટસ રીમુવલ	કાયમી વીજ જોડાણ બંધ થવાથી
				હાલની સ્થિતિ	રૂ.૨,૧૫,૫૫૦.૭૧	રકમ બાકી વ્યાજ સાથે ૦૩.૧૦.૨૦૨૫ સુધી
૧૪૦૩૧૮૪	અવતારસિંધ જાગીરસિંધ	૩/એ/FF, અશ્વમેધ સોસાયટી, સત્યમનગર	૦૪૧૦-૦૭-૦૨૦૬-	૦૧.૧૦.૨૦૦૫	નવું વીજ જોડાણ	દર્શનસિંધ જાગીરસિંધના ભાઇ અવતારસિંધ જાગીરસિંધના નામે

		રોડ, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૩.	૦૦૦૪-એચ			આપેલ, જે પહેલા માળ પર રહેતા હતા.
				૧૦.૦૧.૨૦૧૯	બિલ ના ભરવાથી સેવા સ્થગિત	ગ્રાહક દ્વારા સેવા સ્થગિતની કાર્યવાહી ન કરવા દેતાં સામાવાળા વીજ કંપની દ્વારા QRT ટીમની મદદ દ્વારા મીટર નીકાળેલ છે.
				૦૨.૦૭.૨૦૨૨	બાકી લેણાં બાબતેની નોટિસ	સ્થળ તપાસ દરમ્યાન સદર પ્રિમાઇસમાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧માંથી વીજ વપરાશ થતો હોવાનું માલૂમ પડેથી નોટિસ પાઠવેલ.
				૩૧.૧૨.૨૦૨૨	બાકી વીજ બીલની રકમ તબદીલ	વીજ બિલના લેણાં રૂ.૧૦૩૧૭૬/- ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં તબદીલ કરેલ હતા.
				૨૯.૧૦.૨૦૨૩	સર્વિસ એપેરેટસ રીમુવલ	કાયમી વીજ જોડાણ બંધ થવાથી
૧૪૩૦૯૧૧	ભરતભાઈ તિલકરાજ શર્મા	૨૨૯/૩/એ/૧, અશ્વમેધ સોસાયટી, સત્યમનગર પાસે, અમરાઈવાડી,	૦૪૧૦૧-૦૭-૦૨૦૬-૦૦૦૨-એલ & ૦૪૧૦-૦૭-	૦૧.૦૪.૨૦૦૮	નવું વીજ જોડાણ	કુલદીપ દર્શનસિંઘ ના નામે
				૨૩.૦૨.૨૦૧૯	નામ બદલી	કુલદીપ દર્શનસિંઘ થી ભરતભાઈ તિલકરાજ શર્મા
				૦૨.૦૭.૨૦૨૨	પોસ્ટ દ્વારા ગેટિંગ	સ્થળ તપાસ દરમ્યાન કપાયેલ સર્વિસ

		અમદાવાદ-૩૮૦૦૨૩.	૦૨૦૬-૦૦૦૩-જે		સપ્લાયની નોટિસ મોકલેલ હતી	નં.૧૪૦૩૧૮૪ વાળી પ્રિમાઇસમાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧માંથી વીજ વપરાશ થતો હોવાનું માલૂમ પડેથી નોટિસ પાઠવેલ.
				૧૦.૧૨.૨૦૨૨	રૂબરૂ ફરી એકવાર ગેટીંગ સપ્લાયની નોટિસ મોકલેલ હતી.	નોટિસ ના લેતા, સ્થળ પર લગાવેલ હતી.
				૩૧.૧૨.૨૦૨૨	વીજ બિલના લેણાં તબદીલ કરેલ.	વીજ બિલના લેણાં રૂ.૧,૦૩,૧૭૬/- ગ્રાહક નં.૧૪૦૩૧૮૪માંથી તબદીલ કરેલ હતા.
				૨૦.૦૬.૨૦૨૩	સર્વિસ નં. ૧૪૦૩૧૮૪નાં બાકી લેણાં અંગેની ચુકવણી	રૂ.૨૦,૦૦૦/- ના પાંચ હપ્તાથી ચુકવણી કરેલ હતી.
				૦૩.૧૦.૨૦૨૫	સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં અંગેની નોટિસ (ક્લોઝ-૮.૫ મુજબ)	રૂ.૨,૧૫,૫૫૦.૭૧ તા.૦૩.૧૦.૨૦૨૫ સુધી વ્યાજ સાથે.
				હાલની સ્થિતિ	સર્વિસ ચાલુ અને રેગ્યુલર બિલની ચુકવણી	૩/એ ની જગ્યા સહિત સમગ્ર પરિસરમાં પાવરનો વપરાશ આ વીજ જોડાણથી ચાલુ છે

						અને ગ્રાહક નં.૨૧૯૬૬૮૮ના ચુકવણી બાકી.

ઉપરોક્ત કોષ્ટક જોતાં નીચે મુજબની વિગતો ધ્યાને લેવા વિનંતિ કરેલ.

(i) સદર સવાલવાળી જગ્યામાં જુદા જુદા સમયે ત્રણ વીજ જોડાણો જુદી જુદી પ્રિમાઇસ માટે ઉપરોક્ત કોષ્ટકમાં જણાવ્યા અનુસાર અલગ અલગ નામે તથા સરનામે આપવામાં આવેલ હતા.

(ii) અરજદાર દ્વારા ફક્ત સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં નામબદલી માટે તા.૨૩.૦૨.૨૦૧૯નાં રોજ સામાવાળા વીજ કંપનીમાં અરજી કરેલ. સદર નામબદલી વખતે માલિકીના પુરાવારૂપે અરજદાર તરફથી સદર વેચાણ દસ્તાવેજની ઇન્ડેક્ષની નકલ રજૂ કરેલ હતી. જે ધ્યાને લઇ સામાવાળા વીજ કંપની દ્વારા સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં શ્રી કુલદીપસિંઘ દર્શનસિંઘ શિખ થી શ્રી ભરતભાઈ તિલકરાજ શર્માના નામે કરવામાં આવેલ. સદર નામબદલી વખતે અરજદારે રૂ.૪૦૦/- સિક્યોરિટી ડિપોઝીટ તેમજ રૂ.૨૦/- રજીસ્ટ્રેશન ચાર્જીસ પેટે ભરપાઈ કરેલ છે.

(iii) અત્રે નોંધનીય છે કે, અરજદાર દ્વારા ઉપરોક્ત ૩ સર્વિસોમાંથી ફક્ત એક જ કાર્યરત વીજ જોડાણમાં જેનો સર્વિસ નં.૧૪૩૦૯૧૧ છે તેમાં નામબદલી કરાવવાની અરજી કરેલ. વધુમાં જણાવવાનું કે, સદર કમ્પાઉન્ડમાં આવેલ અન્ય ૨ વીજ જોડાણોમાં બિલની ભરપાઈ થયેલ ન હોઈ તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ વીજ જોડાણો સ્થગિત કરી મીટર કબજે લેવામાં આવેલ હતા. સદર બાબતે વધુમાં જણાવેલ કે, ઉપરોક્ત સ્થગિત કરેલ મીટરોના બાકી વીજ બિલના લેણાં વસુલવા માટે સામાવાળા વીજ કંપની તરફથી સતત પ્રયત્નો કરવામાં આવેલ હતા, પરંતુ સદર જગ્યાના વપરાશકર્તા (જુના માલિકો) દ્વારા વીજ જોડાણ સ્થગિત કરવા અંગે દરેક વખતે અવરોધ ઉભો કરી વીજ જોડાણ કાપવા દીધેલ નહીં. આખરે સામાવાળા વીજ કંપની દ્વારા QRT ટીમનો કાફલો લઇ તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ સર્વિસ નં.૧૪૦૩૧૮૪ તથા ૨૧૯૬૬૮૮નો વીજ પુરવઠો સ્થગિત કરી મીટરો ઉતારી લેવામાં આવેલ હતાં.

(iv) ઉપરોક્ત સ્થગિત કરેલ વીજ જોડાણના બાકી લેણાં અંગે વારંવાર પ્રયત્નો અને સ્થળ તપાસ કરતાં સામાવાળા વીજ કંપનીને જાણવા મળેલ કે, સદર ૨(બે) કપાઇ ગયેલ સર્વિસવાળી પ્રિમાઇસમાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧માંથી વીજ પુરવઠો ચાલુ હોવાનું માલુમ પડેલ હતું. જેથી સામાવાળા વીજ કંપની દ્વારા માનનીય ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા જારી કરવામાં આવેલ "સપ્લાય કોડ એન્ડ રિલેટેડ મેટર્સ રેગ્યુલેશન્સ" નોટિફિકેશન નં.૪ વર્ષ ૨૦૧૫(સપ્લાય કોડ-૨૦૧૫)નાં ક્લોઝ નં.૮.૫ મુજબ અનુક્રમે તા.૨૩.૦૯.૨૦૨૩ અને તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ નોટીસ પાઠવવામાં આવેલ. સદર નોટીસની નકલ રજૂ કરેલ. સદર ક્લોઝ નં.૮.૫ અહીં નીચે મુજબ છે.

> "8.5 The licensee may take steps to prevent unauthorized reconnection of consumers disconnected in the manner as described above, Wherever the licensee discovers that connection has been re-connected in authorized manner, licensee may initiate action as per provisions of Section 138 of the Act. Further, in case the licensee discovers that supply to such premises has been restored through another live

connection, all pending dues of the said disconnected connection shall be transferred to such live connection's account and nonpayment of such transferred dues may be treated as per clause 8.3(1)."

(v) સર્વિસ નં.૧૪૦૩૧૮૪નાં બાકી લેણાં રૂ.૧,૦૩,૧૭૬/- સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં તા.૩૧.૧૨.૨૦૨૨નાં રોજ તબદીલ કરવામાં આવેલ હતાં. સદર બાકી લેણાં અંગે હાલનાં વપરાશકર્તા(અરજદાર)ની રજૂઆતને ધ્યાને લઇ અને તેમની માંગને ગ્રાહ્ય રાખી સામાવાળા વીજ કંપનીનાં અધિકારી દ્વારા અરજદારને રૂ.૨૦,૦૦૦/-ના એવા ૫ માસિક હપ્તા કરી આપેલ. જે અરજદારે તા.૨૦.૦૬.૨૦૨૩(છેલ્લો હપ્તો) સુધીમાં ભરપાઈ કરેલ હતા.

(vi) સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં રૂ.૨,૧૫,૫૫૦.૭૧/- તા.૦૩.૧૦.૨૦૨૫ના રોજ વિલંબિત ચૂકવણી પરના વ્યાજ સાથે પણ ભરવાપાત્ર છે તથા સદર પ્રિમાઈસમાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧ માંથી વીજ પુરવઠો ચાલુ હોવાનું માલુમ પડેલ છે. જેથી સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં અરજદારનાં ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં સપ્લાય કોડ-૨૦૧૫નાં ક્લોઝ નં.૮.૫ મુજબ ઉધારવાપાત્ર છે. જે બાબતે સામાવાળા વીજ કંપની દ્વારા અરજદારને તા.૨૩.૦૯.૨૦૨૩ અને તા.૦૩.૧૦.૨૦૨૫ના રોજ નોટીસ પાઠવેલ છે.

અરજદાર ઉપરોક્ત કપાત કરેલ વીજ જોડાણનાં હાલનાં માલિક અને કબજેદાર હોવા છતાં બાકી નીકળતા વીજ બિલના નાણાં આજદિન સુધી ભરપાઈ કરેલ ન હોઈ અને અન્ય તકરાર ઉભી કરી નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ ફરિયાદ કરેલ છે. જે અરજદારની ફરિયાદના અનુસંધાનમાં નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ સામાવાળા વીજ કંપનીનો મુદ્દાસર લેખિત જવાબ નીચે મુજબ છે.

(૧) અરજદારની ફરિયાદનાં પેરા નં.૨.૧(૧)(ખ)નાં અનુસંધાને જણાવેલ કે, સર્વિસ નં.૧૪૩૦૯૧૧વાળી પ્રિમાઇસમાં નામબદલી માટે તા.૨૩.૦૨.૨૦૧૯નાં રોજ અરજદાર તરફથી ઉપરોક્ત સર્વિસ નંબરનાં માલિકીના પુરાવારૂપે વેચાણ દસ્તાવેજની ઇન્ડેક્ષની નકલ રજૂ કરેલ હતી. જે ધ્યાને લઇ સામાવાળા વીજ કંપની દ્વારા સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં શ્રી કુલદીપસિંઘ દર્શનસિંઘ શિખ થી શ્રી ભરતભાઈ તિલકરાજ શર્માનાં નામે કરવામાં આવેલ. સદર નામબદલી વખતે અરજદારે રૂ.૪૦૦/- સિક્યોરિટી ડિપોઝિટ તેમજ રૂ.૨૦/- રજીસ્ટ્રેશન ચાર્જીસ પેટે ભરપાઈ કરેલ. તેથી સામાવાળા વીજ કંપનીએ ફક્ત સર્વિસ નં.૧૪૩૦૯૧૧ વાળી પ્રિમાઈસ માટે નામબદલી કરી આપેલ.

અત્રે સપ્લાય કોડ-૨૦૧૫નાં ક્લોઝ નં.૨.૩(૫૪)માં "પ્રિમાઈસીસ"ની વ્યાખ્યા આપેલ છે જે નીચે મુજબ છે.

"2.3(54) 'Premises' refers to land, building or infrastructure or part or combination thereof in respect of which a separate meter or metering arrangements have been made by the licensee for supply of electricity; In case of Agriculture Connection, premises means the place of source of water in respect of which connection has been given or intended to be given by the licensee for supply of electricity;"

સદર વ્યાખ્યાને ધ્યાને લેતાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧ વાળી પ્રિમાઈસીસમાં કરેલ નામબદલી યોગ્ય અને ફક્ત ને ફક્ત તે જગ્યાએ ફાળવેલ મીટર માટે જ કરવામાં આવેલ હતું. જેથી, અરજદારે કરેલ રજૂઆત તદ્દન ખોટી અને પાયાવિહોણી છે.

વધુમાં જણાવેલ કે, સામાવાળા વીજ કંપનીએ સપ્લાય કોડ-૨૦૧૫ના ક્લોઝ નં.૮.૫ મુજબ તા.૨૩.૦૯.૨૦૨૩ના રોજ નોટિસ પાઠવ્યા બાદ અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩ના રોજ લેખિતમાં રજૂઆત કરેલ હતી પરંતુ ત્યારબાદ અરજદાર સાથે સદર બાબતે વાટાઘાટો ચાલુ હતી અને જે દરમ્યાન અરજદારે તા.૦૭.૧૨.૨૦૨૩ના રોજ સર્વિસ નં.૧૪૩૦૯૧૧ પર લોડ વધારવાની અરજી કરેલ હતી. જેના અનુસંધાને સામાવાળા વીજ કંપનીના પ્રતિનિધિ દ્વારા સ્થળ તપાસ દરમિયાન જાણવા મળેલ છે કે એક જ કમ્પાઉન્ડમાં જે તે સમયે ૩ વીજ જોડાણો આપવામાં આવેલ. જેથી સામાવાળા વીજ કંપની માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનાં સપ્લાય કોડ રેગ્યુલેશન, ૨૦૧૫ને આધીન બાધિત હોઈ વીજ બીલના બાકી લેણા વસુલ કરવા હક્ક ધરાવે છે અને જે મુજબ સામાવાળા વીજ કંપનીએ લોડ વધારાની અરજીને રોકવા અંગે કાર્યવાહી કરેલ હતી. જેની સામે અરજદારને વાંધો હોય તેઓએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા.૦૫.૦૧.૨૦૨૪ના રોજ ફરિયાદ નં.૦૩/૨૦૨૪ દ્વારા ફરિયાદ નોંધાવેલ હતી. જે ફરિયાદની સુનાવણી બાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૪ના રોજ હુકમ પસાર કરેલ. તેથી અરજદારે કરેલ રજુઆત કે, અરજદારનાં પ્રત્યુતર તા.૨૬.૧૦.૨૦૨૩ને કબુલ મંજુર રાખી ઉધારેલ ન હતા તે બાબત તદ્દન ખોટી છે અને સદર બાબતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમે પણ બાકી લેણાં ભરપાઈ કરવા અંગેનો હુકમ આપેલ હોવા છતાં આજદિન સુધી સદર હુકમનું પાલન કરેલ નથી.

(૨) અરજદારની અપીલના પેરા નં.૨.૧(૧)(ગ)ના અનુસંધાને જણાવેલ કે, અરજદારે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા.૦૫.૦૧.૨૦૨૪નાં રોજ ફરિયાદ નં.૦૩/૨૦૨૪થી ફરિયાદ નોંધાયેલ. જે અનુસંધાને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૪નાં રોજથી રેફ. નં.CGRF/FC/03/9716 થી હુકમ પસાર કરેલ હતો. અરજદાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમના હુકમનું અર્થઘટન ખોટું કરી રહ્યા હોવાનું માલૂમ પડેલ છે. વધુમાં, અરજદાર દ્વારા સદર મુદ્દામાં કરેલ કથન કે, ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમમાં સામાવાળા વીજ કંપનીની તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટીસ મુજબ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બીલના સર્વિસ નં.૧૪૩૦૯૧૧ માં રીકવરીને મંજુરી આપેલ ન હતી અને ફક્ત ગ્રાહક નં.૧૪૩૦૯૧૧ માં વીજ જોડાણ જોઈતું હોય તો ગ્રાહક નં.૨૧૯૬૬૮ ના બાકી બીલની રકમ ભરપાઈ કર્યેથી વીજ જોડાણમાં વધારો આપવાનો નિર્ણય આપવામાં આવેલ છે. સદર કથન તદ્દન ખોટું છે અને સદર બાબતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા આપવામાં આવેલ તારણોથી તેમજ હુકમથી અભિપ્રેતાર્થ (implied) થાય છે કે, સર્વિસ નં.૨૧૯૬૬૮ ના બાકી લેણાં અરજદારને ભરવાપાત્ર છે.

(૩) અરજદારની અપીલના પેરા નં.૨.૧(૧)(ઘ)ના અનુસંધાને જણાવેલ કે, સદર બાબતે સામાવાળા વીજ કંપનીએ ઉપરોક્ત પેરા ન.૩.૨(૨)માં વિગતવાર ચર્ચા કરેલ છે, જે નામદાર વિદ્યુત લોકપાલશ્રીને ધ્યાને લેવા વિનંતિ કરેલ છે. વધુમાં, અરજદાર દ્વારા, ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં ફરિયાદ નં.૦૩/૨૦૨૪ માં ગ્રાહક તકરાર નિવારણ ફોરમે નિર્ણય આપી દિધેલ હોય અને બે વર્ષ પછી ફરીથી તે બાબત ઉપસ્થિત કરી સામાવાળા વીજ કંપનીએ ફોરમના હુકમનું અપાલન કરેલ છે તે બાબત તદ્દન ખોટી છે. તદ્દઉપરાંત સદર ચુકાદાને ધ્યાને લેતાં અરજદાર દ્વારા આજદિન સુધી સર્વિસ નં.૨૧૯૬૬૮ ના બાકી લેણાંની ચૂકવણી કરેલ નથી. જેથી ફલિત થાય છે કે, અરજદાર દ્વારા સદર હુકમનું અપાલન કરેલ છે. જેની ખાસ નોંધ લેવા નામદાર લોકપાલશ્રીને વિનંતી છે.

(૪) અરજદારની અપીલના પેરા નં.૨.૧(૧)(૬) થી ૨.૧(૨)ના અનુસંધાને જણાવેલ કે, અરજદારના વિધાનો ખરા નથી તેમજ અરજદારની સદર રજુઆત સામાવાળા વીજ કંપની સ્પષ્ટપણે નકારે છે. અરજદારની સદર રજૂઆત ખોટી ધારણા અને તથ્યો વગરની છે જેનું સામાવાળા વીજ કંપની ભારપૂર્વક ખંડન કરે છે. વીજ વિતરણ કંપની ઈ. એ. ૨૦૦૩ના સેક્શન-૫૬નું સંપૂર્ણપણે પાલન કરે છે. વધુમાં, સદર મુદ્દા બાબતે તેમજ અરજદાર દ્વારા માંગેલ પેરા નં.૨.૧(૨)(૪) થી ૨.૧(૨)(૧૧) સુધીની દાદ ધ્યાને લેતાં ફલિત થાય છે કે, સદર તમામ મુદ્દા બાબતે અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા ફરિયાદ નં.૦૩/૨૦૨૪ થી હુકમ પસાર કરેલ હતો અને ત્યારબાદ, અરજદારની ફરિયાદ અન્વયે ફરીથી ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સદર સર્વિસ નંબર માટે ફરિયાદ કર્યેથી ફરિયાદ નં.C/૦૯/૨૦૨૫-૨૬ થી તા.૧૪.૧૧.૨૦૨૫ ના રોજ હુકમ પસાર કરેલ છે. તેમજ વિદ્યુત લોકપાલ સમક્ષ અપીલ નં.૩૩/૨૦૨૫ માં તા.૨૪.૦૯.૨૦૨૫ ના રોજ સદર મુદ્દાઓ ધ્યાને લઈ હુકમ પસાર કરેલ છે. તેથી સદર જવાબમાં કેસની પ્રાથમિક વિગતમાં જણાવ્યા મુજબ સદર મુદ્દાઓ ફરીથી ચર્ચવાપાત્ર નથી.

(૫) અરજદારની અપીલના પેરા નં.૨.૧(૩)(૧) ના અનુસંધાને જણાવેલ કે, સદર ફરિયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૧૪.૧૦.૨૦૨૫ના રોજ નોંધવામાં આવેલ, જે અનુસંધાને ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૧૫.૧૦.૨૦૨૫ના રોજ સામાવાળા વીજ કંપનીને લેખિત જાણ કરતાં સદર ફરિયાદ અંગે ૭ દિવસમાં જરૂરી ખુલાસા કરવા જણાવેલ. ત્યારબાદ અરજદારની ફરિયાદ અંગે સામાવાળા વીજ કંપની દ્વારા તા.૨૯.૧૦.૨૦૨૫નાં રોજ મુદ્દાસર જવાબ અરજદારને રૂબરૂ પાઠવેલ. સદર બાબતે સામાવાળા વીજ કંપનીના પ્રતિનિધિ દ્વારા તા.૨૮.૧૦.૨૦૨૫ના રોજ સદર જવાબની નકલ રૂબરૂ પાઠવવા અરજદારના સ્થળ પર ગયેલ, પરંતુ સદર સ્થળ બંધ હોઇ તેથી સદર જવાબની નકલ બીજા દિવસે એટલે કે તા.૨૯.૧૦.૨૦૨૫ ના રોજ પાઠવેલ. વધુમાં તા.૧૮.૧૦.૨૦૨૫ થી તા.૨૩.૧૦.૨૦૨૫ સુધી દિવાળીનો તહેવાર હોવાથી અરજદારને જવાબ આપવામાં વિલંબ થયેલ હોય તે રજુઆત ગ્રાહ્ય રાખવા નામદાર લોકપાલશ્રીને વિનંતી છે.

(૬) અરજદારની અપીલના પેરા નં.૨.૧(૩)(૨)ના અનુસંધાને જણાવેલ કે, અરજદાર દ્વારા અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ ફરિયાદ નં.૦૩/૨૦૨૪ તેમજ ફરિયાદ નં.C/૦૪/૨૦૨૫-૨૬ના મુદ્દાઓ તેમજ હાલમાં કરેલ ફરિયાદ એટલે કે ફરિયાદ નં.C/૦૯/૨૦૨૫-૨૬ સમાન હોય, જે અંગે સામાવાળા વીજ કંપની દ્વારા વિગતવાર અગાઉના તા.૨૮.૧૦.૨૦૨૫ના લેખિત જવાબમાં ખુલાસા આપેલ હોય તેને ગ્રાહ્ય રાખવા નામદાર લોકપાલશ્રીને વિનંતી છે. સદર જવાબ સામેલ કરેલ છે. સદર બાબતે સામાવાળા વીજ કંપની ભારપૂર્વક રજુઆત કરે છે કે, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તેમજ નામદાર વિદ્યુત લોકપાલશ્રી દ્વારા અગાઉ હુકમ પસાર કરેલ હોય તે મુદ્દાઓ ફરીથી ચર્ચવાપાત્ર નથી. વધુમાં, સદર બાબતે માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા જારી કરવામાં આવેલ “માનનીય ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ રેગ્યુલશન્સ-૨૦૧૯” ના ક્લોઝ-૨.૩૩(i) અને ક્લોઝ નં.૨.૩૩(iii) તેમજ ક્લોઝ નં.૩.૪૬ ધ્યાને લેવા વિનંતિ કરેલ છે. જે નીચે મુજબ રિપ્રોડ્યુઝ કરેલ છે.

2.33 A complainant shall not be entitled to approach the Forum in any of the following cases:

i. In cases where proceedings in respect of the same matter and between the same Complainant and the Licensee, are pending before any court, tribunal, arbitrator or any other authority, or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority;

ii. .....

iii. complaints/Grievances which are:

a) frivolous, vexatious, malafide;

b) without any sufficient cause;

c) there is no prima facie loss or damage, or inconvenience caused to the complainant.

Provided that no Complaint/Grievance shall be rejected unless the Complainant has been given an opportunity of being heard.

(૭) અરજદારની અપીલના પેરા નં.૨.૧(૩)(૩) થી ૨.૧(૩)(૫)નાં અનુસંધાને જણાવેલ કે, સામાવાળા વીજ કંપનીનાં તા.૨૮.૧૦.૨૦૨૫નાં રોજના લેખિત જવાબમાં કેસની પ્રાથમિક વિગતમાં દર્શાવેલ કોષ્ટક-૧ની વિગતોને ધ્યાનમાં લેવા વિનંતી છે તેમજ સામાવાળા વીજ કંપનીનાં જવાબને પણ ધ્યાને લેવા વિનંતી છે. વધુમાં, અરજદારે ગ્રાહક નં.૧૪૩૦૯૧૧માં નામબદલી અંગે રજુઆત કરેલ છે. જે ધ્યાને લેતાં અરજદાર દ્વારા કરેલ રજુઆત કે, "અરજદારની ફરિયાદ સામાવાળા વીજ કંપનીએ અરજદારને તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ સપ્લાય કોડ કલોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮ દર્શનસિંહ જાગીરસિંહના બાકી બીલ ઉપર ચૂકવણીના વ્યાજ સાથે રૂ.૨,૧૫,૫૫૦.૭૨ ચૂકવવા માટે નોટીસ આપેલ છે. જે માટે અરજદાર ફોરમ સમક્ષ ફરિયાદ કરવા હક્કદાર છીએ તેથી અરજદારની ફરિયાદ મેઈન્ટેનેબલ છે." આ બંને રજુઆત ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે, અરજદાર દ્વારા વારંવાર તેમના મૂળ મુદ્દાથી હટીને અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તેમજ નામદાર વિદ્યુત લોકપાલશ્રીની કચેરીમાં ચર્ચાયેલ મુદ્દા અંગે ફરીથી રજુઆત કરી રહેલ હોય, જે ગ્રાહ્ય રાખી શકાય નહીં. જેથી અરજદારને સમાન કેસ બાબતે વારંવાર રજુઆત કરતાં હોવાથી અરજદાર સામે યોગ્ય કાર્યવાહી કરવા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી છે. વધુમાં જણાવેલ કે, ઉપરોક્ત બાબતે સામાવાળા વીજ કંપની દ્વારા અગાઉનાં તા.૨૮.૧૦.૨૦૨૫નાં લેખિત જવાબમાં જરૂરી ખુલાસા કરેલ છે તેને ગ્રાહ્ય રાખવા વિનંતી છે. વધુમાં, સામાવાળા વીજ કંપની દ્વારા કરવામાં આવતી નામબદલીની પ્રક્રિયા સપ્લાય કોડ-૨૦૧૫નાં રેગ્યુલેશન્સનાં અંતર્ગત થતી હોય છે તેમજ સામાવાળા વીજ કંપની દ્વારા કોઈપણ રેગ્યુલેશન્સનું અપાલન કરવામાં આવતું નથી. જેની ખાસ નોંધ લેવા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી છે.

(૮) અરજદારની અપીલનાં પેરા નં.૨.૧(૩)(૬) થી ૨.૧(૩)(૯) ના અનુસંધાને જણાવેલ કે, સદર મુદ્દાઓ બાબતે સામાવાળા વીજ કંપનીએ રજૂ કરેલ તા.૨૮.૧૦.૨૦૨૫નાં રોજના જવાબમાં વિગતવાર ખુલાસા કરવામાં આવેલ છે અને અરજદાર દ્વારા દર્શાવેલ તમામ કથનોને સામાવાળા વીજ કંપની દ્વારા ભારપૂર્વક નકારવામાં આવે છે. વધુમાં જણાવેલ કે, સામાવાળા વીજ કંપની દ્વારા સદર સર્વિસ હંગામી ધોરણે કપાત કર્યા બાદ ક્લોઝ નં.૮.૬ અન્વયે અરજદારને PDCની નોટીસ તા.૦૩.૦૬.૨૦૧૯ થી પાઠવેલ છે. તેથી અરજદારનું સદર કથન કે, PDCની નોટિસ મોકલાવેલ નથી તે ગ્રાહ્ય રાખી શકાય નહીં. જે નોટિસ રજૂ કરેલ છે.

(૯) અરજદારની અપીલનાં પેરા નં.૨.૧(૩)(૧૦)નાં અનુસંધાને જણાવેલ કે સવાલવાળી સર્વિસ તા.૧૦.૦૧.૨૦૧૯નાં રોજ હંગામી ધોરણે વીજ પુરવઠો કપાત કર્યા બાદ ૧૮૦ દિવસ સુધીના વીજ બિલો નિયમોનુસાર અરજદારને મોકલવામાં આવેલ અને સપ્લાય કોડ-૨૦૧૫નાં ક્લોઝ નં.૮.૬ મુજબ વીજ જોડાણ કાયમી ધોરણે કપાત અંગેની નોટીસ પણ પાઠવેલ. જેથી અરજદારે કરેલ રજુઆત તદ્દન ખોટી છે તેથી તે ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૧૦) અરજદારની અપીલનાં પેરા નં.૨.૧(૪)(૩)(૧) અંગે સામાવાળા વીજ કંપનીએ સદર જવાબનાં પેરા નં.૩.૨(૭)માં જરૂરી ખુલાસો કરેલ છે. વધુમાં જણાવેલ કે, નામબદલી કરવા અંગે પ્રિમાઈસીસનાં ક્ષેત્રફળની જોવાની કે માપવાની કોઈ જોગવાઈ રેગ્યુલેશન્સમાં આપેલ નથી તેથી અરજદારનાં રેગ્યુલેશન્સની જોગવાઈ બહારના મુદ્દાને ગ્રાહ્ય રાખી શકાય નહીં.

(૧૧) અરજદારની અપીલનાં પેરા નં.૨.૧(૪)(૪), ૨.૧(૪)(૫) અને ૨.૧(૪)(૬) અંગે જણાવેલ કે, અરજદારે ઉપરોક્ત ચર્ચાઇ ગયેલા મુદ્દા બાબતે ફરીથી રજુઆત કરેલ છે અને તે સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં બાબતેની ફરિયાદથી વિપરીત છે. વધુમાં જણાવેલ કે, સામાવાળા વીજ કંપનીએ રેગ્યુલેશન્સની જોગવાઈઓનું પાલન કરેલ છે અને તે મુજબ જ અરજદારને નોટીસ આપેલ છે.

(૧૨) અરજદારની અપીલનાં પેરા નં.૨.૧(૪)(૭) અંગે સામાવાળા વીજ કંપનીએ આ જવાબના પેરા નં.૩.૨(૪)માં જરૂરી ખુલાસો કરેલ છે.

અરજદારની અપીલનાં પેરા નં.૨.૧(૫)માં માંગેલ દાદ અંગે જણાવેલ કે, સદર તમામ મુદ્દાઓ અગાઉની ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તેમજ નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષની અપીલમાં વિગતવાર અને વારંવાર ચર્ચાઈ ચુકેલ છે તેમજ આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં લીધા બાદ જ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તેમજ નામદાર વિદ્યુત લોકપાલશ્રીએ જોગવાઈઓ અનુસાર યોગ્ય હુકમ પસાર કરેલ છે અને અરજદારે સદર હુકમોનું આજદિન સુધી પાલન કરેલ નથી. જેથી તે અંગે અરજદારને સદર હુકમનું પાલન કરવા સુચના આપવા માનનીય વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી કરેલ છે.

વધુમાં જણાવેલ કે, ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં કેસ નં.C/૦૯/૨૦૨૫-૨૬નાં તા.૧૪.૧૧.૨૦૨૫નાં ચુકાદા અન્વયે તેમજ તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ ક્લોઝ નં.૮.૩(૪) અને ૮.૫ મુજબ સામાવાળા વીજ કંપનીએ આપેલ નોટીસ મુજબ સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં રૂ.૨,૧૮,૫૧૫.૩૨ ઉધારેલ છે. જે બીલની નકલ રજૂ કરેલ છે. જેથી અરજદારને સદર બીલની ભરપાઈ કરવાનો હુકમ કરવા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી કરેલ.

ઉપરોક્ત બાબતો અંગે સામાવાળા વીજ કંપનીની રજૂઆતો/જવાબને ધ્યાને લઇ માનનીય વિદ્યુત લોકપાલશ્રીને યોગ્ય લાગે તેવો ન્યાયના હિતમાં હુકમ કરવા નમ્ર વિનંતી કરેલ.

૩.૩. સામાવાળા વીજ કંપની દ્વારા તા.૧૩.૦૧.૨૦૨૬નાં પત્ર દ્વારા નીચે મુજબની લેખિત રજૂઆત કરવામાં આવેલ.

અરજદારની અપીલનાં અનુસંધાનમાં સામાવાળા વીજ કંપનીનો લેખિત જવાબ નીચે મુજબનો રજુ કરે છે.

અરજદાર દ્વારા નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ કરેલ અપીલ જે અપીલ નં.૪૬/૨૦૨૫ થી નોંધાયેલ છે તેમજ તે અનુસંધાને સામાવાળા વીજ કંપની દ્વારા તા.૦૫.૦૧.૨૦૨૬નાં રોજ મુદ્દાસર લેખિત જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ, તા.૦૮.૦૧.૨૦૨૬નાં રોજ સદર કેસ અંગે સુનાવણી રાખેલ. સદર સુનાવણીની

તારીખનાં રોજ અરજદાર દ્વારા નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ લેખિત અરજી રજુ કરેલ. આ લેખિત અરજીમાં અરજદાર દ્વારા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને જણાવેલ કે, સામાવાળા વીજ કંપની દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં તા.૧૪.૧૧.૨૦૨૫નાં રોજ હુકમ પસાર કર્યા અનુસાર સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારેલ છે, જે અન્વયે અરજદારને જી.ઈ.આર.સી.નાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલશ્રી રેગ્યુલેશન્સ-૨૦૧૯નાં ક્લોઝ નં.૩.૧૯નું અપાલન થયેલ હોય તેમજ અરજદારને ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમ સામે નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ અપીલ કરવાના હક્કને બાધિત કરતું હોય તેવી રજુઆત નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ કરેલ. સદર અરજી અન્વયે સુનાવણી દરમ્યાન નામદાર વિદ્યુત લોકપાલશ્રી દ્વારા અરજદારને સદર રજુઆત અંગે બાકી લેણાંની ૧/૩ રકમ ભરવા જણાવેલ. જે અનુસંધાને હાજર રહેલ અરજદારનાં પ્રતિનિધિ શ્રી યોગેન્દ્રભાઈ અગ્રવાલ દ્વારા અરજદાર જોડે ટેલીફોનીક વાતચીત કરી સદર અરજી પાછી ખેંચવા નામદાર વિદ્યુત લોકપાલશ્રીને વિનંતી કરેલ. જે બાદ સદર વિનંતી ગ્રાહ્ય રાખતા નામદાર વિદ્યુત લોકપાલશ્રીએ અરજદારને આવતી સુનાવણીની તા.૧૬.૦૧.૨૦૨૬નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

ઉપરોક્ત બાબતે નામદાર વિદ્યુત લોકપાલશ્રીને જણાવેલ કે, અરજદાર દ્વારા સદર અરજી/રજુઆત હાલમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ કરેલ છે. જેની નકલ રજૂ કરેલ છે. વધુમાં, સામાવાળા વીજ કંપનીની રજુઆત છે કે, અગાઉ જણાવ્યા અનુસાર સદર મુદ્દો વારંવાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તેમજ નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ ચર્ચાઇ ગયેલ હોય તેથી હાલમાં અરજદાર દ્વારા રજુ કરેલ મુદ્દો તે જ કેસને લગતો હોઇ તે હાલમાં નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષ પડતર હોય તેથી સદર બાબતે વારંવાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને નામદાર વિદ્યુત લોકપાલશ્રીનો સમય વ્યય ન થાય, તેથી સદર મુદ્દો રેગ્યુલેશન્સની જોગવાઇ મુજબ ૧/૩ રકમ ભરપાઈ કરાવી આ કેસ સાથે ચલાવવા નામદાર લોકપાલશ્રીને વિનંતી કરેલ છે.

:::ચુકાદો:::

૪.૦. સુનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. અરજદાર દ્વારા માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ લેખિતમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ(કોર્પોરેટ) સમક્ષ તબક્કા વાર કરાયેલ રજુઆત મૂકેલ છે. જે પેરા નં.૨.૧(૧), (૨), (૩) અને (૪)માં નોંધેલ છે. અરજદારે વિદ્યુત લોકપાલ સમક્ષ તેમની ગ્રાહક તકરાર નિવારણ સમક્ષ કરેલ રજૂઆતને ધ્યાન પર લઇ અને હુકમ કરવા વિનંતિ કરેલ છે.

૪.૨. અરજદાર દ્વારા માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ લેખિતમાં અને સુનાવણી દરમ્યાન મૌખિકમાં તેમની રજૂઆત દાખલ કરેલ, જે પરથી નીચે મુજબની મુખ્ય બાબતો ધ્યાન પર આવેલ છે.

(૧) અરજદારે રજૂ કર્યું છે કે સામાવાળા વીજ કંપની દ્વારા તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ સપ્લાય કોડના ક્લોઝ નં.૮.૫ હેઠળ ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી વીજ બિલ રૂ.૨,૧૫,૫૫૦.૭૨/- વ્યાજ સાથે ભરવા નોટિસ આપવામાં આવતાં અરજદારે તા.૧૦.૧૦.૨૦૨૫ના રોજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (CGRF) સમક્ષ ફરિયાદ નોંધાવેલ, કારણ કે સદર નોટિસ કાયદેસર નથી અને અગાઉથી નક્કી થયેલ મુદ્દાને ફરી ઊભો કરે છે.

(૨) અરજદારે જણાવેલ કે આ જ મુદ્દે અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩ના રોજ પણ સમાન નોટિસ આપવામાં આવેલ હતી, જે અંગે અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ વિગતવાર કાયદેસર પ્રત્યુતર આપેલ

હતો. અરજદારનું કહેવું છે કે તેણે તા.૧૧.૦૨.૨૦૧૯નાં રોજ ટેનામેન્ટ નં.૩/A (ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર) કુલ ૧૬૮ ચો.મી.ની મિલકત વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી અને તે સમયે એક જ મીટર સર્વિસ નં.૧૪૩૦૯૧૧ અસ્તિત્વમાં હતી, જે આધારે અરજદારનાં નામે નામફેર કરવામાં આવેલ હતું.

(૩) અરજદારે વધુમાં રજૂઆત કરેલ છે કે સામાવાળા વીજ કંપનીએ અગાઉ વર્ષ ૨૦૨૨માં સર્વિસ નં.૧૪૦૩૧૮૪ની બાકી રકમ રૂ.૧,૨૫,૦૦૦/- તરીકે દર્શાવેલ હતી, જે અરજદારે ભરી આપેલ હતી. તેમ છતાં, ત્યારબાદ ફરીથી ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બિલની રકમ રૂ.૧,૯૫,૬૬૮.૮૨ અરજદારની સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો. અરજદારનું કહેવું છે કે તેણે કોઈ અલગ કે મર્જ થયેલી મિલકત ખરીદેલ નથી અને સપ્લાય કોડ, ૨૦૧૫ના ક્લોઝ નં.૪.૩૦ મુજબ નામફેર કરતી વખતે લાયસન્સી એ તમામ બાકી લેણાં ચકાસી લીધા બાદ નામફેર કર્યું હોવાથી નામફેર પહેલાંના કોઈપણ બાકી લેણાં તેની પાસેથી વસૂલવા યોગ્ય નથી.

(૪) અરજદાર દ્વારા દલીલ કરવામાં આવેલ કે અરજદારની તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજની રજૂઆતનો સામાવાળા વીજ કંપનીએ કોઈ લેખિત જવાબ આપેલ ન હતો અને તે સમયે કોઈ રકમ ઉધારવામાં પણ આવી નહોતી. તેથી બે વર્ષ પછી ફરીથી તે જ મુદ્દે તા.૦૩.૧૦.૨૦૨૫ની નોટિસ આપી અનધિકૃત ઉપયોગ અથવા બાકી બિલની માંગણી ઊભી કરવી કાયદેસર નથી અને માન્ય રાખી શકાય નહીં.

(૫) અરજદારે જણાવેલ કે વીજ જોડાણમાં વધારા બાબતે દાખલ કરેલ ફરિયાદ નં.૦૩/૨૦૨૪માં ગ્રાહક તકરાર નિવારણ ફોરમે સ્પષ્ટ નિર્ણય આપેલ હતો કે ગ્રાહક નં.૨૧૯૬૬૮ના બાકી બિલને સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવાની મંજૂરી નથી અને ફક્ત જોડાણમાં વધારો ત્યારે જ આપવામાં આવે જ્યારે બાકી રકમ ભરપાઈ થાય. અરજદારનું કહેવું છે કે આ હુકમ સ્વીકાર્યા બાદ પણ સમાન મુદ્દે નવી નોટિસ આપવી એ ગ્રાહક તકરાર નિવારણ ફોરમનાં હુકમનું અપાલન થયેલ હોવાનું દર્શાવે છે.

(૬) અરજદાર દ્વારા વધુમાં દલીલ કરવામાં આવેલ કે ગ્રાહક નં.૨૧૯૬૬૮નું બાકી લેણું જુન-૨૦૧૭નું હોવા છતાં સામાવાળા વીજ કંપનીએ ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩નાં સેક્સન ૫૬(૧) મુજબ સમયસર જોડાણ કપાત કરેલ નથી તથા સપ્લાય કોડ, ૨૦૧૫નાં ક્લોઝ નં.૪.૧૧૨ અને ૪.૧૧૩ મુજબ પોલીસ પ્રોટેક્શન લઈ કાર્યવાહી ન કરવાના કારણે બિલ અઢાર મહિના સુધી વધતું રહ્યું, જેના માટે સામાવાળા વીજ કંપની પોતે જવાબદાર છે.

(૭) અરજદારે રજૂઆત કરેલ કે સામાવાળા વીજ કંપનીએ હંગામી તથા કાયમી જોડાણ કપાત (PDC) અંગેની ફરજીયાત પ્રક્રિયા, નોટિસ સર્વિસ, છ મહિના સુધી મિનિમમ ચાર્જીસના બિલ, PDC નોટિસ તથા PDCની તારીખ દર્શાવવાની જોગવાઈઓનું પાલન કર્યું નથી તેમજ ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ના સેક્સન ૫૬(૨) મુજબ બે વર્ષ બાદ બાકી રકમ વસૂલવી શક્ય નથી.

(૮) અરજદારે લિમિટેશન એક્ટનાં આધારે દલીલ કરેલ કે જોડાણ ૨૦૧૯માં કપાત થયા બાદ સામાવાળા વીજ કંપનીએ જૂના ગ્રાહક સામે સમયમર્યાદામાં કોઈ સિવિલ સુટ દાખલ કરેલ નથી. ગુજરાત હાઇકોર્ટના SCA No.૧૨૬૨૪/૨૦૦૫ તથા LPA ૧૫૧૮/૨૦૦૬ અને સુપ્રીમ કોર્ટના K.C. Ninan vs Kerala State Electricity Board & Ors. કેસ મુજબ, લિમિટેશન બાદ નવા ગ્રાહક પાસેથી જુના ગ્રાહકની બાકી રકમ વસૂલવી કાયદેસર નથી.

(૯) અરજદારે સપ્લાય કોડ, ૨૦૧૫નાં ક્લોઝ નં.૪.૧૬ અને ૪.૬૪નાં ઉલ્લંઘન અંગે દલીલ કરેલ કે નામફેર માટે "ઇન્ડેક્સ" આધારરૂપ પુરાવો નથી અને "registered sale deed" ફરજીયાત છે. ઇન્ડેક્સમાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧ની અલગ પ્રીમાઈસિસ તથા ગ્રાહકનાં નામનો ઉલ્લેખ ન હોવા છતાં નામફેર કરવાથી જ સદર તકરાર ઊભી થયેલ છે.

(૧૦) અરજદારે અંતે રજૂઆત કરેલ કે ઉપરોક્ત તમામ પરિસ્થિતિઓ દર્શાવે છે કે સામાવાળા વીજ કંપની દ્વારા કાયદાકીય તથા નિયમનાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ નથી અને જુના ગ્રાહક સામે કોઈ કાયદાકીય કાર્યવાહી ન કરવાને કારણે સદર તકરાર ઊભી થયેલ છે. તેથી અરજદાર પાસેથી બાકી બિલની વસૂલાત કરવી અન્યાયી છે.

૪.૩. અરજદાર દ્વારા વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂ કરાયેલ દાદનો સારાંશ નીચે મુજબ છે.

(૧) અરજદાર આદરપૂર્વક વિનંતી કરે છે કે ઉપરોક્ત તમામ રજૂઆતો અને રેકોર્ડ પર ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાનમાં લઈ, નામદાર વિદ્યુત લોકપાલ અરજદારની અપીલમાં યોગ્ય અને ન્યાયસંગત નિર્ણય આપે.

(૨) અરજદારે વિનંતી કરેલ કે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ પેરા નં.૨.૧(૨) હેઠળ કરવામાં આવેલી માંગ અંગે સ્પષ્ટ નિર્ણય આપવામાં આવે, કારણ કે તે મુદ્દો મૂળ વિવાદનાં મૂળમાં આવે છે અને તે અંગે પૂરતી ચર્ચા અને નિર્ણય જરૂરી છે.

(૩) અરજદારે વધુમાં વિનંતી કરેલ કે પેરા નં.૨.૧(૪)(૪)(૨) તથા CGRFના હુકમનાં પેજ નં.૪૨ પર દર્શાવેલ મુદ્દાને ધ્યાને લઈ, સામાવાળા વીજ કંપની દ્વારા સપ્લાય કોડનાં ક્લોઝ નં.૮.૬ હેઠળ આપવામાં આવેલી નોટિસ ક્લોઝ નં.૯.૧૪ તથા ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ના સેક્શન ૧૭૧ મુજબ યોગ્ય રીતે બજાવવામાં આવેલ નથી, તે બાબતે ક્લોઝ નં.૮.૬, ક્લોઝ નં.૯.૧૪ અને સેક્શન ૧૭૧ના અપાલન અંગે નિર્ણય આપવામાં આવે.

(૪) અરજદાર વધુમાં રજૂઆત કરી વિનંતી કરેલ કે હક્ક અને ફરજ સિક્કા ની બે બાજુ સમાન છે. સામાવાળા વીજ કંપનીએ ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩નાં સેક્સન ૫૬(૧), સપ્લાય કોડનાં ક્લોઝ નં.૮.૩(૧) તથા ક્લોઝ નં.૪.૧૧૩નું પાલન ન કરવાના કારણે વીજ બીલમાં અયોગ્ય વધારો થયો છે. તેથી સામાવાળા વીજ કંપનીને ક્લોઝ નં.૮.૫ હેઠળનું રક્ષણ (Protection) મળવું જોઈએ નહીં અને આ આધારે અરજદારને આપવામાં આવેલી નોટિસ રદ્દ કરવા અંગે યોગ્ય નિર્ણય આપવામાં આવે.

(૫) અરજદાર અંતે વિનંતી કરેલ કે CGRF દ્વારા આપેલ હુકમમાં ગ્રાહક નં.૨૧૯૬૬૮નાં બાકી બિલને કાર્યરત સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ક્લોઝ નં.૮.૫ હેઠળ ઉધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, તે કાયદેસર નથી. અગાઉ તા.૨૩.૦૯.૨૦૨૩નાં રોજ સમાન નોટિસ આપવામાં આવેલ હતી, જેનાં વિરોધમાં અરજદારે તા.૨૬.૧૦.૨૦૨૩નાં રોજ જવાબ આપેલ હતો અને તેને ગ્રાહ્ય રાખી સામાવાળા વીજ કંપનીએ તે નોટિસ અમલમાં મૂકી નહોતી. ત્યારબાદ ફરીથી સમાન મુદ્દે નોટિસ આપવાની કાયદામાં કોઈ જોગવાઈ ન હોવાથી, ક્લોઝ નં.૮.૫ હેઠળ બાકી બિલ ઉધારવાનો CGRFનો નિર્ણય ભૂલભરેલો છે અને તે રદ્દ કરવા યોગ્ય છે. એવો નિર્ણય આપવા અરજદારની નમ્ર વિનંતી છે.

૪.૪. સામાવાળા વીજ કંપની દ્વારા માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ લેખિતમાં અને સુનાવણી દરમ્યાન મૌખિકમાં તેમની રજૂઆત દાખલ કરેલ, જે ઉપર મુજબ પેરા નં.૩.૧, ૩.૨ તથા ૩.૩માં નોંધેલ છે તથા વંચાણે લીધેલ છે.

૪.૫. સામાવાળા વીજ કંપની દ્વારા અરજદારની દાદ વિરૂધ્ધમાં નીચે મુજબનાં કારણો માનનીય વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂ કરેલ.

(૧) સામાવાળા વીજ કંપનીએ પ્રાથમિક રીતે રજૂઆત કરેલ કે અરજદાર દ્વારા દાખલ કરાયેલ હાલની અપીલ માનનીય ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા જારી કરાયેલ "ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમો, ૨૦૧૯"નાં ક્લોઝ નં.૩.૧૯(viii) મુજબ મેઈન્ટેનેબલ નથી, કારણ કે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં ચૂકવવા હુકમ આપવામાં આવ્યો હોવા છતાં અરજદાર દ્વારા વિવાદિત રકમની એક તૃતીયાંશ (1/3rd) રકમ જમા કરાવવામાં આવેલ નથી. તેથી, સદર પૂર્વશરત પૂર્ણ કર્યા વિના અપીલની સુનાવણી શક્ય નથી અને સુનાવણી પહેલાં અરજદારને ૧/૩ રકમ ભરવાનો આદેશ આપવા વિનંતી કરેલ છે.

(૨) સામાવાળા વીજ કંપનીએ વધુમાં રજૂઆત કરેલ કે અરજદાર દ્વારા તે જ સર્વિસ નંબર તથા તે જ મુદ્દાઓ અંગે વારંવાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તેમજ વિદ્યુત લોકપાલ સમક્ષ ફરિયાદો અને અપીલ દાખલ કરવામાં આવેલ છે. અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષનાં કેસ નં.૦૩/૨૦૨૪, C/૦૪/૨૦૨૫-૨૬, C/૦૯/૨૦૨૫-૨૬ અને નામદાર વિદ્યુત લોકપાલશ્રી સમક્ષનાં કેસ નં.૩૩/૨૦૨૫ તથા તેની રિવ્યુ અરજીમાં તે જ મુદ્દાઓ અંગે સ્પષ્ટ હુકમો પસાર થઈ ચૂક્યા છે, જેમાં સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં ભરવાપાત્ર હોવાનું નિશ્ચિત કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ફરીથી તે જ મુદ્દાઓ ઉઠાવીને રેગ્યુલેશન્સની જોગવાઈઓનો ગેરલાભ લઈ રહ્યો હોવાનું સ્પષ્ટ થાય છે.

(૩) સામાવાળા વીજ કંપનીએ હકીકત રૂપે રજૂ કરેલ કે સવાલવાળી મિલકતમાં જુદા જુદા સમયે ત્રણ અલગ વીજ જોડાણો – સર્વિસ નં.૨૧૯૬૬૮, ૧૪૦૩૧૮૪ અને ૧૪૩૦૯૧૧ – અલગ અલગ પ્રિમાઇસિસ, અલગ સરનામાં અને અલગ ગ્રાહકોના નામે કાયદેસર રીતે ફાળવવામાં આવેલ હતા. અરજદારે ફક્ત સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં નામબદલી માટે અરજી કરેલ હતી અને તે સમયે ફક્ત તે જ પ્રિમાઇસિસનાં દસ્તાવેજ તરીકે વેચાણ દસ્તાવેજની ઇન્ડેક્સ નકલ રજૂ કરેલ હતી. અન્ય બે કપાયેલ સર્વિસ અંગે "No Due" પ્રમાણપત્ર મેળવવા કે સંપૂર્ણ વેચાણ દસ્તાવેજ રજૂ કરવાનો અરજદારે પ્રયત્ન કર્યો ન હતો, જેના પરિણામે બાકી લેણાંની માહિતી નામબદલી સમયે પ્રકાશમાં આવેલ નહોતી.

(૪) સામાવાળા વીજ કંપનીએ વધુમાં જણાવેલ કે સર્વિસ નં.૨૧૯૬૬૮ અને ૧૪૦૩૧૮૪ બાકી લેણાંના કારણે અગાઉથી સ્થગિત કરવામાં આવેલ હતી, છતાં સ્થળ તપાસ દરમિયાન તે જ પ્રિમાઇસિસમાં કાર્યરત સર્વિસ નં.૧૪૩૦૯૧૧માંથી વીજ પુરવઠાનો ઉપયોગ થતો હોવાનું જણાયું હતું. આ પરિસ્થિતિમાં સપ્લાય કોડ, ૨૦૧૫નાં ક્લોઝ નં.૮.૫ મુજબ કપાયેલ સર્વિસનાં તમામ બાકી લેણાં કાર્યરત સર્વિસમાં ઉધારવા માટે નોટિસો અનુક્રમે તા.૨૩.૦૯.૨૦૨૩ અને તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ આપવામાં આવેલ હતી, જે સંપૂર્ણપણે નિયમોનુસાર અને કાયદેસર હોવાનું સામાવાળા વીજ કંપનીએ ભારપૂર્વક રજૂ કરેલ છે.

(૫) અંતે સામાવાળા વીજ કંપનીએ માનનીય સર્વોચ્ચ અદાલતના K.C. Ninan v. Kerala State Electricity Board & Ors. ના ચુકાદાનો આધાર લઈ રજૂ કર્યું છે કે મિલકત ખરીદનાર નવા ગ્રાહકને તે મિલકત પર બાકી રહેલ વીજ લેણાં ચૂકવવાની જવાબદારી માંથી મુક્તિ મળતી નથી. અરજદાર હાલ મિલકતનો માલિક અને કબજેદાર હોવા સાથે, તે મિલકત પર કાર્યરત વીજ જોડાણ માંથી સમગ્ર વીજ વપરાશ કરી રહેલ છે, તેથી સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી લેણાં સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા અને તેની ચુકવણી અરજદાર પાસેથી વસૂલ કરવી કાયદેસર છે. આથી, અરજદારની અપીલ રદ કરીને ગ્રાહક તકરાર નિવારણ ફોરમના હુકમને યથાવત રાખવા નામદાર વિદ્યુત લોકપાલને વિનંતી કરવામાં આવેલ છે.

૪.૬. વિદ્યુત લોકપાલ સમક્ષનાં હાલનાં કેસનાં અરજદાર દ્વારા સમયાંતરે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ દાખલ કરેલ કેસનાં ચુકાદાની વિગતો નીચે મુજબ છે.

(૧) અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (કોર્પોરેટ ફોરમ), ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ ખાતે અરજી કરેલ, જેને કેસ નં.સી/૦૯/૨૦૨૫-૨૬થી નોંધવામાં આવેલ. સુનાવણી બાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (કોર્પોરેટ ફોરમ) દ્વારા પત્ર નં. CGRF-AHD/C/09/2025-26/7175નાં તા.૧૪.૧૧.૨૦૨૫થી નીચે મુજબ હુકમ આપવામાં આવ્યો.

"...

<u>હુકમ</u>

- *ફરિયાદીની ફરિયાદ નામંજુર કરવામાં આવે છે.*
- *સામાવાળા કંપની દ્વારા સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં હાલની કાર્યરત સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવા અંગે સામાવાળા કંપનીએ સપ્લાય કોડ-૨૦૧૫ ના ક્લોઝ-૮.૫ હેઠળ આપેલ નોટીસ અંગે કરેલ કાર્યવાહી રેગ્યુલેશન્સની જોગવાઇઓ અન્વયે યોગ્ય છે.*
- *ફરિયાદીએ સર્વિસ નં.૨૧૯૬૬૮ ના બાકી લેણાં સામાવાળા કંપનીમાં ભરપાઇ કરવાના રહેશે.*
- *આ સાથે ફરિયાદીની ફરિયાદનો નિકાલ થયેલ જાહેર કરવામાં આવે છે.*

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૪/૧૧/૨૦૨૫

S/d.	*S/d.*
બિધાન શાહ	*અવિનાશ ગુપ્તા*
અધ્યક્ષ	*ઇન્ડિપેન્ડન્ટ મેમ્બર*

S/d.	-	*S/d.*
વસંત સુથાર	*કક્ષા પંચાલ*	*કૌશિલ મહેતા*
ગ્રાહકના પ્રતિનિધિ	*પ્રોઝ્યુમરના પ્રતિનિધિ*	*ફાઇનાન્સ સભ્ય"*
સભ્ય	*સભ્ય*	

(૨) અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (કોર્પોરેટ ફોરમ), ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ ખાતે અરજી કરેલ, જેને કેસ નં.સી/૦૪/૨૦૨૫-૨૬થી નોંધવામાં આવેલ. સુનાવણી બાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (કોર્પોરેટ ફોરમ) દ્વારા પત્ર નં. CGRF-AHD/C/04/2025-26/4767નાં તા.૩૦.૦૭.૨૦૨૫થી નીચે મુજબ હુકમ આપવામાં આવ્યો.

"...

<u>હુકમ</u>

- *ફરિયાદીની ફરિયાદ નામંજુર કરવામાં આવે છે.*
- *સામાવાળા કંપની દ્વારા સર્વિસ નં.૧૪૦૩૧૮૪ ના બાકી બીલનાં લેણાં અંગે કરેલ કાર્યવાહી રેગ્યુલેશન્સની જોગવાઇઓ અન્વયે યોગ્ય છે અને ફરિયાદીએ સદર ભરેલ નાણાં ફરિયાદીને પરત કરવાપાત્ર નથી.*
- *આ સાથે ફરિયાદીની ફરિયાદનો નિકાલ થયેલ જાહેર કરવામાં આવે છે.*

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૯/૦૭/૨૦૨૫

S/d.	*S/d.*
વિધાન શાહ	*અવિનાશ ગુપ્તા*
અધ્યક્ષ	*ઇન્ડિપેન્ડન્ટ મેમ્બર*

S/d.	*S/d.*	*S/d.*
વસંત સુથાર	*કક્ષા પંચાલ*	*કૌશિલ મહેતા*
ગ્રાહકના પ્રતિનિધિ	*પ્રોઝ્યુમરના પ્રતિનિધિ*	*ફાઇનાન્સ સભ્ય"*
સભ્ય	*સભ્ય*	

(૩) અરજદાર દ્વારા અગાઉ પણ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ટોરેન્ટ પાવર લિમિટેડ, અમદાવાદ ખાતે અરજી કરેલ, જેને કેસ નં.૦૩/૨૦૨૪થી નોંધવામાં આવેલ. સુનાવણી બાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા તા.૦૯.૦૨.૨૦૨૪થી નીચે મુજબ હુકમ આપવામાં આવ્યો.

"...

<u>હુકમ</u>

- *ફરિયાદીની ફરિયાદ નામંજુર કરવામાં આવે છે.*
- *આમ, રેગ્યુલેશન્સની જોગવાઈ અનુસાર સવાલવાળી જગ્યા પર સર્વિસ નં.૨૧૯૬૬૮ના બાકી નિકળતા લેણાં ફરિયાદી દ્વારા ભરપાઈ થયેથી સામાવાળા દ્વારા સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં વીજભાર વધારાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.*
- *આ સાથે ફરિયાદીની ફરિયાદનો નિકાલ થયેલ જાહેર કરવામાં આવે છે.*
- ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

S/d.	*S/d.*	*S/d.*
નિરંજન એમ. વ્યાસ	*શોભના ડી. ત્રિવેદી*	*બિધાન આઇ. શાહ*
પ્રમુખ	*સભ્ય*	*સભ્ય*

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૯/૦૨/૨૦૨૪"

૪.૭. વિદ્યુત લોકપાલ સમક્ષનાં હાલનાં કેસમાં લાગુ પડતી કલમો અને સેક્શનો નીચે મુજબ છે, જેને વંચાણે લઇ શકાય.

(૧) The Electricity Act, 2003 અંતર્ગત નીચે મુજબની સેક્શનોને વંચાણે લઇ શકાય.

"Section 56. (Disconnection of supply in default of payment): --

(1) Where any person neglects to pay any charge for electricity or any sum other than a charge for electricity due from him to a licensee or the generating company in respect of supply, transmission or distribution or wheeling of electricity to him, the licensee or the generating company may, after giving not less than fifteen clear days' notice in writing, to such person and without prejudice to his rights to recover such charge or other sum by suit, cut off the supply of electricity and for that purpose cut or disconnect any electric supply line or other works being the property of such licensee or the generating company through which electricity may have been supplied, transmitted, distributed or wheeled and may discontinue the supply until such charge or other sum, together with any expenses incurred by him in cutting off and reconnecting the supply, are paid, but no longer:

Provided that the supply of electricity shall not be cut off if such person deposits, under protest, -

(a) an amount equal to the sum claimed from him, or

(b) the electricity charges due from him for each month calculated on the basis of average charge for electricity paid by him during the preceding six months,

whichever is less, pending disposal of any dispute between him and the licensee.

(2) Notwithstanding anything contained in any other law for the time being in force, no sum due from any consumer, under this section shall be recoverable after the period of two years from the date when such sum became first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied and the licensee shall not cut off the supply of the electricity."

"Section 171. (Services of notices, orders or documents): ---

(1) Every notice, order or document by or under this Act required, or authorised to be addressed to any person may be served on him by delivering the same after obtaining signed acknowledgement receipt therefor or by registered post or such means of delivery as may be prescribed -

(a) where the Appropriate Government is the addressee, at the office of such officer as the Appropriate Government may prescribe in this behalf;

(b) where the Appropriate Commission is the addressee, at the office of the Appropriate Commission;

(c) where a company is the addressee, at the registered office of the company or, in the event of the registered office of the company not being in India, at the head office of the company in India;

(d) where any other person is the addressee, at the usual or last known place of abode or business of the person.

(2) Every notice, order or document by or under this Act required or authorised to be addressed to the owner or occupier of any premises shall be deemed to be properly addressed if addressed by the description of the owner or occupier of the premises (naming the premises), and may be served by delivering it, or a true copy thereof, to some person on the premises, or if there is no person on the premises to whom the same can with reasonable diligence be delivered, by affixing it on some conspicuous part of the premises."

"Section 175. (Provisions of this Act to be in addition to and not in derogation of other laws):

The provisions of this Act are in addition to and not in derogation of any other law for the time being in force."

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડ્સમેન(પ્રથમ સુધારા), વિનિમયો-૨૦૨૩, જાહેરનામા નં.૩/૨૦૨૩ અંતર્ગત નીચે મુજબની કલમોને વંચાણે લઇ શકાય.

"કલમ નં.૧.૫(ગ): 'ફરિયાદી' એટલે (ક) તેના કાયદેસર વારસો કે ઉત્તરાધિકારીઓ સહિત કોઇપણ ગ્રાહક(કો) અને/ અથવા પ્રોઝ્યુમર (પ્રોઝ્યુમર્સ), જેને પરવાનેદાર સામે ફરિયાદ હોય અને તે તેણે સીધે સીધી અથવા તેમના પ્રતિનિધિ મારફત ફરિયાદ દાખલ કરી હોય; અથવા (ખ) તત્સમયે અમલમાં હોય તે કાયદા અન્વયે નોંધણી કરાયેલ કોઇપણ સ્વૈચ્છિક ગ્રાહક એસોસિએશન કે એસોસિએશન્સના અને જેઓ ગ્રાહકોના વિશાળ હિતમાં ફરિયાદ કરે; અથવા (ગ) કોઇપણ ગ્રાહક(કો)/સ્વૈચ્છિક ગ્રાહક એસોસિએશન (એસોસિયેશન્સ), જ્યાં પરવાનેદાર આવા ગ્રાહક(કો)/સ્વૈચ્છિક ગ્રાહકો એસોસિએશન (એસોસિયેશન્સ)ની ફરિયાદ નોંધે નહિ અથવા નોંધવામાં નિષ્ફળ રહ્યા હોય; અથવા (ઘ) જેનું વીજળી જોડાણ કાપી નાખવામાં આવ્યું હોય તેવી કોઇપણ વ્યક્તિ; અથવા (ચ) વીજળી પુરવઠા માટે નવા જોડાણ માટેનો અરજદાર હોય (તેવી વ્યક્તિ)."

"કલમ નં.૧.૫(ચ): 'ફરિયાદ' એટલે ફરિયાદી એ લેખિતમાં તેમજ ઇ-મેઇલ અને ટ્રેસિમલ પધ્ધતિથી, અથવા ફરિયાદ દાખલ કરવા પરવાનેદારે નિર્દિષ્ટ કરેલા નંબરો હોય તો તેના પર મૌખિક રીતે ફોન કરીને, અથવા ફરિયાદ દાખલ કરવા માટે પરવાનેદારે નામ નિર્દિષ્ટ કરેલ પરવાનેદારની કચેરીઓમાં રૂબરૂ મુલાકાત લઇને પરવાનેદારને કરેલી કોઇપણ ફરિયાદ, જેમાં મર્યાદા વિના નીચેની બાબતો ને લગતી ફરિયાદોનો સમાવેશ થાય છે.

(૧) આયોગ દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ, પરવાના અને/અથવા કોઇપણ કરાર કે સમજૂતી અનુસાર અથવા પરવાનેદારોની કામગીરીના ધોરણો સંબંધમાં પરવાનેદાર બનાવવાની હાથ ધરેલી કામગીરીની કોઇપણ ભૂલ, અપૂર્ણતા, ગુણવત્તા, સ્વરૂપ અને રીતમાં કોઇપણ ભૂલ, અપૂર્ણતા, ખામી અથવા અપર્યાપ્તતા.

(૨) પરવાનેદારે વીજળી સેવા પૂરી પાડવામાં અપનાવેલ કોઇપણ અનુચિત વેપાર-પ્રથા કે પ્રતિબંધક વેપાર પધ્ધતિ.

(૩) પ્રસ્તુત કાયદા અન્વયે અથવા શાણપણભરી ઉદ્યોગ પધ્ધતિ દ્વારા સ્થાપિત, સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા ઠરાવ્યા મુજબ સલામતી સંહિતા, નિયમો અને વિનિયમો સહિત લાગુ પડતા કોઇપણ કાયદાની જોગવાઇઓનો ભંગ કરીને, લોકોના ઉપયોગ માટે અપાતી વીજળી સેવાઓ, જેના પરિણામો, મનુષ્યોની જિંદગી અને સલામતી, પશુધન કે સંબંધિત જોખમ અને ભયમાં મુકાય."

"કલમ નં.૩.૧૯: નીચેની બધી શરતો પરિપૂર્ણ કરવામાં આવે તો જ ઓમ્બુડ્સમેન રજૂઆતો દાખલ કરશે.

૧. ફરિયાદી (નારાજ ગ્રાહક) દ્વારા દાખલ કરવામાં આવી હોય, શંકા દૂર કરવા, પરવાનેદારને, ફોરમના હુકમ સામે ઓમ્બુડસમેન સમક્ષ રજૂઆત કરવાની છૂટ નથી.

૨. ફરિયાદીને ઓમ્બુડસમેન પાસે રજૂઆત કરતા પહેલાં, ફરિયાદના નિવારણ માટે, અધિનિયમની કલમ-૪૨ ની પેટા-કલમ ૫ અન્વયે રચાયેલ સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમ પાસે ગયેલ હોય.

૩. સમાન ફરિયાદ સંબંધમાં ફરિયાદી દ્વારા કરાયેલી રજૂઆત, (૧) આ વિનિયમોના ખંડ ૨.૪૬માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે કંપની લેવલ ફોરમ (૨) કોઇ અદાલત (૩) ટ્રિબ્યુનલ (૪) મધ્યસ્થી (૫) બીજી કોઇ સત્તામંડળની સામે કાર્યવાહી માટે નિકાલ બાકી ન હોય, અથવા આવા સત્તામંડળ દ્વારા કોઇ હુકમનામું, ચુકાદો કે આખરી હુકમ પસાર કરવામાં ન આવ્યો હોય.

૪. ફરિયાદીને, સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમે કરેલ ફરિયાદ નિવારણથી સંતોષ ન થયો હોય અથવા

સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમે ફરિયાદનો ઇન્કાર કર્યો હોય અથવા નિર્દિષ્ટ સમય-મર્યાદામાં હુકમ ન કર્યો હોય અથવા વિતરણ પરવાનેદારે નિર્દિષ્ટ સમય-મર્યાદામાં સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમના હુકમનો અમલ ન કર્યો હોય.

૫. *ફરિયાદીએ, સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમના હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર અથવા જેનો સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમે હુકમ બહાર પાડવો જરૂરી હોય તે મુદત પૂરી થવાની તારીખના ૧૫ દિવસની અંદર અથવા વિતરણ પરવાનેદારે સર્કલ/ઝોનલ લેવલ ફોરમ અને/અથવા કંપની લેવલ ફોરમનો હુકમ અમલમાં મુકવાની મુદત પૂરી થવાની તારીખના ૧૫ દિવસની અંદર, જે લાગુ પડે તે પ્રમાણે, ઓમ્બુડસમેન સમક્ષ રજૂઆત કરવી.*

પરંતુ, ઓમ્બુડસમેનને ખાતરી થાય કે તે સમયગાળામાં રજૂઆત ન કરવા માટે પૂરતું કારણ છે, તો ઓમ્બુડસમેન ૧૫ દિવસની સદરહુ મુદત પૂરી થયા પછી રજૂઆતને સ્વીકારી શકશે.

૬. *રજૂઆત, અધિનિયમની કલમો ૧૨૬, ૧૨૭, ૧૩૫ થી ૧૩૯, ૧૫૨ અને ૧૬૧ અન્વયે આવતી ન હોય.*

૭. *વિતરણ પરવાનેદાર પાસેથી વળતરનો હકદાવો કરનાર ફરિયાદીએ, આયોગ, વખતોવખત નક્કી કરે તે પ્રમાણે આવી ફી ચૂકવી હોય.*

૮. *ફરિયાદીએ, પરવાનેદાર પાસે, જરૂરી હોય તો, ફોરમના હુકમના સંદર્ભમાં એક તૃતીયાંશ રકમ અનામત કરાવી હોય અને ચૂકવણીનો પુરાવો રજૂ કર્યો હોય."*

(૩) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડ્સમેન, વિનિમયો-૨૦૧૯, જાહેરનામા નં.૨/૨૦૧૯ અંતર્ગત નીચે મુજબની કલમોને વંચાણે લઇ શકાય.

"કલમ નં.૨.૩૩: ફરિયાદીને નીચેના કોઈપણ કેસોનાં ફોરમ પાસે જવા હકદાર ગણાશે નહીં.

૧. *સમાન બાબત સંબંધમાં અને સમાન ફરિયાદી અને પરવાનેદારની વચ્ચેની બાબતો અંગેના કેસો કે જેની કાર્યવાહી કોઈ અદાલત, ટ્રિબ્યુનલ, લવાદ કે બીજા કોઈ તંત્ર પાસે નિકાલ બાકી હોય અથવા આવી કોઈ અદાલત, ટ્રિબ્યુનલ, દલાલ કે તંત્ર દ્વારા હુકમનામું, નિર્ણય કે આખરી હુકમ પસાર કરાયો હોય.*

૨. *જે કેસો અધિનિયમની કલમો ૧૨૬, ૧૨૭, ૧૩૫ થી ૧૩૯, ૧૫૨ અને ૧૬૧ હેઠળ આવતા હોય.*

૩. *ફરિયાદો નીચે મુજબની હોય.*

ક. વ્યર્થ, કષ્ટદાયક, બદઈરાદાયુક્ત

ખ. કોઈ પૂરતા કારણ વિનાની

ગ. ફરિયાદીને પ્રથમ નજરે ખોટ કે નુકશાન કે અગવડ પડી ન હોય,

પરંતુ, ફરિયાદીને સાંભળવાની તક આપ્યા વિના કોઈપણ ફરિયાદનો ઈન્કાર કરાશે નહીં."

"કલમ નં.૨.૩૭: ફોરમ, ફરિયાદમાં નામ આપેલ પરવાનેદારના સંબંધિત અધિકારી અથવા કર્મચારી/કર્મચારીઓ/વિભાગને (પ્રતિવાદી પક્ષ) ફરિયાદની નકલ મોકલશે."

"કલમ નં.૨.૩૮: પ્રતિવાદી પક્ષ, ફરિયાદ મળ્યા ના ૭ દિવસની અંદર ફોરમ ને ફરિયાદ અંગે ફકરાવાર મંતવ્યો મોકલશે, તેમ કરવામાં નિષ્ફળ જાય તો ફોરમ રેકર્ડ પર ઉપલબ્ધ સામગ્રીને આધારે આગળ કાર્યવાહી કરશે."

"કલમ નં.૩.૪૬: ઓમ્બુડસમેનના આદેશો આખરી અને પક્ષકારોને બંધનકર્તા બનશે. કોઇ પક્ષકાર, આદેશ સામે આયોગ સમક્ષ અપીલ ફાઇલ કરી શકશે નહીં. આમ છતાં ફરિયાદી અને પરવાનેદારની ન્યાય-સંસ્થાઓ સમક્ષ અપીલ દાખલ કરવાના અધિકારો સુરક્ષિત રહેશે."

(૪) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ ગુજરાત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો, વિનિયમો-૨૦૧૫, જાહેરનામા નં.૪/૨૦૧૫ અંતર્ગત નીચે મુજબની કલમોને વંચાણે લઇ શકાય.

"કલમ નં.૨.૩(૩): 'અરજદાર' અધિનિયમ અને પુરવઠા સંહિતાની જોગવાઇઓ, નિયમો અને તેના હેઠળ બનાવેલ વિનિયમો અથવા અન્ય સેવાઓ મુજબ કોઇ જમીન/જગ્યા માલિક કે કબજેદાર કે જેણે વિદ્યુત પુરવઠા માટે, મંજુર વીજભાર/કરાર માંગમાં વધારો કે ઘટાડો કરાવવા, નામમાં ફેરફાર, જોડાણ કાપવું અને પુન:જોડાણ કરવું અથવા કરારની સમાપ્તિ માટે વીજ પરવાનેદાર સમક્ષ અરજી પત્રક રજુ કરેલ હોય, તેનો ઉલ્લેખ કરે છે."

"કલમ નં.૨.૩(૧૮): 'ગ્રાહક' કોઇ પણ વ્યક્તિ કે, જેને વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ હેઠળ, પરવાનેદાર અથવા સરકાર અથવા સમયગાળા માટે અમલી એવા અન્ય કાયદા હેઠળ, પોતાના ઉપયોગ માટે અથવા પ્રજાને વિદ્યુત પૂરી પાડવાના ધંધામાં રોકાયેલી હોય તેવી વ્યક્તિ દ્વારા, વિદ્યુત પૂરી પાડવામાં આવતી હોય, અને તેવી વ્યક્તિઓનો પણ સમાવેશ કરવામાં આવે છે જેઓની જગ્યામાં સમયગાળા માટે પરવાનેદાર અથવા સરકાર અથવા તો તેવી અન્ય વ્યક્તિ દ્વારા વિદ્યુત જોડાણ આપવામાં આવ્યું હોય, તેનો ઉલ્લેખ કરે છે..."

"કલમ નં.૨.૩(૪૯): 'કબજેદાર' એટલે જ્યાં વીજળી વપરાતી હોય અથવા વાપરવા વિચારાયું હોય તે જગ્યાનો કબ્જો ધરાવનાર માલિક કે વ્યક્તિ, તેનો ઉલ્લેખ કરે છે."

"કલમ નં.૨.૩(૫૪): *'જગ્યા' જેમાં જમીન, મકાન, કે બાંધકામ અથવા ભાગ કે તેનાં સંયોજનો, જેના માટે વીજપુરવઠા પુરો પાડવા માટે પરવાનેદારે કરેલ અલગ મીટર કે મીટર વ્યવસ્થા કરેલ હોય તેનો સમાવેશ થાય છે. ખેતીવાડી જોડાણની બાબતમાં, જગ્યા એટલે પાણીના સ્ત્રોત કે જેના માટે પરવાનેદારે વિજપૂરવઠો અથવા જોડાણ આપેલ હોય અથવા આપવાનો ઇરાદો રાખેલ હોય."*

"કલમ નં.૪.૬: *અરજદાર એવી હયાત મિલકતની ખરીદી કરે કે ખરીદવાનો ઇરાદો રાખે કે જેનું વીજ જોડાણ કપાઇ ગયું હોય તો તેની, આગલા માલિકે પરવાનેદારની તમામ બાકી ચૂકવી છે તેની ખરાઇ કરાવવાની અને તેની પાસેથી 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવવું એ અરજદારની ફરજ છે. મિલકતની માલિકીની ફેરબદલી પહેલાં આગલા માલિકે 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો.*
પરવાનેદારે આવી વિનંતીની પહોંચ આપવાની રહેશે અને જગ્યા પર કોઇ રકમ બાકી નીકળતી હોય તો લખાણમાં જાણ કરવાની અથવા 'કોઇ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર' આવી અરજી મળ્યાની તારીખથી ૧ મહિનામાં આપવાનું રહેશે."

"કલમ નં.૪.૧૬: *જગ્યાની માલિકી કે કબ્જા હક્ક માટે નીચેના દસ્તાવેજો સાબિતી તરીકે સ્વીકાર્ય ગણાશે.*

(૧) *નોંધણી કરાયેલ વેચાણખત કે પટ્ટાખતની નકલ અથવા ખેતીવાડી જોડાણના કેસમાં ૭/૧૨, ૮-એ અને હક્ક પત્રક (૬-એ) ની નકલ.*

(૨) *નગરપાલિકા વેરાની છેલ્લી પહોંચ અથવા માંગ નોટિસ અથવા બીજા કોઇ સંબંધિત દસ્તાવેજ.*

(૩) *ફાળવણી પત્ર.*

(૪) *ગ્રામ કક્ષાના સરકારી પદાધિકારીએ આપેલ માલિકી પ્રમાણપત્ર.*

(૫) *અરજદાર, જે મકાનનો માલિક નહીં પણ કબજેદાર હોય, તેણે ઉપરના (૧) થી (૩) માં દર્શાવેલ કોઈપણ એક દસ્તાવેજની સાથે, જગ્યા માલિક પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે. સિવાયકે, તેને મકાન માટે લાંબા પટ્ટે ભાડૂત તરીકે મંજૂરી મેળવી હોય, જગ્યા માલિક પાસેથી કોઈપણ કારણ(ણો)સર "ના વાંધા પ્રમાણપત્ર" ન મળે ત્યાં, વિતરણ પરવાનેદારે નિયત કરેલ, નુકશાન સામેની ચુકવણીનો કરાર રજૂ થયે કે જેમાં વિતરણ પરવાનેદાર તેને સર્વિસ જોડાણ આપવાને પરિણામે ઉભી થયેલ તકરારને કારણે થનારાં નુકશાન સામે રક્ષણ આપેલ હોય, ત્યારે નવું વીજ જોડાણ આપી શકાશે."*

"કલમ નં.૪.૩૦: નવા જોડાણ, પુનર્જોડાણ, વીજભારમાં વધારો કે ઘટાડો, નામમાં ફેરફાર અથવા કોઇ જગ્યા માટે સર્વિસ લાઇન ખસેડવા માટેની અરજી, તે જગ્યાના સંબંધીત કોઇ લેણાં અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઇપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઇ સર્વિસ જોડાણના સંબંધમાં કોઇ બાકી રકમ, ચુકવવામાં આવશે નહીં, ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉનાં લેણાં વસૂલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપૂરી કે આંશિક રકમ મળે તે કેસમાં, આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/માલિક કે કબજેદારને રકમ પાછી અપાશે."

"કલમ નં.૪.૬૪: પરવાનેદાર, અરજી પત્રક અને સાથે જોડેલા દસ્તાવેજોની ખરાઇ કરશે અને ખામીપૂર્ણ જણાશે તો અરજી પત્રકમાં રહેલી ખામીઓ અંગે તુરત જ લેખિત નોંધ મોકલવાની રહેશે. જો અરજી પત્રક, સંપૂર્ણ હોય તો પરવાનેદાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(પુરવઠો પુરો પાડવા કરેલું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા) વિનિયમો, ૨૦૦૫ અને તેના સુધારા અનુસાર નોંધણી ખર્ચ સ્વીકારીને તેની પહોંચ આપશે."

"કલમ નં.૪.૧૧૨: વિતરણ પરવાનેદાર, અથવા તેના દ્વારા અધિકૃત કોઇ વ્યક્તિ કોઇ પણ વાજબી સમયે, અને ગ્રાહકને તેમના હેતુની જાણ કરીને જે જગ્યામાં તેના દ્વારા વીજળી પુરી પાડવામાં આવે છે કે આવી કોઇ જગ્યા કે જમીન નીચે, તેમાં પસાર કરીને અંદર કે ઉપર, તેની સાથે કે આરપાર વીજળી પૂરવઠા લાઇનો કે અન્ય બાંધકામ કાયદેસર રીતે નીચેના હેતુઓ માટે તેના દ્વારા મુકવામાં આવ્યા હોય:

...(૩) જ્યાં હવે વીજળી પુરી પાડવાની જરૂર નથી, કે જ્યાં વિતરણ પરવાનેદાર આવો પ્રવાહ કાપી નાખવા અને પરત લઇ જવા માટે અધિકૃત હોય, તેવી વિદ્યુત પ્રવાહની લાઇનો, મીટર, ફિટિંગ્સ, બાંધકામ કે ઉપકરણો જે વિતરણ પરવાનેદારની માલિકીના હોય તેમને ખસેડવાનાં હોય."

"કલમ નં.૪.૧૧૩: વિતરણ પરવાનેદાર, અથવા તેના કોઇ સદરહુ અધિકૃત વ્યક્તિ એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલા ખાસ આદેશ દ્વારા અને ૨૪ કલાકથી ઓછી નહીં તેવી મુદતની લેખિત નોટિસ કબ્જેદારને આપીને;

(૧) કલમ ૪.૧૧૨માં નિર્દિષ્ટ કોઇપણ જગ્યામાં કે જમીનમાં તેમાં દર્શાવેલ કોઇ પણ હેતુ માટે પ્રવેશ કરી શકશે.

(૨) કોઇ પણ જગ્યામાં જ્યાં તેમના દ્વારા વિદ્યુત પુરવઠો આપવાનો હોય, કે જ્યાં ગ્રાહકની માલિકીનાં વીજ વપરાશ માટેનાં ઇલેક્ટ્રીક વાયર, ફિટિંગ્સ, બાંધકામ અને ઉપકરણોને તપાસવા નિરીક્ષણ કરવાના હેતુ માટે પ્રવેશ કરી શકશે."

"કલમ નં.૮.૩: નીચેના કેસોમાં પૂરવઠો કામચાલુ બંધ કરી શકાશે:

(૧) પરવાનેદારની બાકી રકમની બિન-ચુકવણી સમયે: બાકી રકમ ચૂકવવામાં કસૂર કરનાર કોઇપણ ગ્રાહકને આવી બાકી રકમ ચૂકવવાની ૧૫ કામકાજનાં દિવસની નોટિસ મુદત આપ્યા પછી અધિનિયમની કલમ-૫૬ અનુસાર લેખિતમાં જોડાણ છુટું કરવાની પરવાનેદાર નોટિસ આપશે. ત્યારબાદ પરવાનેદાર દર્શાવેલ નોટિસ મુદત પૂરી થતાં તેને ઠીક લાગે તે પ્રમાણે સર્વિસ લાઇન/મીટર દૂર કરીને ગ્રાહકનું વીજ-સ્થાપનનું જોડાણ કપાત કરશે.

...

(૪) ગ્રાહક કોઇપણ સમયે વીજ ઉપયોગનો જે ઇરાદો રખાયો હોય/વીજળી પૂરી પડાઇ હોય તે સિવાયના અન્ય હેતુ માટે ઉપયોગ કરતો હોવાનું અથવા પોતાના જગ્યામાં પરવાનેદારના મીટર અને/અથવા સાધનો સાથે ચેડાં કરતાં હોવાનું જણાય અથવા પોતાના જોડાણમાંથી બીજી કોઇ જગ્યામાં વીજળી લાઇન વિસ્તાર/પૂરવઠાની છૂટ આપેતો,"

"કલમ નં.૮.૫: પરવાનેદાર, ગ્રાહકોનું અનધિકૃત પુર્નજોડાણ અટકાવવા જોડાણ કપાત કરવાના પગલાં ઉપર વર્ણવેલ રીતે લેશે. જ્યારે પરવાનેદાર શોધી કાઢે કે જોડાણને અનઅધિકૃત રીતે ફરી જોડાણ કરવામાં આવ્યું છે, ત્યાં પરવાનેદાર અધિનિયમની કલમ-૧૩૮ની જોગવાઇ અનુસાર કાર્યવાહી શરૂ કરશે. વધુમાં પરવાનેદાર શોધી કાઢે કે આવી જગ્યામાં પૂરવઠો અન્ય ચાલુ જોડાણમાંથી પુર્નસ્થાપિત કરાયો છે તો તેવા કિસ્સામાં દર્શાવેલ કપાત કરેલ જોડાણની તમામ બાકી નીકળતી રકમો આવા ચાલુ જોડાણના ખાતામાં તબદીલ કરાશે અને આવી તબદીલ કરાયેલ બાકી રકમની ચૂકવણી નહીં કરાય તો તેની પ્રક્રિયા ખંડ ૮.૩(૧) પ્રમાણે કરાશે."

"કલમ નં.૮.૬: નીચેના કેસોમાં પૂરવઠાનું જોડાણ કાયમી રીતે કપાત કરાશે.

(૧) કરાર સમાપ્ત થતાં

(૨) જે કારણસર પૂરવઠાનું જોડાણ કપાત કરાયું હોય તે કારણ નોટિસ મુદતની અંદર દૂર ન કરાયું હોય.

પરંતુ ગ્રાહકની સર્વિસ સતત ૧૮૦ દિવસ માટે બંધ રહે કે જે ગ્રાહકની વિનંતિથી કરવામાં આવેલ કામચલાઉ જોડાણ ન હોય તેવા કિસ્સામાં ૧૫ દિવસો પૂરા થતાં અથવા એગ્રીમેન્ટની પ્રારંભિક મુદત પૂરી હોય તેમાં બેમાંથી જે મોડું હોય તે પ્રમાણે લેખિત નોટિસ આપ્યેથી સમજૂતિ સમાપ્ત થઇ હોવાનું ગણવામાં આવશે, તેનાથી અધિનિયમ અન્વયે એગ્રીમેન્ટ હેઠળ બાકી નીકળતી કોઇપણ

રકમની વસુલાત માટેના પરવાનેદાર અથવા ગ્રાહકના હકો પર વિપરિત અસર પડશે નહિ."

"કલમ નં.૯.૧૪: *અધિનિયમની કલમ-૫૬ હેઠળની નોટિસ સહિત પરવાનેદાર દ્વારા ગ્રાહકને આપેલી કોઇપણ હુકમ/નોટિસ, ગ્રાહક દ્વારા પરવાનેદારને જણાવેલ સરનામે રહેતી વ્યક્તિને હાથોહાથ આપવામાં આવે કે ગ્રાહકના સાચા ટપાલ સરનામે રજીસ્ટર્ડ ટપાલથી મોકલવામાં આવે તો તેની યોગ્ય રીતે બજવણી કરી હોવાનું ગણાશે.*

પરંતુ વ્યક્તિગત ગ્રાહકના કેસમાં, ગ્રાહકના પતિ/પત્નિ કે તેના અધિકૃત પ્રતિનિધિને અને પેઢી, કંપની કે નિગમના કેસમાં મેનેજીંગ ડિરેક્ટર, ડિરેક્ટર કે મુખ્ય અધિકારી કે આવી પેઢીની અધિકૃત વ્યક્તિને બજાવેલી નોટિસ આ સંહિતાના હેતુ માટે યોગ્ય બજવણી કરાયેલ છે તેમ ગણવામાં આવશે."

"કલમ નં.૯.૨૦: *આ સંહિતા હેઠળની જોગવાઇઓ, અમલમાં હોય તેવા કોઇપણ નિયંત્રણો અને હુકમો ઉપરાંત ૨૦૦૩ના વીજળી અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓના તમામ બાબતોમાં સંબંધ હોવા તરીકે વાંચવી અને તેનું અર્થઘટન કરવું. આ વિનિયમોમાં સમાવિષ્ટ કોઇપણ બાબત, અમલમાં હોય તેવા કોઇપણ અધિનિયમ કે કાયદા અન્વયે વિતરણ પરવાનેદાર અને ગ્રાહકના હક્કો કે ઉપાયોને ઘટાડશે નહીં કે બાધક બનશે નહીં."*

(૫) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જારી કરાયેલ વિતરણ પરવાનેદારની કામગીરીના ધોરણ, વિનિયમો-૨૦૨૩, જાહેરનામા નં.૨/૨૦૨૩ અંતર્ગત નીચે મુજબની કલમને વંચાણે લઇ શકાય.

"કલમ નં.૪.૫: *જરૂરી દસ્તાવેજો અને જરૂરી ફીની ચૂકવણી સાથે સંપૂર્ણ અરજી પ્રાપ્ત થયા પછી, નામમાં ફેરફાર અથવા માલિકીમાં ફેરફારના સંદર્ભમાં સેવા જોડાણનું (ટ્રાન્સફર) સ્થાનાંતરણ અસરમાં આવશે અને ૭ (સાત) દિવસની અંદર ગ્રાહકને જાણ કરવામાં આવશે."*

૪.૮. બંને પક્ષકારોની વિગતવાર રજૂઆતો, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (CGRF) દ્વારા આપવામાં આવેલ હુકમ, સપ્લાય કોડ, ૨૦૧૫ તથા ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈઓ અને રેકર્ડ પર ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાનમાં લઈ, નામદાર વિદ્યુત લોકપાલ સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ વિચારણા માટે ઉપસ્થિત થાય છે.

૧. શું વિદ્યુત લોકપાલ સમક્ષ દાખલ કરાયેલ હાલની અપીલ મેઈન્ટેનેબલ છે?

૨. શું સપ્લાય કોડ, ૨૦૧૫નાં ક્લોઝ નં.૮.૫ હેઠળ કપાયેલ સર્વિસ નં.૨૧૯૬૬૮નાં બાકી લેણાં કાર્યરત સર્વિસ નં.૧૪૩૦૯૧૧માં ઉધારવાનું સામાવાળા વીજ કંપનીનું કૃત્ય કાયદેસર છે?

૩. શું તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ બાદ ફરીથી તા.૦૩.૧૦.૨૦૨૫નાં રોજ સમાન મુદ્દે નોટિસ આપી શકાય? અને ફરીવાર આપેલ નોટિસ કાયદાકીય રીતે યોગ્ય ગણાય?

૪. શું ડિસકનેક્શન, PDC તથા અન્ય પ્રક્રિયાત્મક ખામીઓનાં આધારે અરજદારને બાકી લેણાં માંથી મુક્તિ મળવી જોઈએ?

૫. શું સિવિલ સુટ ન દાખલ કરવાના કારણે ક્લોઝ નં.૮.૫ હેઠળની કાર્યવાહી ગેરકાયદેસર ઠરાવી શકાય?

૪.૯. ઉપરોક્ત ઉપસ્થિત મુદ્દાઓ અંતર્ગત સપ્લાય કોડ, ૨૦૧૫, ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઈઓ, અગાઉના વિદ્યુત લોકપાલના હુકમો અને ઉપલબ્ધ રેકર્ડ પરથી હું નીચે મુજબના તારણો પર આવું છું.

(૧) પેરા નં.૪.૮(૧) અંગે રેકર્ડ પરથી જણાય છે કે સામાવાળા વીજ કંપનીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને વિદ્યુત લોકપાલ વિનિયમ ૨૦૧૯નાં ક્લોઝ નં.૩.૧૯(viii) મુજબ ૧/૩ રકમ જમા કરાવવાની પૂર્વશરત અંગે વાંધો ઉઠાવ્યો છે. આ અંગે મારું માનવું છે કે, હાલનાં કેસમાં વિવાદ માત્ર બાકી રકમનાં પરિમાણ અંગેનો નહીં પરંતુ સપ્લાય કોડનાં ક્લોઝ નં.૮.૫ હેઠળ બાકી લેણાં ઉધારવાની કાયદેસરતા અંગેનો છે. અગાઉનાં વિદ્યુત લોકપાલનાં હુકમો કેસ નં.૩૩/૨૦૨૫ તથા તેનાં રીવ્યુ કેસ નં.૪૦/૨૦૨૫માં આવાં સંજોગોમાં અપીલને મેન્ટેનેબલ માનવામાં આવી છે. આથી, હાલની અપીલ મેન્ટેનેબલ હોવાનું ઠરાવવામાં આવે છે.

(૨) પેરા નં.૪.૮(૨) અંગે સપ્લાય કોડ, ૨૦૧૫નાં ક્લોઝ નં.૮.૫ મુજબ, જો કોઈ કપાયેલ સર્વિસની પ્રિમાઇસિસમાં વીજ પુરવઠો અન્ય કાર્યરત સર્વિસ માંથી લેવાતો જણાય, તો કપાયેલ સર્વિસનાં બાકી લેણાં તે કાર્યરત સર્વિસમાં ઉધારવા પાત્ર બને છે. હાલના કેસમાં રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે સર્વિસ નં.૨૧૯૬૬૮ બાકી લેણાંનાં કારણે કપાત થયેલ હતી અને તે જ પ્રિમાઇસિસમાં કાર્યરત સર્વિસ નં.૧૪૩૦૯૧૧ મારફતે વીજ વપરાશ ચાલુ હતો અને તે વિજ જોડાણનાં ખાતામાં ઉપરોક્ત બાકી લેણાં ઉધારવામાં આવેલ છે, જે યોગ્ય છે. સમાન પરિસ્થિતિમાં અગાઉના લોકપાલના હુકમ કેસ નં.૩૩/૨૦૨૫માં ક્લોઝ નં.૮.૫નો ઉપયોગ કાયદેસર ગણવામાં આવેલ છે. તેથી સપ્લાય કોડનાં ક્લોઝ નં.૮.૫ મુજબ બાકી લેણાં ઉધારવાનું સામાવાળા વીજ કંપનીના કૃત્યમાં કોઇ ક્ષતિ જણાતી નથી. આથી, આ મુદ્દે CGRFનો નિર્ણય યોગ્ય અને કાયદેસર હોવાનું માન્ય રાખવામાં આવે છે.

(૩) પેરા નં.૪.૮(૩) બાબતે અરજદારનું કહેવું છે કે તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસ બાદ ફરી તા.૦૩.૧૦.૨૦૨૫ની નોટિસ આપવી માન્ય નથી. પરંતુ રેકર્ડ દર્શાવે છે કે તા.૨૩.૦૯.૨૦૨૩ની નોટિસમાં દર્શાવેલ સામાવાળા વીજ કંપનીનાં બાકી લેણાં અરજદાર દ્વારા ચૂકવાયા નહોતા અને વીજ વપરાશ સતત ચાલુ રહ્યો હતો. સામાવાળા વીજ કંપની દ્વારા અપાયેલ નોટિસને અવગણીને અરજદાર (ગ્રાહક) દ્વારા બાકી લેણાં ભરવામાં ન આવે તેવા સંજોગોમાં સામાવાળા વીજ કંપની દ્વારા બીજી નોટિસ આપવાના કૃત્યમાં કોઇ ખામી જણાતી નથી. અગાઉના લોકપાલના હુકમો કેસ નં. ૩૩/૨૦૨૫ તથા રીવ્યુ કેસ નં.૪૦/૨૦૨૫ મુજબ, જ્યાં બાકી લેણાં અને ઉલ્લંઘન સતત ચાલુ હોય ત્યાં સામાવાળા વીજ કંપનીને પુનઃ નોટિસ આપવાનો અધિકાર રહે છે. આથી, તા.૦૩.૧૦.૨૦૨૫ની નોટિસ કાયદેસર છે એવું કહી શકાય.

(૪) પેરા નં.૪.૮(૪) અંગે ડિસકનેક્શન, PDC અથવા નોટિસ સર્વિસ સંબંધિત પ્રક્રિયાત્મક ખામીઓ અંગે અરજદાર દ્વારા દલીલો કરવામાં આવી છે. જો કે, અગાઉના લોકપાલના હુકમોમાં સ્પષ્ટ કરાયું છે કે જ્યાં બાકી લેણાંની હકીકત તથા વીજ વપરાશ ચાલુ હોવું સાબિત થાય છે ત્યાં માત્ર

પ્રક્રિયાત્મક ખામીઓના આધારે ગ્રાહકને સંપૂર્ણ મુક્તિ આપી શકાય નહીં. આથી, આ મુદ્દે અરજદારની દલીલો સ્વીકાર્ય નથી.

(૫) પેરા નં.૪.૮(૫) અંગે ક્લોઝ નં.૮.૫ હેઠળ બાકી લેણાં ઉધારવાની કાર્યવાહી કોઈ નવી વસુલાત નથી પરંતુ નિયમનાત્મક વ્યવસ્થા છે. અગાઉના લોકપાલના હુકમો કેસ નં.૩૩/૨૦૨૫ તથા રીવ્યુ કેસ નં.૪૦/૨૦૨૫ મુજબ, લિમિટેશન એક્ટ અથવા સિવિલ સુટ ન દાખલ કરવાના આધાર પર ક્લોઝ નં.૮.૫ હેઠળની કાર્યવાહી ગેરકાયદેસર ઠરાવી શકાય નહીં. આથી, આ દલીલ પણ અસ્વીકાર્ય છે.

૪.૧૦. આમ, ઉપરોક્ત ચર્ચા, બંને પક્ષકારોની રજૂઆતો, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા આપવામાં આવેલ હુકમ, સપ્લાય કોડ, ૨૦૧૫ તથા ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની લાગુ પડતી જોગવાઈઓ તેમજ વિદ્યુત લોકપાલના અગાઉના હુકમો કેસ નં.૩૩/૨૦૨૫ અને રીવ્યુ કેસ નં.૪૦/૨૦૨૫ને ધ્યાનમાં લઈ, અરજદાર દ્વારા દાખલ કરાયેલ અપીલ નામંજૂર કરવામાં આવે છે. ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ(કોર્પોરેટ) દ્વારા આપવામાં આવેલ હુકમ યથાવત રાખવામાં આવે છે.

૪.૧૧. આથી આ રીતે પેરા નં.૪.૧૦ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૧૨. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૪.૧૩. ઉપરોક્ત જણાવેલ કારણો મુજબ અરજદારની રજૂઆત તા.૩૦.૦૧.૨૦૨૬નાં રોજ ફેસલ કરવામાં આવે છે.

S/d.
(પી.એ.વાઘેલા)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૩૦.૦૧.૨૦૨૬.